
Fierce (ફીઅર્સ) વિકરાળ.

Confess (કન્ફેસ) કબુલ કરવું.

Wicked (ઉવિકેડ) ક્રૂર–દુષ્ટ.

Proper (પ્રૉપર) ખરેખરો; યોગ્ય.

Brahmins (બ્રાહ્મિન્સ) બ્રાહ્મણો.

Old age (ઓલ્ડ એઇજ) ઘડપણ.

Feel sorry (ફીલ સૉરી) દીલગીર છું.

To do good (ગુડ) ભલાઇનું પરોપકારનું–કામ કરવું.

To make up for=સમતોલ કરી નાંખવું; નો બદલો વાળવો.

Deeds (ડીડ્ઝ) કૃત્યો.

Alms (આમ્સ) ભિક્ષા.

Do not be afraid (અફ્રેડ) ગભરાતા નહિ.

Nails (નેઇલ્સ) નખો.

All are gone=બધા ગયા છે.

Fine (ફાઇન) મઝાની.

Desire (ડિઝાયર) ઇચ્છા.

Could wait no longer (ઉવેઇટ) વિશેષ રાહ જોઇ શક્યો નહિ.

Waded (ઉવેઇડેડ) ધીમે ધીમે ચાલ્યો.

Had stuck (સ્ટક) ચોંટી બેઠો.

Mud (મડ) કાદવ.

Could not move=ખસી શક્યો નહિ.

Come on=ચાલ્યો આવ.

Is that so ?=એમ છે ? એમ થયું છે ?

Stay=(સ્ટે) ઉભો રહે.

Where you are=જ્યાં તું છે. ત્યાંનો ત્યાં.

Fetch out (ફેચ આઉટ) બહાર કાઢ

Sprang (સ્પ્રૅન્ગ) કુદકો માર્યો.

Hungry (હંગ્રિ) ભૂખ્યો.

There was nothing left of the miser=પેલા કંજુસનું કંઇ બાકી રહ્યું નહિ; તેનો ભક્ષ થઇ ગયો.

Love of gold cost him his life=સોનાના લોભે તેણે પોતાનો જાન ગુમાવ્યો.

Grammar.

Irregular (ઇરેગ્યુલર) અનિયમિત.
Rule (રૂલ) નિયમ.
Regular (રેગ્યુલર) નિયમિત.
Do not follow=લાગુ પડતો
Common=સાધારણ.

---

21 The Brahmin and the Bheel.

Brahmin (બ્રાહ્મિન) બ્રાહ્મણ.
Bheel (ભીલ) ભીલ.
Kind hearted (કાઇન્ડ હાર્ટેડ) માયાળુ અંતઃકરણનો.
Mahratta (મરાઠા) મહારાષ્ટ્ર દેશનો રહેવાસી.
Doctor (ડૉક્ટર) દાક્તર, વૈદ.
Tribes (ટ્રાઇબ્ઝ) જાતો.
Thousands of years (થાઉઝન્ડ્ઝ) હજારો વર્ષ.
Wild (વાઇલ્ડ) જંગલી.
Can neither read nor write=લખી કે વાંચી શકતા નથી.
Live (લિવ) રહે છે.
By hunting (હન્ટિંગ) શિકાર કરીને
Are very good shots (શૉટ્સ) ઘણા સારા નિશાનબાજ હોય છે.
Bow (બો) કામઠું.
Arrows (ઍરોઝ) તીરો.
Very very few=ઘણાજ થોડા; કોઇકજ.
Cooked (કુક્ડ) રાંધતી હતી.
Meals (મીલ્સ) ભોજન.
Medicines (મેડિસિન્સ) દવાઓ; ઔષધો.
Were afraid of him (અફ્રેડ) તેનાથી બીતાં.
Kind (કાઇન્ડ) માયાળુ.
Got ill (ગૉટ ઇલ) માંદો પડતો.
To make well=સારો કરવો.
Went for a long walk= ઘણે દૂર ફરવા નીકળ્યા.
Bush (બુશ) ઝાડી.
Lovely (લવ્લિ) રમણીય, સુંદર.
Felt (ફેલ્ટ) તપાસી જોયું.
Pocket (પૉકેટ) ગજવું.
Had forgotten (ફરગૉટન) ભૂલી ગયો હતો.
Friendly (ફ્રેન્ડલિ) મિત્રભાવ રાખનારો.

Was standing by=પાસે ઉભો હતો.
Short (શૉર્ટ) ટુંકા.
Cuts (કટ્સ) માર્ગો, રસ્તાઓ.
Will get=પહોંચશે.
Mistake (મિસ્ટેઇક) ભૂલ.
Message (મૅસેજ) સંદેશો.
Picked (પિક્ડઅપ) ઉંચકી લીધો.
Charcoal (ચાર્કોલ) કોયલો.
Stone (સ્ટોન) પથરો, પત્થર.
Was lying=પડેલો હતો.
Lady (લેડિ) શેઠાણી; કુળવાન સ્ત્રી.
Say nothing (નથિંગ) કંઇ પણ કહેતો નહિ.
The stone will tell her what I want=મારે શું જોઇએ છે તે પત્થર તેને કહેશે.
Salaam (સલામ) સલામ.
Husband (હસ્બન્ડ) ધણી.
Hand-writing (હૅન્ડ રાઇટિંગ) દસ્કત; અક્ષરો.
Handed (હૅન્ડેડ) આપ્યો.
Was filled with wonder (ઉવન્ડર) આશ્ચર્ય પામ્યો.
Exclaimed (એક્સક્લેઇમ્ડ) બોલી ઉઠયા.

---

22 The Bundle of Sticks.

Bundle (બંડ્લ) ભારો.
Sticks (સ્ટિક્સ) લાકડીઓ.
Though (ધો) અગર જો.
Sturdy (સ્ટર્ડિ) મજબુત.
Hated (હેઇટેડ) ધિક્કારતા.
One another=એક બીજાને.
Quarrelled (ક્વૉરલ્ડ) લડતા.
Daily (ડેઇલિ) દરરોજ.
Felt=લાગ્યું.
Could not live in peace (પીસ) શાંતિમાં રહી શકે નહિ.
Quarrels (ક્વૉરલ્સ) કજિઆ.
Cease (સીઝ) બંધ પાડવા.
Tie (ટાઇ) બાંધવું.
String (સ્ટ્રિંગ) દોરી.
Lay in bed=પથારીમાં સુતો હતો.
Around (ઍરાઉન્ડ) આસપાસ.
Tried his best (ટ્રાઇડ) પોતાથી બન્યું એટલું જોર કીધું.
Tugged (ટગ્ડ) ઘણા જોરથી ખેંચ્યો.
In vain (વેઇન) ફોકટ.
T'was plain (પ્લેઇન) ખુલ્લે ખુલ્લું હતું.

Single (સિંગલ) એક પણ.
No sooner than=કે તરતજ.
Bits (બિટ્સ) કકડે કકડા.
Union is strength(સ્ટ્રેન્ગ્થ) સંપ ત્યાં જંપ.
Union (યુનિઅન) સંપ
Strength (સ્ટ્રેન્ગ્થ) બળ.
So long as=જ્યાં સુધી
Side by side=એક બીજાની બાજુએ-મદદે.
Shoulder to shoulder (શોલ્ડર) એક બીજાની છેક પાસે. ખભે ખભો અડકે એમ.
Arm to arm=હાથ સાથે હાથ (છેક નજીક)
Harm (હાર્મ) નુકસાન કરવું.
Together (ટુગેધર) એકઠા.
Sound (સાઉન્ડ) મજબુત; સાજા તાજા.
Stand apart (અપાર્ટ) છુટા પડો.
Fall to the ground (ગ્રાઉન્ડ) પડી જશો; નિર્બળ થશો.

Grammar.

Gender (જેન્ડર) જાતિ.
Male (મેઇલ) પુરૂષ.
Female (ફિમેઇલ) સ્રી.
Masculine (મૅસક્યુલિન)નરજાતિ.
Feminine (ફેમિનિન) નારી જાતિ.
Neuter (ન્યુટર) નાન્યતરજાતિ.
Common gender=સામાન્ય જાતિ.

The Vulture and the Cat.

Vulture (વલ્ચર) ગીધ.
Ganges (ગૅન્જિસ) ગંગા નદી, (ઉત્તર હિંદુસ્તાનમાં.
Fig tree (ફિગટ્રી) વડનું ઝાડ.
Home (હોમ) રહેઠાણ.
Trunk (ટ્રન્ક) થડ.
Hollow (હૉલો) પોલું.
Had seen better days= સારો વખત જોયો હતો.
Feeble (ફીબલ) નબળું.
Claws (ક્લૉઝ) નહોર; નખ.
Were worn out (ઉવોર્ન) ખવાઇ ગયા હતા.
He was half-blind=તે આંધળા જેવો હતો.
Grey head (ગ્રે હેડ) સફેદ-પળિયાંવાળું-માથું.

He was much older than any of them=તેમાંના કોઇ પણ કરતાં તે ઘણો મોટો હતો.

Pitied (પિટિડ) દયા આવી.

Brought (બ્રૉટ) લઇ આવ્યા.

In this way=આ રીતે.

Managed to live=ગુજરાન ચલાવવાની તજવીજ કરતો હતો.

To live=ગુજરાન ચલાવવું.

In return (રિટર્ન) બદલામાં.

Kept guard (ગાર્ડ) તપાસ રાખતો હતો.

Huge (હ્યુજ) મોટા કદનો.

Fierce (ફીઅર્સ) વિકરાળ, ક્રૂર.

Formidable (ફૉર્મિડેબલ) ભયંકર; મોટા કદનો.

Hawk (હૉક) બાજપક્ષી.

Kite (કઇટ) સમડી.

Birds of prey=શિકારી પક્ષીઓ.

Dared to carry off=લઇ જવા હિમ્મત કરતા.

So long as he was there =જ્યાં સુધી તે ત્યાં હોય ત્યાં સુધી.

Flew off=ઉડી જતાં.

To search for (સર્ચ) શોધ કરવા.

Fearlessly (ફીઅરલેસ્લિ) બે ધડક, ધાસ્તી વગર.

Charge (ચાર્જ) હવાલો.

Long ears (લૉંગ ઇઅર્ઝ) લંબકર્ણ; લાંબા કાનવાળું પ્રાણી.

Prowling (પ્રાઉલિંગ) શિકાર માટે ચોરની માફક ભમતો.

Climbed (ક્લાઇમ્બ્ડ) ચડી ગઇ.

To look for (લુક) શોધવાને.

Cats...as well as on mice=બિલાડીઓ નાનાં પક્ષી તેમજ ઉંદર ખાઇને જીવે છે.

Were alarmed (ઍલાર્મ્ડ) બીધા.

Chirped (ચર્પ્ડ) ચીંચીં કરવા લાગ્યાં.

Loudly (લાઉડલિ) મોટેથી.

Noise (નૉઇઝ) ઘોંઘાટ.

Was dozing (ડોઝિંગ) ઝોકાં ખાતો હતો.

Perch (પર્ચ) પક્ષીનો બેસવાનો વાસ.

Who comes there=એ કોણ આવ્યું રે?

Croaked (ક્રોક્ડ) બોલ્યો.

Started (સ્ટાર્ટેડ) ચમકી ઉઠી.
Fierce-looking (ફીઅર્સ લુકિંગ) વિકરાળ દેખાતું.
Trembled (ટ્રેમ્બલ્ડ) ધ્રુજી; કાંપી.
Thought (થૉટ) વિચાર્યું.
Her last hour had come =તેનું મોત આવી ચુક્યું.
Soft words=મીઠા શબ્દો.
Flattery (ફ્લૅટરિ) ખુશામત.
Would do=કરી શકે.
Lord (લૉર્ડ) મહેરબાન.
Meekly (મીકલિ) નમ્રતાથી; નરમાશથી.
Who are you=તું કોણ છે?
Sternly (સ્ટર્નલિ) કરડાકીથી; ધમકાવીને.
Humbly (હમ્બલિ) નરમાશથી.
Be off=ચાલી જા; રસ્તો પકડ.
Threatening (થ્રેટનિંગ) ગભરાતો હોય તેવી રીતે.
I am ready to die=હું મરવાને તૈયાર છું.
With eyes cast down= આંખ નીચે નાંખીને; નીચું જોઇને.
Hear what I have to say =મારે જે કહેવું છે તે સાંભળો.

What do you want here? તારે અહિંયા શું જોઇએ છે?. તારે અહિં શું કામ છે?
Why have you come up into my tree=તું મારા ઝાડમાં (છેક અહિં સુધી) કેમ આવી છે?
Deign (ડેઇન) મહેરબાની કરો.
To listen (લિસન) લક્ષ પૂર્વક સાંભળવાને.
Holy (હોલિ) પવિત્ર.
Fast (ફાસ્ટ) અપવાસ કરવો.
Pious (પાયસ) પવિત્ર; ભક્તિમાન.
Flesh (ફ્લેશ) માંસ.
Handful (હૅન્ડફુલ) મુઠી ભરીને.
A little (લિટલ) જરા.
Holy books (હોલિ) ધર્મ-શાસ્ત્રનાં પુસ્તકો.
Wise (વાઇઝ) ડહાપણવાળો.
Spend your time=વખત ગુમાવો છો.
Meditation (મેડિટેશન) ધ્યાન.
I beg of you=તમારી પાસે માગું છું.
Law (લૉ) ધર્મશાસ્ત્ર.
To teach me the law =મને ધર્મશાસ્ત્ર શિખવવા.

Shastras (શાસ્ત્ર) ધર્મશાસ્ત્રો.
Strangers (સ્ટ્રેઇન્જર્સ) અજાણ્યા માણુસો; અતિથિઓ.
It is right to be kind to strangers=અતિથિઓ ઉપર માયા રાખવી, એ ખરૂં (યોગ્ય) છે.
Host (હોસ્ટ) પરોણા ચાકરી કરનાર,
Guest (ગેસ્ટ) પરોણો.
Duty (ડ્યુટિ) ધર્મ; ફરજ.
To welcome (ઉવેલ્કમ) આવકાર દેવો.
Is it not a duty to welcome a poor stranger=એક ગરીબ અતિથિને આવકાર આપવો એ ફરજ નથી?
All this is very true=એ બધું સાચું છે.
That is why=એ કારણથીજ
Pardon (પાર્ડન) ક્ષમા કર.
I follow (ફૉલો) પ્રમાણે વર્તું છું.
Rules (રૂલ્સ) નિયમો.
Even if you have no time to teach me=મને બોધ આપવાનો સમય તમને ન હોય તોપણ.
Please let me live=મહેરબાની કરી મને રહેવા દો.
Corner (કૉર્નર) ખૂણો.
Close to you=તમારી પાસે.
Plenty of room (પ્લેન્ટિ) પુષ્કળ જગા.
Face (ફેઇસ) મુખ.
At least (લીસ્ટ) કંઇ નહિ તો.
Now and then=ઘડી ઘડી.
Wisdom (ઉવિઝ્ડમ) ડહાપણ.
Actions (ઍક્શન્સ) કૃત્યો.
Company (કંપનિ) સોબત.
In the company of the good=સારા માણસોની સોબતમાં.
Become good themselves=પોતે જાતે સારા થાય છે.
Was pleased (પ્લીઝ્ડ) ખુશ થયો.
He made no reply (રિપ્લાઇ) તેણે કંઇ ઉત્તર આપ્યો નહિ.
Dose (ડોઝ) ઝોકું.
Went of into a doze=ઝોકું ખાઇ ગયો; ઉંઘ આવી ગઇ.
Abode (ઍબોડ) રહેઠાણ.
Day after day=દરરોજ.

Was asleep (ઍસ્લીપ) ઉંઘતો હોય.

So that=કે જેથી.

Would not all be missed (મિસ્ડ) બધાં સામટાં ગુમ ન થઇ જાય.

All at once=બધાં સામટાં એકી વખતે.

To get empty (એમ્પ્ટી) ખાલી થવું.

Missed (મિસ્ડ) ખોયાં, દીઠામાં ન આવ્યાં.

Young ones=બચ્ચાં.

Council (કાઉન્સિલ) સભા.

Was settled (સેટલ્ડ) ઠરાવ કરવામાં આવ્યો.

Careful (કેરફુલ) સંભાળવાળી; બારીક.

Search (સર્ચ) તપાસ.

In the night-time=રાત્રે.

Slipped (સ્લિપ્ડ) સટકી ગઇ.

Next morning=બીજે દિવસે સવારમાં.

As it was light=અજવાળું થયું કે તુરતજ.

All over the tree=આખા ઝાડ પર.

Bones (બોન્સ) હાડકાં.

Little ones=બચ્ચાં.

Has played false (ફૉલ્સ) નિમકહરામ નિવડ્યો છે; દગો દીધો છે.

Fell on him=તેના ઉપર તૂટી પડ્યા.

In a body=એકે સામટાં.

Pecked (પેક્ડ) ચાંચના ગોદા માર્યા.

Pecked him to death= ચાંચ ઘોંચી ઘોંચી તેને મારી નાંખ્યું.

This is what comes= આવું પરિણામ નીપજે છે

Of listening to (લિસનિંગ) સાંભળવાનું.

Flattering (ફ્લૅટરિંગ) ખુશામત ભરેલા.

Deceitful (ડિસીટફુલ) દગા ભરેલા.

Grammar.

Is marked=ઓળખાય છે.

Ways=રીત.

Of marking=ઓળખવાના.

Lion (લાયન) સિંહ.

He-goat=બકરો.
She-goat=બકરી.
Gentlemen (જેન્ટ્લમેન) ગૃહસ્થો.
Feminines-Queen, Woman, Aunt (આન્ટ) કાકી, Madam, Daughter, Tigress.

---

24 Difference between 'Come' and 'Go.'

" ચાલો " અને " જાઓ " વચ્ચે ફેર.

Difference (ડિફરન્સ) ફેર; તફાવત.
Certain (સર્ટન) અમુક; ચોક્કસ.
Village (વિલેઇજ) ગામડું.
Land-lord (લૅન્ડલૉર્ડ) વતનદાર; જાગીરદાર.
Shunkerrao (શંકરરાવ) માણુસનું નામ.
Named (નેઇમ્ડ) કરીને; નામનો.
Had done good service (સર્વિસ) સારી નોકરી બજાવી હતી.
Rajah (રાજા) રાજા.
Rent-free (રેન્ટ ફ્રી) વગર ગણોતે; સરકારી ગણોતથી મુક્ત.
Foolish (ફૂલિશ) મૂર્ખ; બેવકુફ
Careless (કૅર્લેસ) બેફિકરો.
Hired (હાયર્ડ) રોજે રાખ્યા; ભાડે રાખ્યા.
Servants (સર્વન્ટ્સ) નોકરો; ચાકરો.
To till (ટિલ) ખેડવાને.
Looked after=(લુકડ આફ્ટર) તપાસ રાખતો.
Stayed (સ્ટેઇડ) પડી રહેતો.
Idly (આઇડ્લિ) સુસ્ત રીતે.
Spent (સ્પેન્ટ) ગુમાવી નાંખ્યાં.
Enjoy (ઍનજોય) મોજ મઝા કરવી.
Thought only of enjoying himself=જાતે મોજમઝા કરવાનેજ તે વિચાર કરતો.
Got into debt (ડેટ) કરજમાં આવી ગયો-ફસાયો.
Heavily (હૅવિલિ) પુષ્કળ; હદપારનું.
Shahukar (શાહુકાર) પૈસા ધીરનાર.
Gave trouble (ટ્રબલ) પીડા આપતો.
To pay off the debt-દેવું પતાવી દેવાને. [સોંપ્યું.
Let out (લેટ આઉટ) ગણોતે

Farmer (ફાર્મર) ખેડુત.

Shivappa (શિવાપ્પા) માણુસનું નામ છે.

Could make no profit (પ્રૉફિટ) કંઇ નફો કાઢી શક્યો નહિ.

Cultivating (કલ્ટિવેટિંગ) ખેડિને.

Industrious (ઇન્ડસ્ટ્રિઅસ) ઉદ્યોગી.

Prudent (પ્રુડંટ) ડહાપણુવાળો.

Ploughed (પ્લાઉડ) ખેડતો.

Manured (મૅન્યૂર્ડ) ખાતર પુરતો.

Sowed (સોડ) વાવતો.

Seed (સીડ) બીઆં.

Crop (ક્રૉપ) પાક.

Was worth four times as much as he paid for the rent=પાકની કિમ્મત પોતે ગણુોત ભરતો તેના કરતાં ચોગણી ઉપજતી હતી.

Saved up (સેઇવ્ડ અપ) બચાવી રાખ્યા.

Most of his money=પોતાના પૈસાનો મોટો ભાગ.

Wants (વૉન્ટ્સ) જરૂરીઆતો.

Simple (સિમ્પલ) સાદી.

Lived a simple life=સાદી જીંદગી ગુજારતો (મોજ-શોખ કરતો નહિ).

Sum (સમ) રકમ.

Mounted (માઉન્ટેડ) સ્વાર થયો.

Pony (પોનિ) ટ°.

As he had some busines (બિઝનેસ) તેને કાંઇક કામ હતું તેથી.

Rode past=પાસે થઇને ચાલ્યો.

Had let out=તેણે ગણોતે આપ્યાં હતાં.

Saw him riding past= તેને પાસે થઇને જતો જોયો.

Edge (એજ) વાડ; કોર.

If so=જો એમ હોય તો.

As much as anybody else=બીજો કોઇ જેટલા પૈસા આપશે તેટલા.

Let me have them=તે મને લેવા દો.

Land-lord (લૅન્ડ લૉર્ડ) જમીનદાર; વતનદાર.

Was astonished=(ઍસ્ટૉનિશ્ડ) આશ્ચર્ય પામ્યો.

I owned (ઓન્ડ) હું માલીક હતો.

Got into debt (ડેટ) દેવામાં ડુબી ગયો.
Property (પ્રૉપર્ટિ) મિલ્કત.
How is this ? આમ કેમ બન્યું.
Reason (રીઝન) કારણ.
Lies in (લાઇઝ) માં રહ્યું છે.
What do you mean ?– તું શું કહેવા માગે છે ?
Looked after (લુક્ડ આફ્ટર) તપાસ રાખી.
Doing nothing (ડુઈંગ નથિંગ) કંઇ કર્યા વગર.
Afternoon (આફ્ટરનુન) બપોર પછીનો વખત; પાછલો પહોર.
As for me=મારે માટે પૂછતા હો તો.
Get up=ઉઠું છું.
Early in the morning= સ્હવારમાં વહેલાં.
Follows=(મારી) પછવાડે આવે છે.
We have been hard at work = હમો સખત મજુરી કરીએ છીએ.
Since (સિન્સ) જ્યારથી.
Side by side (સાઇડ બાય સાઇડ) સાથે સાથે.
Leave (લીવ) છોડવું.
Profit (પ્રૉફિટ) નફો.

---

25 Androcles and the Lion.

ઍન્ડ્રોક્લિસ અને સિંહ.

Old (ઓલ્ડ) ઘણા પ્રાચીન (કાળમાં.)
Might (માઇટ) જોર.
Right (રાઇટ) હક.
Might was right=બળિયાના બે ભાગ હતા; જબરો તે જીતે એવું હતું.
Cruel (ક્રુઅલ) ક્રૂર; ઘાતકી.
To one another=એક બીજા તરફ.
Many a man=ઘણાં માણસ.
Wealthy (વેલ્થિ) પૈસાદાર.
Slave (સ્લેઇવ) ગુલામ.
Poorer (પુઅરર) વધારે ગરીબ.
Sad (સૅડ) દિલગીરી ભરેલું.
Neither (નિધર) બેમાંથી એક પણ નહિ.
Home (હોમ) ઘર. [થતો.
Too glad (ગ્લૅડ) હદપાર ખુશી
Suffering (સફરિંગ) દુ:ખ.

Came to an end (એન્ડ) (દુઃખનો) અંત આવતો.
Closed (ક્લોઝડ) બંધ કરતો. મીંચતો.
For ever (એવર) હંમેશ માટે.
Wretched (રેચેડ) ભાગ્યહીન; નસીબનો ફુટેલો.
Androcles (ઍન્ડ્રોક્લિસ) ગુલામનું નામ છે.
Nothing (નથિંગ) કંઇ નહિ.
Could please (પ્લીઝ) ખુશ કરી શકતું.
Was beaten (બીટન) માર મારવામાં આવતો.
To make him work=તેની પાસે કામ કરાવવાને.
Faster (ફાસ્ટર) વધારે જલદીથી.
Worked (વર્ક્ડ) કામ કરતો.
Tired of life (ટાયર્ડ) જીંદગીથી કંટાળી જઇને.
Ran away=નાસી ગયો.
Deeper (ડીપર) વધારે ઉંડાણમાં
Shade (શેઇડ) છાંયડો.
Fellowmen (ફેલોમેન) ભાઇઓ.
Through (થ્રુ) માંથી.
Thicket (થિકેટ) ઝાડી.
Glade (ગ્લેઇડ) જંગલમાં આવેલું ખુલ્લું મેદાન.
Past (પાસ્ટ) પાસેથી.
Beasts (બીસ્ટ્સ) પશુઓ.
Den (ડેન) ગુફા.
Foot sore (ફુટસોર) સુજી ગયલા પગે,
Faint (ફેઇન્ટ) બેભાન.
Cave (કેઇવ) ગુફા.
Tired out (ટાયર્ડ) થાકીને લોથ થઇ ગયલો.
Fell to the ground=જમીન ઉપર પડી ગયો.
For ever (એવર) હંમેશને માટે.
Hark (હાર્ક) સાંભળો. [બુમ.
Cry of pain (પેઇન) દુઃખની
Where does it come from =તે ક્યાંથી આવે છે? [ભાગ
Inside (ઇનસાઇડ) અંદરનો
Somebody (સમબૉડિ) કોઇક સખસ.
Is suffering (સફરિંગ) દુઃખ પામે છે.
If I can=જો મારાથી બને તો.
Whoever it be=ગમે તે હોય.
Dying (ડાઇંગ) મરવા પડેલો.
Pain (પેઇન) દરદ.

Misery (મિઝરિ) દુઃખ.
Dim (ડિમ) ઝાંખું.
Whining (ઉવ્હાઇનિંગ) દરદથી ખુમ મારતો.
Whimpering (ઉવ્હિમ્પરિંગ) કુતરો દરદમાં હોય ને જેમ બરાડે તેમ બરાડતો.
Moaning (મોનિંગ) રડતો.
Seemed (સીમ્ડ) દેખાયો.
Right (રાઇટ) સીધોને સીધો; આગળ આગળ.
Brave (બ્રેઇવ) બહાદુર.
Kind hearted (કાઇન્ડ હાર્ટેડ) દયાળુ અંતઃકરણવાળો.
Started back (સ્ટાર્ટેડ) પાછો વળ્યો,
Wild (ઉવાઇલ્ડ) અતિશય, બેબાકળું.
Surprise (સરપ્રાઇઝ) ગભરાટ; અચંબો.
Darkness (ડાર્કનેસ) અંધારૂં.
Gleamed (ગ્લીમ્ડ) પ્રકાશી.
Moonlight (મુનલાઇટ) ચંદ્ર-પ્રકાશ, ચાંદની.
Ray (રે) કીરણ
Shone (શૉન) પ્રકાશ્યું.
Stumbled (સ્ટમ્બલ્ડ) ઠોકર ખાધી.
Death (ડેથ) મરણ; મોત.
Seemed nigh (નાઇ) પાસે દેખાયું
Picked himself up (પિક્ડ અપ) જાગૃત થયો.
Low (લો) ધીમું.
Piteous (પિટિયસ) દયામણું.
Moan of pain (મોન) દરદને લીધે રડવું તે. [જંગલનો રાજા.
Forest King (ફૉરેસ્ટ કિંગ)
Was holding up=ઉંચે ધરી રાખતો હતો.
Wounded (ઉવુન્ડેડ) ઘાયલ
Sharp (શાર્પ) તીણો. [થયલો.
Thorn (થૉર્ન) કાંટો.
Had worked its way= અંદર પેસી ગયો હતો.
It was swol'n=તે સુજી ગયો હતો.
(was) torn (ટૉર્ન) ચીરાઇ ગયો
Knee (ની) ઘુંટણ. [હતો.
Held (હેલ્ડ) ધર્યો.
Careful (કૅરફુલ) સંભાળ ભરેલી.
Search (સર્ચ) શોધ.
Drew out=ખેંચી કાઢયો.

Leaves (લીવ્ઝ) પાંદડાં.
Had washed (હૅડ વૉશ્ડ) ધોઇ નાખ્યો હતો.
Grateful (ગ્રેઇટ ફુલ) આભારી.
Licked (લિક્ડ) ચાટયા.
Rubbed (રબ્ડ) ઘસ્યા.
Cheek (ચીક) ગાલ.
Sheltered (શેલ્ટર્ડ) સહિસલામત.
Rain (રેઇન) વરસાદ.
Weather (વેધર) હવા.
Meat (મીટ) માંસ.

PART II.

Good (ગુડ) સારૂં.
Fortune (ફૉર્ચ્યુન) નસીબ; તકદીર.
Forsook (ફરસુક) છોડી ગયું.
Slave-hunters (સ્લેઇવ હન્ટર્સ) ગુલામોને શોધી કાઢનાર.
Run away (રન અવે) નાસી ગયલો.
In chains (ચેઇન્સ) બેડી પહેરાવીને.
Wicked (વિકેડ) ક્રૂર; દુષ્ટ.
Reason why (રીઝન) ખરૂં કારણ.
Noble (નોબલ) ઉમદા.
Cast down (કાસ્ટ ડાઉન) ફેંકી દો.
For a feast (ફીસ્ટ) મીજબાની–ભક્ષ–માટે.
Was fixed (ફિક્સ્ડ) મુકરર કરવામાં આવ્યો.
Court (કોર્ટ) કચેરી.
Bold (બોલ્ડ) બહાદુર.
Would be (વુડ) થશે.
Fine (ફાઇન) જોવા લાયક.
Sport (સ્પોર્ટ) ખેલ; રમત.
Condemned to death (કન્ડેમ્ડ) મોતની શિક્ષા પામેલો.
Sanded (સૅન્ડેડ) રેતીવાળું
Floor (ફ્લૉર) જમીન; ભોંયતળીયું.
Awful (ઑફુલ) ભયંકર.
Roar (રોર) ગર્જના (સિંહની).
Closed (કલોઝડ) બંધ કીધું.
Boldest (બોલ્ડેસ્ટ) સૌથી બહાદુર.
Hold his breath (બ્રેથ) હોંસ કોસ ઉડી જાય.
Divide (ડિવાઇડ) ખુલ્લાં થાય છે.
With a spring (સ્પ્રિંગ) કુદકો મારીને.
Rush (રશ) ધસારો.

Bounds (બાઉન્ડઝ્) કુદી આવે છે.
Lonely (લોન્લિ) એકલો.
Gaze (ગેઇઝ) એકી નજરે જુએ છે.
Wonder (વન્ડર) અચર્ય.
Thunder (થંડર) મેઘ ગર્જના.
Low at the feet=પગ આગળ નીચો.
Purs (પર્સ) અવાજ કરે છે (બિલાડી જેવો ખુશીનો).
Half closed (ક્લોઝ્ડ) અડ-ધીબંધ.
Saluted (સૅલ્યુટેડ) સલામ કરી.
Friendship (ફ્રેન્ડશિપ) દોસ્તી.
Shall end (એન્ડ) અન્ત આવશે; પુરી થશે.
Are free (ફ્રી) છુટા છે. [માટે.
For ever (એવર) હંમેશાને.

Grammar.

Case (કેઇસ) વિભક્તિ.
Nominative case=પહેલી વિભક્તિ; કર્તા વિભક્તિ.
Objective case=બીજી વિભક્તિ
Object (ઑબ્જેક્ટ) કર્મ.
Possessive case=છઠ્ઠીવિભક્તિ.
Possession (પઝેશન) કબજો.

---

26 The Monkey and the Wedge.

વાંદરો અને ફાચર.

Monkey (મંકિ) વાંદરો.
Wedge (વેજ) ફાચર.
Country (કંટ્રિ) દેશ.
Bihar (બિહાર) બિહાર પ્રાન્ત.
Empty piece (પીસ) ખાલી] જગો.
It lay between two villages=તે બે ગામડાંની વચમાં હતો.
Pious (પાયસ) પવિત્ર; ભક્તિવાળો.
Merchant (મર્ચન્ટ) વ્યાપારી.
Temple (ટેમ્પલ) દહેરૂં.
There can be no better way=વધારે સારો માર્ગ હોઇ શકે નહિ.
Of spending (સ્પેન્ડિંગ) વાપરવાનો.
Died long ago=ઘણા વખત ઉપર મરણ પામી.
What to do with my wealth=મારી દોલતનું શું કરવું ?

Masons (મેસન્સ) કડિયા.
Carpenters (કારપેંન્ટર્સ) સુથારો.
At work=કામે (લાગેલા હતા).
Stopped working=કામબંધ કરતા.
Workmen (ઉવર્કમેન) કારીગરો; મજૂરો.
Had gone away=ચાલી ગયા હતા.
As usual (યુઝવલ) હંમેશની માફક.
To eat their dinner=પોતાનું ભોજન લેવા; જમવા.
Tools (ટૂલ્ઝ) ઓજારો.
Log of wood (ઉવુડ) મોટું લાકડું.
Were sawing (સૉઇંગ) વેહેરતા હતા.
Beams (બીમ્ઝ) ભારોઠીઆ.
Planks (પ્લૅંક્સ) પાટીયાં.
Was sawn (સૉન) વહેરાયલો હતો.
Opening (ઓપનિંગ) ફાટ.
Was fixed (ફિક્સ્ડ) ઠોકી હતી.
To keep it open=તેને ખુલ્લું રાખવાને.

A little while after=થોડી વાર પછી.
Herd (હર્ડ) ટોળું.
Close by (ક્લોઝ બાય) પાસે; પાડોસમાં.
Picked up (પિક્ડ) ઉંચકી લીધો.
Axe (ઍક્સ) કુહાડો.
Saw (સૉ) કરવત.
Felt it all over=તેના ઉપર બધે હાથ લગાડયા.
Examined (ઍક્ઝામિન્ડ) તપાસ્યું.
Chisel (ચિઝલ) વીંધણું; ફરસી.
Carefully (કૅરફુલિ) સંભાળથી.
Smelt (સ્મેલ્ટ) સુંઘ્યો.
Hammer (હૅમર) હથોડો.
Could not make out= પારખી શક્યો નહિ.
Touched (ટચ્ડ) અડક્યો.
Chattered away (ચૅટર્ડ) વાત કરી.
Monkey language (લૅંગ્વેજ) વાંદરાની ભાષા
No doubt (ડાઉટ) બેશક.
Exclaimed (ઍક્સક્લેઇમ્ડ) બોલી ઉઠ્યો.

Had been put in=અંદર ખોસેલી છે.

Pull it out=તેને બહાર ખેંચી કાઢો.

Leader (લીડર) આગેવાન.

Tried (ટ્રાઇડ) કોશિષ કીધી.

Pulled (પુલ્ડ) ખેંચ્યું.

Hind (હાઇન્ડ) પાછલા.

Would not come out= બહાર નિકળે નહિ.

Cleft (ક્લેફ્ટ) ફાટ.

Tugged at it (ટગ્ડ) આંચકા માર્યા.

With all his strength= પોતાનામાં જેટલુ જોર હતું તેટલા જોરથી.

Closed (ક્લોઝ્ડ) બીડાઇ ગયું;

Jammed (જૅમ્ડ) ચગદી નાંખ્યો; દાબી દીધો.

Were crushed (ક્રશ્ડ) છુંદાઇ ગયા.

Curious (ક્યુરિઅસ) જાણવાની ઇચ્છાવાળા.

This comes of being too curious=આતુરતાને લીધે આવું પરિણામ આવે છે.

Ought to have kept to= ની સાથેજ લેવા દેવા રાખવી જોઇતી હતી.

Nuts (નટ્સ) ફળ.

To pry into matters= કામમાં માથું ઘાલવું.

He had nothing to do= તેને કંઇ કામ નહોતું.

Washington the Boy.

વૉશિંગ્ટન નામનો છોકરો.

Washington (વૉશિંગ્ટન) માણસનું નામ છે.

Six years old=૭ વર્ષની ઉમ્મરનો.

George (જ્યોર્જ) નામ છે.

Axe (ઍક્સ) કુહાડો.

Birthday (બર્થડે) સાલગીરીનો દિવસ. [થયો.

Was pleased (પ્લીઝ્ડ) ખુશી

Could think of nothing else=બીજા કશાનો વિચાર (તેને) આવ્યો નહિ.

Was over=(નિશાળનો વખત) પૂરો થયો.

Bright (બ્રાઇટ) ચકચકતો.

Sharp (શાર્પ) તીણી;
Edge (એજ્જ) કોર.
Wooden (વુડન) લાકડાંનો.
Handle (હૅન્ડલ) હાથો.
Must try (ટ્રાઇ) અજમાવી જોવો જોઇએ.
Something (સમથિંગ) કોઇ ચીજ.
Garden (ગાર્ડન) વાડી; બાગ.
To chop (ચૅાપ) કાપવું.
Bark (બાર્ક) છાલ.
All round (રાઉન્ડ) આસપાસની તમામ.
Was killing (કિલિંગ) મારી નાંખતો હતો.
As high as he could reach=જેટલે ઉંચે તે પહોંચી શક્યો તેટલે ઉંચે.
Had his dinner (ડિનર) પોતાનું ભોજન લીધું.
Lying (લાઇંગ) પડેલું.
Got angry (ઍંગ્રિ) ગુસ્સે થયો.
Who has done this=આ કોણે કીધું છે ?
Followed (ફૅાલોડ) પાછળ પાછળ ગયો હતો.
Trembling (ટ્રેમ્બ્લિંગ) ધ્રુજતો ધ્રુજતો.
Do you know who did this ? આ કોણે કીધું તે તું જાણે છે ?
I cannot tell a lie=મારાથી જુઠું કહી શકાશે નહિ.
What do you think his father did=તમારા ધારવા પ્રમાણે તેના બાપે શું કીધું હશે ?
Did punish (પનિશ) શિક્ષા કરી.
In his arms (આર્મ્સ) પોતાના હાથમાં.
Kissed (કિસ્ડ) ચુમી લીધી.
Would rather lose=ભલે ગુમાવું.
Than hear my son tell a lie=મારો છોકરો જુઠું બોલે તે સાંભળવા કરતાં.
Grew up (ગ્રુ અપ) મોટો થયો.
Brave (બ્રેઇવ) બહાદુર.
Trusted (ટ્રસ્ટેડ) વિશ્વાસુ.
General (જનરલ) સરદાર.
Army (આર્મિ) લશ્કર.
Greatest (ગ્રેટેસ્ટ) સૌથી મ્હોટો.
First in war=લડાઇમાં પહેલે નંબરે.

First in peace=સલાહમાં પહેલે નંબરે.
First in the hearts of his countrymen (કંટ્રિમેન) પોતાના દેશી ભાઇઓના અંતઃકરણમાં પહેલે નંબરે.

Grammar.

Apostrophe (ઍપૉસ્ટ્રોફિ)

---

28 Trying to please every Boy.

દરેકને ખુશ કરવાની કોશિષ કરવી.

Fair (ફૅર) મેળો.
Donkey (ડૉન્કિ) ગધેડો.
Hoped (હોપ્ડ) આશા રાખી.
Soon after=પછી તરતજ.
Started (સ્ટાર્ટેડ) નિકળ્યા.
Came to a crowd (ક્રાઉડ) એક ટોળા આગળ આવ્યા.
Laughing (લાફિંગ) હસીને.
To walk by the side=બાજુએ ચાલવું.
Easily (ઇઝિલિ) સહેલાઇથી.
Might ride (રાઇડ) સ્વાર થાય.
They are right=તેઓ ખરા છે.
Back (બૅક) પીઠ.
Jump on (જમ્પ) કુદકો મારી ચઢી જા.
Be sure (સ્યુર) ખાતરી રાખજે.
You hold tight (ટાઇટ) તું મજબુત પકડી રહેજે.
Happens (હૅપન્સ) બને છે.
Are having it all in their ownway=(છોકરાઓ) પોતાના મનમાં આવે તેમજ કર્યાં જાય છે.
Group (ગ્રુપ) ટોળું.
Passed (પાસ્ડ) આગળ થઇને [ગયા.
The young (યંગ) જુવાનિઆઓ.
Get off (ગેટ ઑફ) ઉતરીપડ.
Really (રીઅલિ) ખરેખર ખરૂં જોતાં.
Can't bear (બેર) સહન કરી શકતો નથી.
Changed (ચેઇન્જડ) (જગા) બદલી નાંખી.
Cheerfully (ચીઅરફુલિ) આનંદથી.

As they get near the city=શહેર આગળ પહોંચતાં ને વાર.

Shakes (શેઇક્સ) હલાવે છે.

Pity (પિટિ) દયા.

Lazy (લેઝિ) સુસ્ત.

It is right (રાઇટ) એ વાત સાચી છે.

Toiling on (ટૉઇલિંગ) ધીમેધીમે ચાલતો.

At your side=તારી બાજુએ.

Got up=ચઢી બેઠો.

Behind (બિહાઇન્ડ) પાછળ.

Will please (પ્લીઝ) ખુશકરશે.

Passers by (પાસસ બાય) જનારા લોકો.

Hoped to find quiet= શાન્તિની આશા રાખી.

Went along=આગળ ચાલ્યા.

With a frown (ફ્રાઉન) ઘુરકીને.

Certainly (સર્ટનલિ) ખચિત.

What is true=જે સાચું છે તે.

You could carry him better than he carry you=એ તને ઉંચકી લઇ શકે તેના કરતાં તું એને વધારે સારી રીતે ઉંચકી શકે.

Can but try=માત્ર કોશિષ કરી શકીએ.

Let us carry=ચાલો આપણે ઉંચકી લઇએ.

Pole (પોલ) વાંસ.

Would not bend (બેન્ડ) વળે નહિ.

Tight (ટાઇટ) મજબુત રીતે.

Lifts (લિફ્ટ્સ) ઉંચકે છે.

Truly (ટ્રુલિ) ખરેખર.

Laughable (લાફેબલ) હસવું આવે એવો.

Sight (સાઇટ) દેખાવ.

Bridge (બ્રિજ) પુલ.

Narrow (નૅરો) સાંકડો.

Crowd (ક્રાઉડ) ટોળું.

Could crawl (ક્રોલ) ટાંટિયા ઘસીને ચાલી શક્યા.

Cart (કાર્ટ) ગાડું.

Were passing (પાસિંગ) જતાં હતાં.

Pushed (પુશ્ડ) હડસેલો માર્યો.

Sudden (સડન) એકાએક.

Kick (કિક) લાત.

Cords (કૉર્ડ્ઝ) દોરડાં.

Broke (બ્રોક) તોડી નાંખ્યા.
Sank (સૅન્ક) ડુબી ગયો.
Drowned (ડ્રાઉન્ડ) ડુબાડી દીધો.
Sadly (સૅડલિ) દિલગીરીથી.

Those who try....none= જેઓ બધાને ખુશ રાખવાને તજવીજ કરે છે તેઓ કોઇને પણ ખુશી કરી શકે નહિ.

---

29 The Washerman's Donkey.

Washerman (વૉશરમૅન) ધોબી.
Donkey (ડૉન્કિ) ગધેડો.
Benares (બનારસ) બનારસ; કાશી.
Earned (અર્ન્ડ) પેદા કરતો.
Living (લિવિંગ) ગુજરાન.
By washing clothes (ક્લોધ્સ) કપડાં ધોઇને.
Worked hard all day= આખો દહાડો સખત મહેનત કરતો.
Dirty (ડર્ટિ) મેલાં.
Used to tie dirty clothes= મેલાં કપડાં બાંધતો.
Bundle (બંડ્લ) ગાંસડો.
Carried (કૅરિડ) લઇ જતો.
Grazed (ગ્રેઇઝ્ડ) ચરતો.
Was doing his work= પોતાનું કામ કરતો હતો.
Evening (ઇવનિંગ) સાંજ.
Clean (ક્લીન) સ્વચ્છ.
Was tied up (ટાઇડ) બાંધવામાં આવતો હતો.
Yard (યાર્ડ) વાડો.
Lest (લેસ્ટ) રખેને.
Should stray away=(સ્ટ્રે અવે) નાસી જાય.
Night-time (નાઇટ ટાઇમ) રાતનો વખત.
Loose (લૂસ) છુટો.
Duty (ડ્યુટિ) ફરજ.
To watch (વૉચ) તપાસ રાખવી.
Keep away (કીપ અવે) દૂર રાખવા; આવવા ન દેવો.
Tired out (ટાયર્ડ) થાકી ગયલો.
Was sound asleep (સાઉન્ડ અસ્લીપ) ભર ઉંઘમાં હતો.
Climbed (ક્લાઇમ્બ્ડ) ચઢયો.
Lay quiet (ક્વાએટ) શાંત પડી રહ્યો હતો.

Did not mind (માઇન્ડ) દરકાર કીધી નહિ.
Bark (બાર્ક) ભસવું.
Got into (ગૅાટ ઇન્ટુ) (ઘરમાં) દાખલ થયો.
To carry off (કૅરિ) લઇ જવું.
Goods (ગુડ્ઝ) સામાન.
Called out (કૅાલ્ડ) બુમ પાડી.
Why do you not seize this robber ?=આ ચોરને તું શા વાસ્તે પકડતો નથી ?
At least=બીજું કંઇ નહિ તો.
Rouse (રાઉઝ) જગાડ.
This is no business of yours (બિઝનેસ) આ કાંઇ તારૂં કામ નથી.
Let me alone to do my work=મને એકલાને મારૂં કામ કરવા દે.
To guard (ગાર્ડ) ચોકી કરવી.
To wake (ઉવેઇક) જગાડવો.
Has ever got into the house=ઘરમાં કોઇ દહાડો પેઠો નથી.
Quite safe=તદ્દન સહીસલામત.
I am of no use (યુસ) હું કાંઇ ઉપયોગનો નથી.

To day he gave me no food at all=આજ તો મને બીલકુલ ખોરાક એણે આપ્યો નથી.
It will teach=એથી એ શિખશે.
To value (વેલ્યુ) કદર કરવી; કીંમત કરવી.
Services (સર્વિસિઝ) નોકરી.
Properly (પ્રૅાપર્લિ) યોગ્ય રીતે.
Regularly (રેગ્યુલર્લિ) નિયમિત રીતે.
Wicked (ઉવિકેડ) દુષ્ટ.
Cur (કર) હલકી જાતનો કુતરો.
Is this the way to treat your master ?=તારા શેઠ સાથે વર્તવાની આ રીત છે.
Stupid (સ્ટુપિડ) બેવકૂફ.
Could bear (બૅર) ખમી શકયો; ખામોશ રાખી શકયો.
I at least try=હું કોશિષ તો કરૂં.
Idly (આઇડ્લિ) સુસ્તીથી.
Robbed under my very eyes=મારી નજર આગળ લુટાતો.
As he said this=જેવું તેણે આ પ્રમાણે કહ્યું કે તરતજ.
Brayed (બ્રેઇડ) ભુંકયો.

With all his might=પોતાનું બધું જોર કાઢીને.
Ran off=નાસી ગયો.
Noise (નૉઇઝ) અવાજ; ઘોંઘાટ.
Climbed over (ક્લાઇમ્બ્ડ ઓવર) ચઢી ગયા.
Started (સ્ટાર્ટેડ) ચોંકી ઉઠયો.
For disturbing (ડિસ્ટર્બિંગ) ખલેલ પહોંચાડવા માટે.
Nearly died=મરણતોલ થઇ ગયો.
Observed (ઑબ્ઝર્વ્ડ) જોયું.
Meddling (મેડ્‌લિંગ) વચ્ચે પડવું તે.
Matter (મૅટર) બાબત.
Concern (કન્સર્ન) લાગતું વળગતું હોવું.
Which does not concern you=જેમાં તને લેવા દેવા નથી.
Sadly (સૅડ્‌લિ) દિલગીરીથી.
Meant well (મેન્ટ) સારી ઇચ્છા હતી.
In future (ફ્યુચર) ભવિષ્યમાં.
I will mind my own business=હું મારા પોતાના કામ પર ધ્યાન આપીશ.

Grammar.

Tenses (ટેન્સિઝ) કાળ.
Present (પ્રેઝન્ટ) હાલનો.
Time to come=આવવાનો વખત.
Present tense=વર્તમાનકાળ.
Past tense (પાસ્ટ) ભૂતકાળ.
Future tense (ફ્યુચર) ભવિષ્યકાળ.

---

30 The Lion's Share.

Lion (લાયન) સિંહ.
Fox (ફૉક્સ) શિયાળ.
Jackal (જૅકાલ) શિયાળ.
Went out to hunt (હન્ટ) શિકાર કરવા ગયા.
Started (સ્ટાર્ટેડ) નિકળ્યા.
As soon as=જેવા કે તરતજ.
Return (રિટર્ન) પાછા આવીએ.
Will divide (ડિવાઇડ) વહેંચીશું.
Equal (ઇક્વલ) સરખા.
Parts (પાર્ટ્સ) ભાગો.
Fair (ફૅર) વાજબી.
Don't......fair ?=શું તમે તે વાજબી ધારતા નથી ?

Agreed (ઍગ્રીડ) કબુલ કીધું.
Kind (કાઇન્ડ) માયાળુ.
May hurt (હર્ટ) શિકાર કરો.
Green (ગ્રીન) લીલું.
May follow (ફૉલો) પાછળ જાઓ.
Unless (અન્લેસ) સિવાય; વગર.
Cunning (કનિંગ) લુચ્ચા.
Swift (સ્વિફ્ટ) ઝડપી.
As fox could be=કહોલું હોઇ શકે તેટલું (લુચ્ચું)
Swift of foot (સ્વિફ્ટ) દોડવામાં ઝડપી.
Fat (ફૅટ) જાડું.
Stag (સ્ટૅગ) સાબર.
Would cut (કટ) કાપશે.
Portions (પોર્શન્ઝ) ભાગો.
No doubt (ડાઉટ) બેશક.
Standing up (સ્ટૅન્ડિંગ) ઉભો થઇને.
Toil (ટૉઇલ) મહેનત.
Allow (ઍલાઉ) રજા આપવી.
Dear (ડિયર) વ્હાલા.
Will divide (ડિવાઇડ) ભાગ પાડી આપું.
Spoil (સ્પૉઇલ) લૂંટ; શિકાર.
Share (શૅર) ભાગ.

Belongs to me (બિલૉંગ્ઝ) મારી માલીકીનો છે.
Rule (રૂલ) નિયમ; ધોરણ.
Is observed (ઑબ્ઝર્વ્ડ) પળાય છે.
Of course (કૉર્સ) અલબત.
Whenever (ઉવ્હેનેવર) જ્યારે જ્યારે.
His Majesty (મૅજેસ્ટિ) રાજા સાહેબ.
Feasts (ફીસ્ટ્સ) મીજબાની
Grew fierce (ફીઅર્સ) તેની (આંખમાં) ઝેર ભરાયું.
To wag (વૅગ) હાલવું.
Killed (કિલ્ડ) મારી નાખ્યું.
Left (લેફ્ટ) બાકી રહેલો.
Quarrel (કવૉરલ) કજીઓ કરવો.
Fight (ફાઇટ) લડવું.
Tired (ટાયર્ડ) થાકી ગયલા.
Crept away (ક્રેપ્ટ) ચાલ્યા ગયા.
Ate (એટ) ખાધું.
Clever (કલેવર) હોંશિયાર.
Trust (ટ્રસ્ટ) વિશ્વાસ રાખું છું.
Whoever (હુએવર) હરકોઇ.
Will agree (એગ્રી) કબુલ કરશો.
It is best of all to be just=ન્યાયી થવું એ સર્વોત્તમ છે.

Grammar.

Apposition (ઍપોઝિશન) એકજ વિભક્તિમાં આવે તે.
Dash (ડેશ) ગુરૂરેખા; મોટી લીટી.
Hyphen (હાઇફન) સંબંધ ચિન્હ
Emperor (ઍમ્પરર) રાજાધિરાજ.
General (જનરલ) સરદાર.
Captain (કૅપટન) ફોજનો સરદાર.
Governor (ગવર્નર) હાકેમ.
Viceroy (વાઇસરૉય) રાજાનો પ્રતિનિધિ.

---

31 Half the profit.
અર્ધો નફો.

Nobleman (નોબલમૅન) ઉમરાવ.
Palace (પૅલસ) મહેલ.
A long way...sea shore દરીઆ કિનારેથી ઘણુ દુર.
Feast (ફીસ્ટ) જમણુ.
Was to hold the marriage feast=લગનનું જમણુ કરવાનો હતો.
Invitations (ઇન્વિટેશન્ઝ) આમંત્રણ.
Sent out invitations= આમંત્રણ મોકલ્યા; નોતર્યા.
Relations (રિલેશન્ઝ) સગાં વ્હાલાં.
Preparations (પ્રેપરેશન્ઝ) તૈયારીઓ.
Plenty of meat (પ્લેન્ટિ ઑફ મીટ) પુષ્કળ માંસ.
Vegetables (વેજીટેબલ્સ) શાકભાજી.
Fruit of every kind= [દરેક જાતનાં ફળ.
Rough (રફ) તોફાની.
On the very morning= તેજ સવારે.
However (હાઉએવર) એમ [છતાં.
Fisherman (ફિશરમૅન) માછી.
Was brought (બ્રૉટ) લાવવામાં આવ્યો.
Truely (ટ્રુલિ) ખરેખર.
Fix your own price=તારી પોતની કિંમત નક્કી કરીને કહે.
Wedding day (વેડિંગ ડે) લગનનો દિવસ.
You shall be paid at once=એકદમ તને પૈસા આપીશું.
I will give you such a present=હું તને એવી ભેટ આપીશ.

As you had never had in your life before=જે તને તારી જીંદગીમાં અગાઉ કદી મળી ન હોય.

Were longing=તલપાપડ થઇ રહ્યા હતા.

How much...fish ? = આ માછલીનું તું શું લઇશ ?

Not one anna, my lord =મારા સાહેબ, એક આનો નહીં.

Lashes (લૅશિઝ) ચાબકના ફટકા.
Bare (બૅર) ખુલ્લી.
Were surprised (સરપ્રાઇઝડ) આશ્ચર્ય પામ્યા.

Strange (સ્ટ્રેઇન્જ) વિચિત્ર.
Request (રિક્વેસ્ટ) માંગણી.
They tried=તેઓએ બનતું કીધું.
Mind (માઇન્ડ) મન, નિશ્ચય.
To make the fisherman change his mind=તે માછીને પોતાના નિશ્ચયમાંથી ફેરવવા.
Fellow (ફેલો) શખ્સ, માછી.
Whim (વ્હિમ) તુરંગ; વિચિત્ર ખ્યાલ.

Must have=રાખવી જોઇએ.
Lay on=મારજો.
Lightly (લાઇટ્‌લિ) આસ્તેથી.
In our presence=આપણી આગળ; આપણી રૂબરૂમાં.

Stop ! Stop !=સબુર ! સબુર !
Partner (પાર્ટનર) ભાગીયો.
Business (બિઝનેસ) ધંધો; કામ.
Right (રાઇટ) વાજબી.
Share (શેર) ભાગ.
Fools (ફૂલ્સ) મૂર્ખ માણસો.
Where is he to be found ?=તે ક્યાં મળશે ?

Name him=તેનું નામ દે.
Shall be sent for at once=એકદમ બોલી મંગાવવામાં આવશે.

You need not go far=તમારે દૂર જવાની જરૂર નથી.
Porter (પોર્ટર) દરવાન.
Would not let me pass =મને આવવા દીધો નહીં.
Promised (પ્રૉમિસ્ડ) વચન આપ્યું.
Should have=મળશે.

Until...half=અર્ધોઅર્ધ આપવાનું મેં તેને વચન આપ્યું નહિ ત્યાં સુધી.
Whatever...fish=મારી આ માછલીનું જે ઉપજે તે.
Certainly (સર્ટેનલિ) ખચિત.
Had to take=લેવાની ફરજ પડી હતી.
Bargain (બારગેઇન) સાટું.
Was turned out=કાઢી મૂકવામાં આવ્યો.
Service (સર્વિસ) નોકરી; ચાકરી.
Present (પ્રેઝન્ટ) ભેટ; બક્ષિસ.

Grammar.

Auxiliary (ઑગ્ઝિલિઅરિ) સહાયકારક.
Helping (હેલ્પિંગ) સહાય કરનારા.

---

32 The Fox and the Crow.

શિયાળ અને કાગડી.

Hungry (હંગ્રિ) ભૂખ્યો.
Still (સ્ટિલ) શાંત.
Sly (સ્લાઇ) લુચ્ચું.
Eat my fill (ફિલ) મારૂં પેટ ભરીને જમવું.
Stretched himself (સ્ટ્રેચ્ડ) લાંબો થઇને પડયો.
Den (ડેન) ગુફા.
Snifted (સ્નિફ્ટેડ) સુંઘી.
This way and that = આમતેમ.
Cunning (કનિંગ) લુચ્ચું.
To trick (ટ્રિક) અટકચાળું કરવું.
To make a fool of the bird (ફૂલ) પક્ષીને બનાવવું; તેની મજાક કરવી.
Pool (પૂલ) ખાબોચીયું.
Sniffing (સ્નિફિંગ) સુંઘતો સુંઘતો.
Trotting (ટ્રૉટિંગ) ચારે પગે કુદતો.
Spied (સ્પાઇડ) દીઠો.
Crow (ક્રો) કાગડો.
Lump of cheese (લમ્પ ઑફ ચીઝ) પનીરનો કકડો.
I'll have that=હું તે લઇશ.
If you please=તમારી મરજી હોય તો.

Low bow (લો બાઉ) નીચા વળીને સલામ કરવી તે.

With a paw on his heart=પોતાની છાતી ઉપર પંજો

Honest (ઑનેસ્ટ) પ્રમાણિક.

Simple (સિમ્પલ) સાદો.

Meek (મીક) નરમ નમ્ર.

Pleased (પ્લીઝ્ડ) ખુશ થએલો.

Turns up his eyes=પોતાની નજર ઉંચી કરે છે.

Tricks (ટ્રિક્સ) અટકચાળાં; યુક્તિઓ.

Queen (ક્વીન) રાણી.

Queen of the birds= પક્ષીઓની રાણી.

Her majesty (મૅજેસ્ટિ) નામદાર.

Till now=હજી સુધી.

Fairer (ફૅરર) વધારે સુન્દર; ખુબસુરત.

Bright (બ્રાઇટ) ચકચકતી.

Glossy (ગ્લૅાસિ) તેજદાર.

Smooth (સ્મૂથ) લીસાં.

Feathers (ફેધર્સ) પીછાં.

I am sure=મારી ખાત્રી છે.

Sweet (સ્વીટ) મીઠું.

It need not be long= ભલે તે લાંબુ ન હોય. [જોયું.

Drew herself=પોતે ઉંચું

Tossed back (ટૅાસ્ડ) પાછળ ફેંક્યું.

Had never been praised (પ્રેઇઝ્ડ) તેનાં વખાણ કદી થયા નહોતાં.

Proud (પ્રાઉડ) અભિમાની.

Dropped (ડ્રૉપ્ડ) પડી પડ્યું.

Cheese (ચીઝ) પનીર.

I thank you=હું તમારો ઉપકાર માનું છું.

What a pity it is she's not wise=કેવી દિલગીરીની વાત છે કે તેનામાં ડહાપણ નથી.

Tale (ટેઇલ) વાર્તા.

To learn a lesson (લેસન) શિખામણ લેવાને.

Do not fail (ફેઇલ) ચુકતા નહિ.

Flatters (ફ્લૅટર્સ) ખુશામત કરે છે.

Grammar.

Participle (પાર્ટિસિપલ) કૃદંત.

Is kicking=લાત મારે છે.

Is written=લખાયલો છે.

Kicking=લાત મારતો.
Writing (રાઇટિંગ) હરફ; અક્ષર.

---

33 The Lion and the old Hare.

Forest (ફૉરેસ્ટ) જંગલ.
Vindhya mountains (વિન્ધ્યા માઉન્ટન્સ) વિન્ધ્યાચળ પર્વત.
Fierce heart (ફીઅર્સ હાર્ટ) ક્રૂર હૃદય.
Reigned (રેઇન્ડ) રાજ્ય કરતો.
Had crowned (ક્રાઉન્ડ) રાજ્યાભિષેક કીધો હતો.
Roar (રોર) ગર્જના.
Proclaimed (પ્રૉક્લેઇમ્ડ) જાહેર કીધો.
Monarch (મૉનર્ક) પાદશાહ.
Echoes (એકોઝ) પડઘા.
Rolled (રોલ્ડ) ગાજી રહેતા.
Care for nobody=કોઇની દરકાર રાખતો નહી.
Would follow (ફૉલો) પાછળ જતો.
Boar (બોર) ભુંડ.
And so on=અને એ પ્રમાણે.

To satisfy (સૅટિસ્ફાઇ) સંતોષ પમાડવાને.
Became terrified (ટેરિફાઇડ) ગભરાયાં.
Listening (લિસનિંગ) સાંભળીને.
No one felt safe (ફેલ્ટ સેઇફ) કોઇને એમ ન લાગ્યું કે હું સહીસલામત છું.
Held a meeting (મીટિંગ) સભા ભરી.
Plan (પ્લૅન) યુક્તિ.
Safety (સેઇફ્ટિ) સહીસલામતી.
Advice (ઍડવાઇસ) સલાહ.
Will starve (સ્ટાર્વ) ભૂખે મરશો.
Trouble (ટ્રબલ) મહેનત.
Shall pass (પાસ) ગુજારીશું.
Peace (પીસ) શાન્તિ.
Usual (યુઝ્યલ) હમેશનો.
Let it be so=તેમ થવા દો.
Arrangement (ઍરેઇન્જમેન્ટ) ગોઠવણ.
Cast lots (લૉટ્સ) ચીઠીઓ નાખી.
Of his own accord (ઍકૉર્ડ) પોતાની ખુશીથી.

Regularly (રેગ્યુલર્લિ) નિયમિત રીતે.

Turn (ટર્ન) વારો.

In any case = ગમે તે કરં તોપણ.

Need not make haste= ઉતાવળ કરવાની જરૂર નથી.

Will go to my death= મરણના મોઢામાં જઇશ.

Lashing (લૅશિંગ) અફાળતો.

Growling (ગ્રાઉલિંગ) બરાડતો.

Angrily (ઍન્ગ્રિલિ) ગુસ્સાથી.

Creeping (ક્રીપિંગ) પેટે ચાલતો.

How dare you keep me waiting=મને રાહ જોવડાવવાની તારી કેમ હિમ્મત ચાલે છે ?

Fault (ફૉલ્ટ) ગુન્હો; અપરાધ.

Were breaking their word = પોતાનું વચન તોડતાં હતાં.

Made me promise (પ્રૉમિસ) મારી પાસે વચન લીધું.

Flow into a terrible rage (ટેરિબલ) ઘણોજ ગુસ્સે થયો.

Go in front (ફ્રન્ટ) આગળ ચાલ.

Kingdom (કિંગ્ડમ) રાજ્ય.

Whispered (હ્વિસ્પર્ડ) કાનમાં કહ્યું.

Gnashing teeth (નૅશિંગ) દાંત કચકચાવીને.

Terribly (ટેરિબ્લિ) ભયંકર રીતે.

Fierce (ફીઅર્સ) ઝનુની.

In a rage=ગુસ્સામાં.

Was drowned=ડુબી ગયો.

Delivered (ડિલિવર્ડ) બચાવ્યા.

Grammar.

Regular verbs = નિયમિત ક્રિયાપદ.

Irregular verbs=અનિયમિત ક્રિયાપદ.

---

34 The Jackal who had lost his Tail.

Jackal (જૅકૉલ) શિયાળ.

Sob (સૉબ) ડુસકાં ભરવાં.

Sigh (સાઇ) નિસાસો નાંખવો.

Grow pale (ગ્રો પેઇલ) ફિક્કા પડી જાય છે.

There is no doubt about it=એમાં કાંઇ શક નથી.

Curled (કર્લ્ડ) વળતી.
Covered my nose=મારા નાકને ઢાંકતી.
When chilly (ચિલિ) ટાઢ પડતી ત્યારે.
Would tuck (ઉવુડ ટક) ઘાલી દેતો.
Tight (ટાઇટ) મજબુત.
Frightened (ફ્રાઇટન્ડ) ગભરાયલો.
Felt (ફેલ્ટ) લાગતું.
Will make fun of me= મારી મજાક કરશે.
Mystery (મિસ્ટરિ) ગુપ્ત વાત.
The bravest (બ્રેવેસ્ટ) સૌથી બહાદુર.
Turn pale (ટર્નપેઇલ) ફિક્કા પડી જાય.
Pack (પૅક) ટોળું.
Likewise (લાઇકવાઇઝ) તેવીજ રીતે.
In rows=હારબંધ. [શાન્તિ.
Silence (સાયલન્સ) ચુપકી,
Bawls (બૉલ્સ) બુમ પાડે છે.
With the air (એર) દેખાવથી.
Will agree (ઍગ્રી) કબુલ કરશો.
Venture (વેન્ચર) હિમ્મત ધરૂં.

The world is not what it used to be=દુનિયા અસલ હતી તેવી હાલ નથી.
Changes (ચેઇન્જીસ) ફેરફારો.
Shall we stand still ?= આપણે બેઠાજ રહીશું ?
Are moving (મૂવિંગ) આગળ વધે છે.
To go on=ચલાવવું.
Sickly (સિકલિ) માંદા.
Heavy (હેવિ) ભારે.
Inconvenient (ઇનકન્વિનિઅન્ટ) અગવડ ભરેલી.
Panthers (પૅન્થર્સ) ચિત્તાઓ.
Tigers (ટાઇગર્સ) વાઘો.
To cough (કૉફ) ખોંખારવું.
Hoarse (હોર્સ) જાડા સાદનો.
Propose (પ્રૅપોઝ) દરખાસ્ત કરું છું.
Do you all agree ?=તમને બધાને કબુલ છે ?
Knowing wink (ઉવિંક) (હું) જાણું છું એમ બતાવનારો આંખનો પલકારો.
Cold (કોલ્ડ) શાંત.
Steady (સ્ટેડિ) દ્રઢ. [થવું.
To part with (પાર્ટ) વિનાના

Already (ઑલ્રેડિ) અત્યાર સુધીમાં.
Advice (ઍડવાઇસ) સલાહ.
Reason (રીઝન) કારણ.
Giver (ગિવર) આપનાર.
Benefit (બેનિફિટ) લાભકારક થવું.

45-Washington the General.

સેનાપતિ વૉશિંગ્ટન.

Story (સ્ટોરિ) વાર્તા.
George Washington જ્યૉર્જ (ઉવૉશિંગ્ટન) સરદારનું નામ છે.
Truthful (ટ્રુથફુલ) સાચો; સત્યવાદી.
General (જનરલ) સરદાર; સેનાપતિ.
Was riding along (રાઇડિંગ) ઘોડેસ્વાર થઇ આગળ ચાલતો હતો.
Dressed (ડ્રેસ્ડ) પોશાક પહેરેલો.
Ordinary (ઑર્ડિનરિ) સાધારણ.
Gentleman (જેન્ટલમૅન) ગૃહસ્થ
Soldiers (સોલ્જર્સ) લડવૈઆઓ.
Trying to lift (ટ્રાઇંગ ટુ લિફ્ટ) ઉંચકવાની કોશિશ કરતા.
Heavy (હેવિ) ભારે.
Beam (બીમ) લાકડું.
Corporal (કૉર્પોરલ) નાયક.
Petty officer (પેટિ ઑફિસર) લશ્કરમાં ઉતરતા દરજ્જાનો અમલદાર.
Order (ઑર્ડર) હુકમ.
Tried very hard (ટ્રાઇડ) ઘણી મહેનત કીધી.
Although (ઑલધો) અગરજો.
Grand (ગ્રાન્ડ) મોટો; દબદબાવાળો
Heave away (હીવ) ઉંચકી નાંખો.
Push it (પુશ) હડસેલો.
Pull it (પુલ) ખેંચો.
Lift it (લિફ્ટ) ઉપાડો.
Why do you not take hold of the beam=તમે લાકડું પકડતા નથી?
Emperor (એમ્પરર) બાદશાહ.
Replied (રિપ્લાઇડ) જવાબ આપ્યો.
I beg your pardon(પાર્ડન) હું તમારી માફી માગું છું
Got off (ગૉટ) ઉતરી પડયો.
Took off=કાઢી નાંખ્યો.

With all his might=પોતાના સઘળા બળથી.
Silence (સાયલન્સ) ચુપકી.
Did not offer (ઑફર) આપી નહિ.
Put on=પહેર્યો.
Got on=બેઠો.
Enough (ઇનફ) પૂરતાં.
As if=જાણે.
You have hard work to do=તમારે કાંઇ મુશ્કેલ કામ હોય.
Could sink (સિંક) સમાઈ જાઉં.
He had not a word to say=તેનાથી એક શબ્દ પણ બોલાયો નહિ.

---

36 The two Goats.

બે બકરાં.

Silly (સિલિ) મૂર્ખ.
Walked on (બહાર) ફરવા ગયા.
Morning (મૉર્નિંગ) સવાર.
Light (લાઇટ) પ્રકાશ.
Mountain (માઉન્ટન) પહાડ.
Track (ટ્રૅક) રસ્તો; માર્ગ.
Paths (પાથ્સ) રસ્તાઓ.

Neither (નીધર) એમાંથી એકે નહીં.
In the least (લીસ્ટ) જરા પણ.
Would suit him best=તેને સૌથી વધારે અનુકૂળ આવશે.
White tailed=સફેદ પૂંછડીવાળો.
Stream (સ્ટ્રીમ) ઝરો.
At each other=એક બીજા તરફ.
Black tailed=કાળી પુંછડીવાળો.
Bridge (બ્રિડ્જ) પુલ.
Plank (પ્લૅન્ક) પાટીયું.
Narrow (નૅરો) સાંકડું.
To cross (ક્રૉસ) ઓળંગવું.
If he could cross (ક્રૉસ) જો તે ઓળંગી શકે.
If you please (પ્લીઝ) તમારી મરજી હોય તો.
Wait for (વેઇટ)ની રાહ જોવી.
Did the same=તેજ પ્રમાણે કીધું.
May I die for shame=હું શરમથી માર્યો જાઉં.
That may be true=તે ખરૂં હોય.
Equally (ઇકવલિ) સરખી રીતે.

Advanced (ઍડવાન્સ્ડ) આગળ વધ્યા.

Doesn't belong to you (બિલૉન્ગ) તમારી માલકીનો નથી

Began to fight=લડવા લાગ્યા.

Middle (મિડ્લ) મધ્ય ભાગ.

Slipped (સ્લિપ્ડ) લપસી ગયા.

Sank (સૅન્ક) ડુબી ગયા.

II The wise little Kids.

Kids (કિડ્ઝ) બકરીનાં બચ્ચાં.

It happened (હૅપન્ડ) એવું બન્યું.

Aged (એઇજેડ) ઘરડો.

Being the father=બાપ હોવાથી.

Sent for=બોલાવ્યા.

To serve (સર્વ) ખપ લાગવું.

Warning (વૉર્નિંગ) ચેતવણી.

Folly (ફૉલિ) મૂર્ખાઇ.

Nicer (નાઇસર) વધારે સુંદર.

Would be hard to find =જડવા મુશ્કેલ છે.

I remember (રિમેમ્બર) મને યાદ છે.

Except (એકસેપ્ટ) શિવાય.

Neither knew in the least=એમાંથી કોઇ જરા પણ જાણતું નહોતું.

Just as the other two did=જેમ બીજા બેએ કીધું.

Bowed (બાઉડ) નીચા વળ્યા. સલામ કીધી.

Polite (પોલાઇટ) વિવેકી.

You'll allow (ઍલાઉ) તમે રજા આપશો.

Vowed (વાઉડ) પણ લીધું.

Aside (ઍસાઇડ) બાજુએ.

Had passed (પાસ્ડ) પસાર થયું હતું.

Brink (બ્રિંક) કોર.

There is not room (રૂમ) જગા નથી.

Reached (રીચ્ડ) પહોંચ્યાં.

To pass (પાસ) જવાની.

To turn round (ટર્ન) ફરી જવું.

Were pale with fear= ભયથી ફિક્કા પડી જવું.

Manners (મૅનર્સ) રીતભાત.

Had not forgotten (ફરગૉટન) ભૂલી ગયા ન હતા.

Fate (ફેઇટ) નસીબ; તકદીર.

To quarrel (ક્વૉરલ) કજીઓ કરવો.
Comfort (કમ્ફર્ટ) સુખ.
Ease (ઇઝ) ચહેન. [જાઉં.
Lie down (લાઇ ડાઉન) સૂઇ
If you please (પ્લીઝ) જો તારી મરજી હોય.
Safety (સેઇફ્ટિ) સલામતી.
Accept (એક્સેપ્ટ) કબુલ કરજો.
My very best thanks (થેંક્સ) મારો ખરા અંતઃકરણનો ઉપકાર.

---

37 The Weaver, Birds and the Monkeys.

વણકર પક્ષીઓ અને વાંદરાઓ.

Weaver (વીવર) વણનારાં; વણકર.
Nullah (નલ્લા) નાળું.
Which leads down (લીડ્ઝ) જ્યાંથી જવાય છે. [નદી
The Narbada (નર્મદા) નર્મદા
Silk-cotton tree (સિલ્ક કૉટન) શેતુરનું ઝાડ.
Leafy (લીફિ) પાંદડાવાળી.
Branches (બ્રૅન્ચિઝ) શાખાઓ; ડાળીઓ.
Hung over (હંગ) લટકી રહી હતી.
Flock (ફ્લૉક) ટોળું.
Hanging (હૅંગિંગ) લટકતા.
Bottles (બૉટલ્ઝ) સીસા.
Downwads (ડાઉનવર્ડ્ઝ) નીચેની બાજુએ.
Necks (નેક્સ) ગરદન.
Leaves (લીવ્ઝ) પાંદડાં.
Feathers (ફેધર્સ) પીછાં.
In comfort (કમ્ફર્ટ) આનંદથી; ખુશીમાં; ચહેનથી.
Rays (રેઝ) કિરણો.
Could not get in=પ્રવેશ કરી શકતા નહોતા
To scorch=ગરમીથી બાળવું.
To wet (વેટ) ભીનું કરવું.
Monsoon (મોનસૂન) ચોમાસું; વરસાદની ઋતુ.
Set in=બેઠી.
Thick (થિક) જાડાં; ઘન.
Heavy rain=ભારે વરસાદ.
Snug (સ્નગ) સગવડવાળા.
Could not touch (ટચ) સ્પર્શ કરી શકતો નહોતો.
Close=પાસેના.
Herd (હર્ડ) ટોળું.
Wet (વેટ) ભીંજાઈ ગયલા.

Miserable (મિઝરેબલ) દુઃખી.
Shivered (શિવર્ડ) ધ્રૂજતાં.
Shook (શૂક) કાંપતાં.
Huddled (હડલ્ડ) એક બીજા સાથે ચપાઇને બેસતાં.
To get warm (ર્વૉર્મ) ગરમી પ્રાપ્ત કરવા; હુંફ મેળવવા.
To keep out (કીપ આઉટ) દૂર રાખવા.
Shivering (શિવરિંગ) ધ્રુજતાં.
To twitter (ટિવટર) ટી ટી અવાજ કરવો. [કરવો.
To chirp (ચર્પ) ચીં ચીં અવાજ
Twit (ટ્વિટ) પક્ષીનો અવાજ.
Bird language (લૅંગ્વેજ) પક્ષીની ભાષા.
Beaks (બીક્સ) ચાંચો.
Claws (ક્લૅાઝ) પંજાઓ.
Fault (ફૅલ્ટ) ભૂલ; અપરાધ.
Comfortable (કમ્ફર્ટેબલ) સુખી, સગવડવાળા.
Lazy (લેઝિ) સુસ્ત.
Idle (આઇડ્લ) આળસુ. [થયા.
Were not pleased=નાખુશ
At all=જરા પણ.
Grinned (ગ્રિન્ડ) દાંતીઆ કર્યાં.
Chattered (ચેટર્ડ) વાત કીધી.

Are making fun (ફન) મજાક કરો છો.
Mock (મૉક) મજાક કરવી.
Distress (ડિસ્ટ્રેસ) દુઃખ.
Wait a bit (વેઇટ) જરા સબુર રાખો.
Will teach you a lesson (લેસન) તમને ધડો આપશું.
Rain left off (લેફ્ટ) વરસાદ ઉઘડી ગયો.
Pulled to pieces (પુલ્ડ ટુ પીસીસ) ખેંચી તોડી કકડે કકડા કરી નાખ્યા.
Escaped (એસ્કેઇપ્ડ) નાસી ગયાં.
Ruined (રુઇન્ડ) નાશ પામેલાં.
Sadly (સૅડ્લિ) દિલગીરીથી.
What fools we were to make fun of monkeys =આપણે કેવા બેવકુફ (હતા) કે વાંદરાઓની મજાક કીધી.
They would have let us alone=તેઓ આપણને છેડત નહિ.

38 The Jackal who was dyed Blue.

ગળીના રંગમાં રંગાઈ ગયેલો શિઆળ.

Hungry (હંગ્રિ) ભૂખ્યો.

Prowling about (પ્રાઉલિંગ) આમતેમ છુપાતો છુપાતો.
Streets (સ્ટ્રીટ્સ) મહોલ્લા.
Town (ટાઉન) કસ્બો. [લેવા.
To pick up (પિક અપ) ઉંચકી
Had wandered (વૉન્ડર્ડ) ભટકતો હતો.
Fields (ફીલ્ડ્ઝ) ખેતરો.
Perhaps (પરહૅપ્સ) કદાચ.
People (પીપલ) લોકો.
Asleep (ઍસ્લીપ) ઉંઘતા.
Keep clear (ક્લીઅર) બચી જાઉં.
Sniffing (સ્નિફિંગ) સુંઘતા.
Poking his nose (પોકિંગ) નાક ઘોચતો; માથું મારતો.
Dyer (ડાયર) રંગરેજ; રંગારો.
Earned (અર્ન્ડ) પેદા કરતો.
Living (લિવિંગ) ગુજરાન.
By dying (ડાઈંગ) રંગીને.
Cloth (ક્લૉથ) કપડું.
Back yard (બૅક યાર્ડ) પાછલો વાડો.
Wooden (વુડન) લાકડાનું.
Vessel (વેસલ) વાસણ.
Dye (ડાય) રંગ.
Slipped (સ્લિપ્ડ) લપસી પડ્યો.

Stay (સ્ટે) થોભવું.
Wily (વાઇલિ) લુચ્ચું; પાકું.
Lay down (લેડાઉન) સુઈ ગયો.
Pretended (પ્રિટેન્ડેડ) ઢોંગ કીધો.
Dead (ડેડ) મરણ પામેલો.
Jungle (જંગલ) જંગલ.
Jumped (જમ્પ્ડ અપ) કુદીને ઉભો થયો. [પગ સુધી.
From head to foot=માથાથી
Rajahs (રાજાઝ) રાજાઓ.
Dress in blue=ગળીના રંગના કપડાં પહેરે છે.
Surely (શ્યુર્લિ) નક્કી.
Called together (ટુગેધર) ભેગા કીધા.
Speech (સ્પીચ) ભાષણ.
Changed (ચેઇન્જ્ડ) બદલી નાંખ્યો.
Colour (કલર) રંગ.
Royal (રૉયલ) પાદશાહી.
From this time forwards (ફૉરવર્ડ્ઝ) હવે પછી.
Obey (ઓબે) તાબે થવું.
Presents (પ્રેઝન્ટ્સ) નજરાણાં.
Were astonished (ઍસ્ટોનિશ્ડ) આશ્ચર્ય પામ્યા.
Thought (થૉટ) ને લાગ્યું; વિચાર્યું.

Reigned (રેઇન્ડ) રાજ્ય કરવા લાગ્યો.
Spread (સ્પ્રેડ) ફેલાઈ.
Deer (ડીઅર) હરણ;
Proud (પ્રાઉડ) અભિમાની.
Despise (ડિસ્પાઇઝ) ધિક્કારવું.
To keep company (કંપનિ) સોબતમાં રહેવું.
Night-howler=નિશાચર, રાત્રે ફરનાર.
Rest (રેસ્ટ) બાકીનાઓ.
Leave to me (લીવ) મને સોંપી દો.
Shameless(શેઇમલેસ) બેશરમ.
I will see to his own down fall (ડાઉન ફૉલ) એની કેમ પડતી આણવી તે હું ધ્યાન પર લઈશ.
After all (આફ્ટર) ગમે તેમ છે પણ.
Will hold (હોલ્ડ) ભેગું કરશે.
Durbar (દરબાર) દરબાર. રાજ્ય-સભા.
Yell (યેલ) બુમ.
Turned out (ટર્ન્ડ આઉટ) નિકળી આવ્યું; જણાઈ આવ્યું
At night-fall (નાઇટ ફૉલ) રાત પડતાં.
Fig tree (ફિગટ્રિ) અંજીરનું ઝાડ; અંજીરી.
Made his appearance (ઍપિઅરન્સ) દેખાવ દીધો; નજરે પડયો.
Pack (પૅક) ટોળું.
Yelled (યેલ્ડ) ચીસ પાડી.
Force (ફોર્સ) જુસ્સો; જોર.
Habit (હૅબિટ) ટેવ.
Howled (હાઉલ્ડ) બુમ પાડી.
Roared (રોર્ડ) ગર્જના કીધી.
Pretended (પ્રિટેન્ડેડ) ઢોંગ કીધો.
Impostors (ઇમ્પોસ્ટર્સ) ધુતારા, ઠગારા.
Must be punished (પનિશ્ડ) ને શિક્ષા થવી જોઇએ.
Blow (બ્લો) ઝપાટો.
Scampered (સ્કૅમ્પર્ડ) નાસી ગયા.
Rank (રૅન્ક) પદવી.
Rightly (રાઇટ્લિ) વાજબી રીતે.
Does not belong to him (બિલૉંગ) તેની માલીકીની નથી.
Grief (ગ્રીફ) શોક; દિલગીરી.
Before long (બિફોર લૉન્ગ) થોડીવારમાં.

પરમેશ્વરનું ડહાપણ અને શક્તિ.

હાશમ તેના બાપનો એકનો એક છોકરો હતો. તેનો બાપ તેને ઘણો ચાહતો હતો. તે એક હોંશિયાર છોકરો હતો. તે આઠ વર્ષનો થયો ત્યાં સુધી તેના બાપે તેને ઘેર શીખવ્યું હતું. તે વિદ્વાન અને ભકિતમાન માણસ હતો અને તેણે હાશમને એવી ઘણી ચીજો શિખવી હતી જે તેટલી ઉમ્મરના છોકરાઓ હંમેશા જાણતા નથી. જ્યારે હાશમની આઠમી વર્ષગાંઠ પસાર થઇ ત્યારે તેના બાપ તેને નિશાળે તેડી ગયા. નિશાળના શિક્ષકે હાશમને પૂછ્યું કે, તને શું આવડે છે? હાશમે કહ્યું, હું વાંચી શકું છું ને લખી શકું છું, શિક્ષકે કહ્યું, તને હિસાબ ગણતાં આવડે છે? તે છોકરાએ જવાબ આપ્યો, હા, હું હિસાબ ગણી શકું છું, મને કંઇક અંકગણિત આવડે છે. પછી હાશમનો બાપ જે પાસે ઉભો હતો તેના તરફ ફરીને શિક્ષકે કહ્યું, સાહેબ, તમે તમારા છોકરાને વાંચતાં લખતાં ને હિસાબ ગણતાં શિખવ્યું છે. તમે તે મહાન ઇશ્વર, તેની શકિત અને તેના ડહાપણ વિષે કાંઇ શિખવ્યું છે? તેના બાપે કહ્યું, હાશમને પુછો. પછી શિક્ષકે હાશમને કહ્યું, હું તને પરમેશ્વર વિષે ત્રણ સવાલ પુછીશ. હાશમ, તું મને કહી શકશે કે પરમેશ્વર કયાં છે? શું તને તારા બાપે તે શિખવ્યું છે? અને પરમેશ્વર શું જાણે છે તે તું મને કહી શકશે? ત્રીજી બાબત, પરમેશ્વર શું કરી શકે છે તે તું મને કહી શકશે? હાશમે જવાબ દીધો, સાહેબ, તમે મને જે પુછો છો તે કહેવાને હું પ્રયત્ન કરીશ. પણ હું એમ કરૂં તે પહેલાં જે ત્રણ બાબતો હું જાણતો નથી તે મને કહેવાનું હું પણ તમને પુછું? તે મને તમારા સવાલના જવાબ આપવામાં મદદ કરશે.

આઠ વર્ષનો નાનો છોકરો મને કોઇ સવાલ પુછે તેનો જવાબ હું સહેલાઇથી આપી શકીશ એવું ધારીને શિક્ષકે જવાબ દીધો, બહુ સારૂં, મારા છોકરા, જે ત્રણ બાબત તું જાણવા ઇચ્છે છે તે ત્રણ બાબત કઇ છે? હાશમે જવાબ દીધો, સાહેબ, પરમેશ્વર કયાં નથી એ

મોટી મહેરબાની કરીને પહેલાં મને કહેશો? બીજી બાબત એ કે પરમેશ્વર શું કરી શકતો નથી તે મને કહેશો? પછી પરમેશ્વર ક્યાં છે, પરમેશ્વર શું જાણે છે અને પરમેશ્વર શું કરી શકે છે તે હું તમને કહીશ. શિક્ષકે બુમ પાડીને કહ્યું, શાબાશ, હાશમ, તારા સવાલથી તેં પોતેજ મારા સવાલના જવાબ ઘણી સફાઇથી આપ્યા છે. તેણે હાશમના બાપને કહ્યું. સાહેબ, તમે તમારા છોકરાને સારૂં શિખવ્યું છે. પરમેશ્વરની શકિત ને ડહાપણ વિષે હું તેને વધારે શિખવી શકીશ નહિ. પણ બીજી બાબતો વિષે હું જે જાણું છું તે તેને ખુશીથી શિખવીશ.

૨. પ્રિન્સ ઑફ વેલ્સ અને છોકરો.

જ્યારે સાતમા એડવર્ડ રાજા પ્રિન્સ ઑફ વેલ્સ (ઇંગ્લંડના રાજ્યકર્તાના પાટવીકુમાર) હતા ત્યારે તેણે ઘણાં માયાળુ કૃત્ય કર્યાં હતાં, અને જે ઘણી વાર્તા કહેવાય છે તેમાંની આ એક છે અને તે ખરેખર સાચી વાત છે.

એક દિવસ તેણે મહેલના દરવાજા પાસે એક નાના છોકરાને દિલગીરીથી ડુસકાં ભરતાં જોયો, અગર જો મોડું થઇ ગયું હતું તોપણ તે ઉભા રહ્યા અને તે આટલો બધો કેમ રડે છે તે પુછયું. ચોકી કરતા સિપાઇએ શાહજાદાને કહ્યું, છોકરાની મરજી રાણીને જોવાની છે. અલબત મેં તેને કહ્યું-અને તે ત્યારનો રડે છે-કે રાણીને મળાશે નહિ. શાહજાદાએ તે છોકરાનો હાથ પકડયો ને ધીમેથી કહ્યું, મારી સાથે આવ; આ બધા સિપાઇઓ મારા હુકમમાં છે, રાણીને તું નક્કી મળશે. અને તેણે પોતાનો બોલ પાળ્યો. કારણકે વિકટોરિયા રાણી પાસે તે છોકરાને તે અંદર લઇ ગયા. તેણે આવી ઉમદા, આવી માયાળુ ને આવી દિલગીર સ્ત્રી કદી જોઇ નહોતી. જ્યારે તે છોકરાએ પોતાનું નામ ને પોતાની ઉમર કહ્યા. ત્યારે તેણે ઘણાં માયાળુ શબ્દ કહ્યા, અને તે તેને છોડીને ચાલ્યો ગયો તે પહેલાં તેણે તેને એક સોનાનો સિકકો આપ્યો. હવે ઘરડો થયલો અને ધોળા વાળવાળો તે નાનો છોકરો તેના

(રાણી વિક્ટોરિયાના) શબ્દો હજી આનંદથી યાદ કરે છે, અને જે સોનાનો સિક્કો રાણીએ તે દીવસે તેને આપ્યો હતો તે પોતાના મોટા ખજાના તરીકે સાચવી રાખે છે. વિક્ટોરિયા અને એડવર્ડ ગુજરી ગયા છે, પણ માયાળુ કૃત્યો કદી નાશ પામતાં નથી; તેમનાં નામો–તેઓ–આપણા અંતઃકરણમાં આજે પણ રહે છે, તે હંમેશને માટે આપણા અંતઃકરણમાં રહેશેજ.

૩. બીજાને માટે ઝાડો રોપવાં.

એક વખતે એક રાજા જે શિકારે બહાર નીકળ્યો હતો તેને એક ઘરડો માણસ જે આંબો રોપતો હતો તે મળ્યો. જે અમલદારો તેની સાથે હતા તેને રાજાએ કહ્યું, આ બુઢ્ઢો માણસ કેવો બેવકુફ છે? તે ધારે છે કે હું હજી જુવાન માણસ છું અને આ ઝાડનાં ફળ ખાવાને જીવીશ. સઘળા અમલદારો હસ્યા. પછી રાજાએ તે ઘરડા માણસને કહ્યું, તમારી ઉમર કેટલી છે? તે ઘરડા માણસે કહ્યું, મારા મહેરબાન, મારી ઉમર એંસી વર્ષની છે, પણ હું પરમેશ્વરનો પાડ માનું છું કે હું હજી જોરાવર અને તંદુરસ્ત છું. રાજાએ કહ્યું, તમારા ધારવા પ્રમાણે તમે હજી કયાં સુધી જીવશો? આ ઝાડ જેનાં ફળ તમે કદી ખાવાના નથી તે રોપવાની મહેનત તમે શા માટે લો છો? તે ઘરડા માણસે કહ્યું, મારા મહેરબાન, હું જાણું છું કે આ ઝાડનાં ફળ હું ખાઇ શકીશ નહિ, પણ અમારા–આપણા બાપદાદાએ જેમ કર્યું હોય તેમ કરવું એ અમારે–આપણે માટે વ્યાજબી છે. તેઓએ ઝાડ રોપ્યાં અને હમે–આપણે–હમણાં તેના ફળ ખાઇએ છીએ. આ ઝાડ હું એટલા માટે વાવું છું કે મારાં છોકરાં અને મારા છોકરાંના છોકરાં ફળ ખાય. રાજા એ જવાબથી ઘણો ખુશી થયો અને તે ઘરડા માણસને દશ રૂપિયાની ભેટ આપી ઘરડા માણસે હસીને કહ્યું, કોણ કહી શકે કે આ ઝાડ મેં નકામુ રોપ્યું છે? જે દીવસે મેં રોપ્યું તેજ દિવસે તેણે મને દશ રૂપેરી કેરીઓ આપી છે.

૪. ચામાચેણુ.

ચામાચેણુ એ ઘણું વિચિત્ર પ્રાણી છે. તે પક્ષી નથી, તોપણ તેને પાંખો હોય છે અને તે હવામાં ઉડી શકે છે. તે પાંખોવાળા ઉંદર જેવું દેખાય છે. તેની પાંખો પક્ષીની પાંખોની માફક પીંછાની બનેલી નથી, પણ પાતળી ચામડીની બનેલી છે. પક્ષીના આખા શરીરપર પીંછાં હોય છે, પણ ચામાચેણુના શરીરપર એક પીછું હોતું નથી. તે નરમ રૂઆંથી ઢંકાયલું હોય છે. પક્ષીઓને ચાંચ હોય છે જે વડે તે પોતાનો ખોરાક ઉંચકી લે છે, પણ ચામાચેણુને ઉંદરના જેવું મ્હોં ને દાંત હોય છે. તેને ઘણા તીણા દાંત હોય છે અને ઘણી સખત રીતે કરડી શકે છે, પક્ષીઓ ઈંડાં મુકે છે પણ ચામાચેણુને ઉંદરની માફક બચ્ચાં હોય છે. તેઓ પોતાનાં બચ્ચાંને ધવડાવે છે.

તમે ઘણા પક્ષીઓના માથા ઉપર એકે કાન જોઇ શકશો નહિ. પક્ષીને કાન હોય છે, પણ તે ઘણા નાના છે અને તેને ખોળી કાઢવા બહુ મુશ્કેલ છે; પણ ચામાચેણુને ઉંદરના જેવા મોટા કાન હોય છે. એક જાતની ચામાચેણુને તેના આખા શરીર જેટલા લાંબા કાન હોય છે. તે ધીમામાં ધીમો અવાજ સાંભળી શકે છે.

પશુ અને પક્ષીઓ બંનેને પગ હોય છે અને ચાલી શકે છે, પણ ચામાચેણુ ચાલી શકતી નથી; તેને ખરેખરા પગ નથી. તેને તેના પાછલા પગ ઉપર પંજા હોય છે જે વડે તે પોતે ટંગાઇ રહે છે. તે ભાગ્યેજ જમીન ઉપર જરા પણ ચાલી શકે છે. તે માત્ર હવામાં ઉડી શકે છે.

આખો દિવસ ગુફા અથવા જુના મકાન જેવી કોઇ અંધારી જગ્યામાં ચામાચેણુ પોતાની પાંખો વાળી દઇને અને પોતાનું માથું નીચે લટકતું રાખીને (ઉંધે માથે) પોતાના નહોરવડે ટંગાઇ રહે છે. કેટલાંક દહેરાં ચામાચેણુથી ભરપુર હોય છે. ચામાચેણુ સૂર્યના પ્રકાશિત અજવાળામાં જોઇ શકતી નથી. જ્યારે ચામાચેણુ દિવસે બહાર ઉડે છે

ત્યારે કાગડાઓ તેની પાછળ પડે છે અને તેને મારી નાંખે છે. પણ રાત્રે તે ઘણી સારી રીતે જોઇ શકે છે, અને તેથી અંધારામાં તદ્દન સહી સલામતીથી ઉડી શકે છે.

સૂર્યાસ્ત થાય છે કે તરતજ સઘળી ચામાચેણો બહાર નીકળી આવે છે, અને ખોરાક શોધવાને આમતેમ ઉડે છે. તેઓ ઘણી ઝડપથી હવામાં આમતેમ ફરી શકે છે અને ધસી શકે છે. તેઓ ઉડે છે ત્યારે નાનાં જીવડાં પકડે છે ને ખાઈ જાય છે.

કેટલીક ઘણી મોટી ચામાચેણો ઉડતી લોંકડીઓ કહેવાય છે. તેનાં શરીર જાડાં રૂઆંથી ઢંકાયલા હોય છે અને તેમનાં માથાં લોંકડીનાં માથાને કાંઇક મળતાં આવે છે. આખો દિવસ છાંયડાવાળા ઝાડમાં તેઓ પોતાના નહોરવડે લટકી રહે છે અને હમેશાં મોટી સંખ્યામાં એકઠી જોવામાં આવે છે. તેઓ ફળ ખાય છે. સૂર્યાસ્તની વખતે જે ફળના ઝાડો વિષે તેમને ખબર હોય છે તે ઝાડને રસ્તે હવામાં ઉડતી તેમની લાંબી હારો દેખાય છે. આખી રાત તેઓ ફળ માટે માંહોમાંહે લડતાં ને બુમો પાડતાં ફળ ખાઇને રહે છે. ફળના બગીચાના માલીકો ઉડતી લોંકડીઓ કે જે બધાં ફળ તરતજ ખાઇ જાય તેને રાતે નસાડી મૂકવાને માણસો રાખે છે.

૫. ચામાચેણ, પક્ષીઓ અને પશુઓ.

એક વખત હવામાં પક્ષીઓ સાથે પશુઓને લડાઇ થઇ. કયારે થઇ તે હું જાણતો નથી અને કયાં થઇ તે હું કહી શકતો નથી. પણ લડાઈ લાંબો વખત ચાલી, કારણ કે પશુઓ બળવાન હતા અને ઉડનારાં પક્ષીઓ પણ તેટલાંજ (બળવાન) હતાં. તે વખતે એક નાનું પ્રાણી હતું; તેને વિષે તમે સાંભળ્યું હશે. તે એક દિવસ પોતાને પશુ કહેતું, બીજે દિવસે પક્ષી કહેતું અને તે લુચ્ચું પ્રાણી હમેશાં જીતતી બાજુએ લડવાનો પ્રયત્ન કરતું; કદાચ હું તમને ખુશીથી કહીશ કે આ લુચ્ચું પ્રાણી ચામાચેણ હતું. એક દિવસ જ્યારે પશુઓ જીતતા

હતા ત્યારે તે તેના આગેવાન પાસે ગયું અને કહ્યું, મારા મિત્ર, હું પશુ છું; આમાં જો તમને રહેજ પણ શક આવતો હોય તો મારા માથામાંના દાંત તરફ જરા જુઓ. તમે કદી પક્ષીની ચાંચમાં દાંત જોયા છે અથવા તમારી જીંદગીમાં એક વખત તે વિષે સાંભળ્યું છે ? એવું કદી કોઇ પક્ષી છે કે જે જેવી રીતે ચામાચેણ અથવા તો તેની સ્ત્રી આપે છે તેમ પોતાનાં બચ્ચાંને દુધ આપે છે. અરે ! રણક્ષેત્રનાં પશુઓ, હું તમારા પક્ષમાં લડીશ; હું મરી જઇશ ત્યાં સુધી લડીશ, હું કદી તાબે થઇશ નહિ. બીજેજ દિવસે તેણે લોકોને એવું કહેતા સાંભળ્યા કે પશુઓ હારવા લાગ્યાં છે. જયારે તેણે આ સમાચાર સાંભળ્યા ત્યારે તે ધારતીમાં કુદ્યું અને તે ... બની તેટલી ઝડપથી તે લડાઇ (થતી હતી તે) તરફ ધસી ગયું. તે પક્ષીની મદદે ગયું, અને કહ્યું જુઓ, મારી માફક કોઇ પશુ હવામાં ઉડી શકે છે ? હું અહિં ઉડીશ, ત્યાં ઉડીશ અને હવામાં ઉડતાં પક્ષીઓ માટે આ લડાઇ જીતીશ.

આ પછી તરતજ કજીઓ પતાવવામાં આવ્યો, અને જે લડાઇ આટલો બધો વખત ચાલી હતી તે પુરી થઇ સલાહની વખતે પશુઓ અને પક્ષીઓ બધા સાથે ભપકાદાર મિજબાનીમાં આનંદ લેવા એકઠાં મળ્યાં. ઘણી બેઠકો હતી, પુષ્કળ ખાવાનું હતું અને પીવાનું પુષ્કળ હતું, અને જયારે મઝા શરૂ થઇ ત્યારેજ ત્યાં આવ્યું–તમારા ધારવા પ્રમાણે તે કોણ હોવું જોઇએ ? તમે ઝટ અટકળ કરશો કે તે આપણી મિત્ર ચામાચેણ હતી. તેણે સલામ કીધી અને પોતાના ચહેરા ઉપર હાસ્ય લાવીને કહ્યું, વહાલા મિત્રો, હું આશા રાખુ છું કે તમે મારે માટે જગા રાખી છે ! પશુઓએ કહ્યું, તુ પક્ષી છે. પક્ષીઓએ કહ્યું, તું પશુ છે. પણ બધાં સાથે બોલ્યાં, તું અમારી મિજબાનીમાથી ચાલી જા. તેથી બિચારી નાની ચામાચેણ તેમની નજર બહાર જતી રહી. ધોળે દિવસે દેખાવાને શરમાઇ ગઇ અને તે દરમાં સંતાઇ ગઇ, અને રાતે કે જયારે કોઇ આસપાસ ફરતું ન હોય તે સિવાય કદી બહાર

નીકળી નહીં. અને મને શક નથી કે તે દિવસથી દરેક ચામાચેણુ ગાઢ અંધકારથી જ્યાંસુધી તે જાણે નહિ કે પશુઓ અને પક્ષીઓ ઉંઘવા ગયા છે ત્યાં સુધી તે પોતાની ગુફામાંથી બહાર નીકળતાં બીએ છે ને શરમાય છે તેનું એજ કારણ છે.

૬. જે બિલાડીઓ કોરટમાં ગઇ તે.

એક વખત બે બિલાડાઓ હતી કે જે એકજ શહેરમાં રહેતી હતી અને ખાસ મિત્ર હતી. એક દિવસે બપોરે તેઓ સાથે ફરવાને નીકળી, અને ખુલ્લી બારીવાળા એક ઘર પાસે આવી. બિલાડીઓ કદી ઉઘાડી બારીમાં અંદર ડોકીયું કર્યા વગર પેસતી નથી. તે બે બિલાડીઓ ઉભી રહી અને ઓરડામાં જોતાં તે બંનેએ એકી વખતે એક ટેબલપર રોટલો જોયો. ઓરડામાં કોઇ ન્હોતું, તેથી બંને બિલાડી ધીમેથી અંદર કુદી પડી અને ટેબલપર કુદકો મારી ચઢી ગઇ. તેઓએ રોટલો ઉપાડી લીધો, અને જ્યાં સુધી તેના બે કકડા થઇ ગયા ત્યાં સુધી તેની ખેંચાખેંચ કરી. દરેક બિલાડીએ પોતે જે કકડો પકડ્યો હતો તે લીધો. અને બહારની બાજુએ જમીન ઉપર કુદી પડી. પછી તેઓ રોટલો ખાવાને વાડામાં દોડી ગઇ. પણ એક કકડો બીજા કરતાં મોટો હતો. એક બિલાડીએ કહ્યું, આ કકડો મારો છે, હું તે અહિં લાવી છું. બીજીએ કહ્યું, અરે નહિ, આપણે બંનેએ એકી વખતે રોટલો જોયો, આપણામાંના દરેકે સરખો ભાગ લેવો જોઇએ. પહેલી બિલાડીએ કહ્યું, હું મારો કકડો છોડી દઇશ નહિ. બીજીએ જવાબ આપ્યો, તારે છોડી દેવો પડશે. પછી તેઓ લડવા મંડી અને એક બીજાને ન્હોર દેવા લાગી. એક લુચ્ચો વાંદરો વાડીની દિવાલ ઉપર બેઠો હતો તેણે બિલાડીઓને કહ્યું, તમે રોટલા માટે શા સારૂ લડો છો? તમે એકમત થતા નથી તો તમે કોરટમાં કેમ જતા નથી? ન્યાયાધીશ તમારી બંને વચ્ચેની તકરાર યોગ્ય રીતે ચુકવશે. બંને બિલાડીએ કહ્યું, હા, હા; ચાલો આપણે કોરટમાં જઇએ તેથી બિલાડીઓ કોરટમાં ગઇ. વાંદરો ન્યાયાધીશ હતો (થયો) અને દિવાલના મથાળા ઉપર સુંદર

છાંયડાવાળી જગ્યામાં તેણે પોતાની કચેરી તેણે ભરી. તેણે શરૂ કર્યું, હા, હું જોઉં છું. આ કકડો બીજા કરતાં વધારે મોટો દેખાય છે. પણ મારી ખાતરી કરવા દો, હું તેને તોળીશ. તેથી તેણે ત્રાજવું ઉપાડયું અને તાજવાના દરેક પલ્લામાં એકેક ટુકડો મુકીને રોટલાના બંને કકડા તોળ્યા. ન્યાયાધીશે કહ્યું, તે મારા ધાર્યા પ્રમાણેજ છે. આ કકડો તેના કરતાં ભારે છે; મારે તે જરા વધારે હલકો કરવો જોઇએ. તેથી તેણે મોટા કકડામાંથી થોડો કરડી ખાધો અને ત્રાજવાના પલ્લામાં તે પાછો મુકયો. તેણે ટીકા કીધી કે હવે બીજો વધારે ભારે છે અને તેમાંથી થોડો કરડી ખાધો. હવે બિલાડીને ચટપટી થવા લાગી. તેઓએ કહ્યું, રોટલો હમને પાછો આપો. એક કકડો બીજા કરતાં મોટો હશે તેની હમને દરકાર નથી. હમે પુરેપુરો સંતોષ પામ્યા છીએ. નિષ્પક્ષપાતી ન્યાયાધીશે જવાબ આપ્યો, મારી વહાલી બાઇઓ, (જો) તમે તદન સંતોષ પામ્યા છો પણ કોરટ સંતોષ પામી નથી. બે કકડા તદન સરખા કરવા જોઇએ. તેથી આખરે જયાં સુધી બે નાના કકડા રહ્યા ત્યાં સુધી પહેલાં એક કકડો અને પછી બીજો કરડવાનું તેણે જારી રાખ્યું. ન્યાયાધીશે કહ્યું, હવે તપાસ પુરી થઇ છે. આ બે કકડા કદ અને વજનમાં બરોબર છે. બિલાડીએ કહ્યું, તે હમને આપી દો. વાંદરાએ જવાબ આપ્યો, ખરેખર નહિ, શું તમે એમ ધારો છો કે આ બધી મહેનત મેં નકામી કરી છે? મુકરદમો ચલાવવાનું મારૂં લવાજમ મને મળવું જોઇએ. આમ કહીને જે બાકી રહ્યું હતું તે પોતાના મોમાં મુકીને ગટ કરી ગયો. અને કોરટ બરખાસ્ત કરી. કોરટે જવાથી બે બિલાડીને જે મળ્યું તે આ હતું.

૭ નમ્રતાથી બોલો.

નમ્રતાથી બોલો! ધાસ્તી બતાવી અધિકાર ચલાવવો તેના કરતાં પ્રીતિ બતાવી અધિકાર ચલાવવો એ ઘણુંજ સારૂં છે; નમ્રતાથી બોલો! આ દુનિયામા આપણે જે ભલાઇના કામ કરીએ તે કઠોર શબ્દો બોલી બગાડો નહિ. નાના બાળકો સાથે નમ્રતાથી બોલો, તેનો પ્રેમ ખચિત

પ્રાપ્ત કરો; તેને ધીમા અને નમ્ર અવાજે શિખવો; તે (બાળક) લાંબો વખત રહે-જીવે-નહિ. ઘરડા સાથે નરમાશથી બોલો, ચિંતાથી ઘસાઇ ગયલાં અંતઃકરણને સંતાપ આપો નહિ. (તેમના), જીવનનો માર્ગ લગભગ વહી ગયો છે; આવાને શાંતિમાં આ દુનિયા છોડવા દો. ગરીબ તરફ નમ્રતાથી અને માયાથી બોલો, કોઇ કઠોર અવાજ સંભળાવા દો નહિ. તેઓને પુરતું દુઃખ છે, તેઓએ અપ્રિય શબ્દ સાંભળ્યા શિવાય તે સહન કરવું જોઇએ. નમ્રતાથી બોલો, તે નજીવી વાત છે, અને તે સારી રીતે કરવાને પ્રયત્ન કરો! (નમ્રતાથી બોલવાથી) જે ભલાઇ અને આનંદ મળશે તે ભવિષ્યમાં લાંબા વખત સુધી જણાશે.

૮. ગુલાબનું ફુલ.

ગુલાબ એ સુંદર ફુલ છે. બીજાં કેટલાંક ફુલો છે કે જે તેટલી મીઠી સુગંધ આપે છે, પણ એટલાં સુંદર નથી. બીજાં ફુલો છે જે એટલાંજ સુંદર છે, પણ તે એટલી મીઠી સુગંધ આપતાં નથી. દુનિયામાં એવું કોઇ ફુલ નથી જે ગુલાબ જેવું સુંદર અને મીઠી વાસવાળુ હોય. તેટલા માટે તે ફુલોની રાણી-ફુલોનો શિરોમણી-કહેવાય છે.

દુનિયાના ઘણાખરા ભાગમાં ગુલાબ પુષ્કળ ઉગે છે. પણ જંગલી (વાવેલા નહિ તે) ગુલાબ વાડીના ગુલાબ જેવાં મોટાં કે એટલાં સુંદર હોતાં નથી, અને તે એટલી મીઠી સુગંધ આપતાં નથી. ઈંગ્લંડમાં દરેક વાડીમાં આ મીઠી સુગંધવાળું ફુલ નજરે પડે છે અને તે શિવાય કોઇ પણ વાડી સંપૂર્ણ ન ગણાય. ગુલાબની સેંકડો જાતો હોય છે, કેટલાંક મોટાં ને કેટલાંક નાનાં. તે જુદા જુદા રંગનાં હોય છે. કેટલાંક ધોળાં, કેટલાંક રાતાં, કેટલાંક પીળાં. એક એવો રંગ છે કે જેને ગુલાબી રંગ કહે છે જે છોકરાં ઠંડા દેશોમાં રહે છે તેના ગાલપર લાલ રંગ દેખાય છે અને તે તંદુરસ્તીની નીશાની છે. ગુલાબ મોટાં ઝાડપર ઉગતાં નથી પણ નાના છોડ ઉપર ઉગે છે. આ છોડને મોટે ભાગે તીણા કાંટા હોય છે. જો તમે તેને અડકો તો તમારી આંગળીમાં તે ભોંકાઇ જશે. સૌથી મીઠી સુગંધવાળાં કેટલાંક ગુલાબને ઘણા તીણા કાંટા હોય છે.

એક વખત દિલ્હીમાં નુરજહાં અથવા દુનિયાનું તેજ એ નામની એક અતિસ્વરૂપવાન રાણી હતી. તેનો ધણી જહાંગીર નામે મહાન મોગલ બાદશાહ હતો. પાણીમાં ખુશબો લાવવાને પોતાના નાહવાનાં પાણીમાં તે વારંવાર ગુલાબનાં ફુલો નાંખતી. એકવાર બે ત્રણ દિવસ સુધી નહાવાના પાણીમાં ગુલાબનાં ફુલ રહી ગયાં. એવું બન્યું કે રાણીની નજર તેના ઉપર પડી અને પાણીને મથાળે તરતું એક જાતનું તેલ તેણે જોયું. તે પોતાના રૂમાલથી તેને અડકી અને તેને માલમ પડયું કે તેમાં ઘણી મધુર વાસ છે. તેણે તેને જહાંગીરનું અત્તર અથવા જહાંગીરની સુગંધી એવું નામ આપ્યું. હિંદુસ્તાનમાં તે સૌથી મીઠી વાસવાળી ચીજ હોવાથી તે હવે અત્તર કે સુગંધી કહેવાય છે. તેને યુરોપમાં ગુલાબનું અત્તર કહે છે.

ઇરાન, તુર્કસ્તાન અને કાશ્મીરના બગીચામાં તેમાંથી જે સુગંધી અત્તર બને છે તેને લીધે ગુલાબ જથાબંધ ઉગાડવામાં આવે છે સેન્ટ (સુગંધીમય પદાર્થ) બે જાતિનું હોય છે, એક ગુલાબજળ કહેવાતું સામાન્ય જાતનું અને ગુલાબનું અત્તર જે ઘણું દુર્લભ ને ભારે કીમતનું હોય છે તે. તાજાં તોડેલાં સંખ્યાબંધ ગુલાબ થોડાં પાણીવાળાં બંધ વાસણમાં મુકીને ગુલાબજળ બનાવવામાં આવે છે. પછી વાસણને તપાવે છે. જે વરાળ ઉંચે ચઢે છે તેને નળીમાં થઇને એક ઠંડા પાણીના વાસણમાં પસાર કરે છે જ્યાં તેનું પાછું પાણી થઇ જાય છે. આ ગુલાબજળ છે. ગુલાબજળમાંથી ગુલાબનું અત્તર બને છે. ગુલાબજળને મોટા છાછરા પેણામાં રેડે છે ને તે વાસણને કેટલાક દિવસ સુધી હવામાં બહાર મુકે છે. રાતમાં પાણીને મથાળે થોડું તેલ તરી આવે છે. આ એક પીંછાથી સંભાળથી લઇ લેવામાં આવે છે. તે ગુલાબનું અત્તર છે. તે ઘણું કીમતી છે, એક તોલો અથવા એક રૂપિયાભાર અત્તર તૈયાર કરવાને એક લાખ ગુલાબ જોઇએ છે. આ (તેલ ઘણીવાર સો રૂપિયે વેચાય છે. જ્યારે પૈસાદાર લોકો પોતાને ઘેર મુલાકાત લેવા કોઇનેઆમંત્રણ કરે છે ત્યારે તેઓ પેલા પરોણાઓ ઉઠી જાય ત્યારે તેમના ઉપર ગુલાબજળ અને કોઇવાર ગુલાબનું અત્તર છાંટે છે.

૯. દરજી અને સુથાર.

(૧) એકવાર બે મિત્રો મુસાફરીએ નીકળ્યા. આ વાત પ્રાચીન કાળની કહેવાય છે. એક ઉંચો ને મજબુત સુથાર હતો, બીજો નાનો પણ બહાદુર દરજી હતો. (૨) તેમનો રસ્તો ગાઢ અંધારાવાળા જંગલમાં થઇને જતો હતો, તે ઝાડીઓ, ખડકો અને ઝાડમાં થઇને (લઇ જતો) હતો. દરજીએ પોતાના મિત્રને કહ્યું. જો કોઇ ક્રુર, જંગલી પ્રાણી નીકળી આવે તો આપણે શું કરશું? (૩) સુથારે પતરાજીથી કહ્યું, હું તરતજ તે પશુને કાઢી મુકીશ; ગભરાતો નહિં! મારા નાના મિત્ર, જ્યાં સુધી હું અહીં છું ત્યાં સુધી આજે તને કાંઇ ઇજા થશે નહીં. (૪) પણ ભાગ્યેજ તેણે એમ કહ્યું કે મારા પર વિશ્વાસ રાખ તેટલામાં જંગલમાંથી એક મોટું રાખોડી રંગનું રીંછ ધસી આવ્યું. ઉંચા ને મજબુત સુથારનો ગભરાટ જોઇને તમે મોટેથી હસ્યા હોત. (૫) છેક પાસેના ઝાડ તરફ તે જલદીથી દોડયો અને ઉંચી ડાળીએ ચઢી ગયો. જે નાના માણસને બચાવવાને થોડી વાર પહેલાં તેણે વચન આપ્યું હતું તે નાના માણસ વિષે તેણે જરા પણ વિચાર કર્યો નહિ. (૬) દરજી બહાદુર હતો–તેણે જરા અવાજ કીધો નહિ, તે એક શબ્દ બોલ્યો નહિ–પણ દોડી જવાને બદલે જમીન ઉપર તદન શાંત પડયો, જેથી જણાયું કે તે બહાદુર છે એટલુંજ નહિ પણ લુચ્ચો છે. (૭) જ્યારે તે પડયો ત્યારે તે રીંછ તેની આસપાસ ફર્યું. તેના પગ સુંઘ્યા અને તેના નિમાળા સુંઘ્યાં, પછી અરે! એ સખસ તો મરી ગયો છે એ હું ખાત્રીથી કહું છું એમ જાણે તે કહેતું હોય તેમ ગુર ગુર અવાજ કરતું તે ચાલ્યું ગયું. (૮) જ્યારે રીંછ જતું રહ્યું ત્યારે તે સુથાર ફરીથી ઘણો બહાદુર થયો, તેણે કહ્યું, મારા વહાલા નાના મિત્ર તને તેણે શું કહ્યું? તમારા કાનમાં તેણે શું કહ્યું? (૯) દરજીએ કહ્યું, મારા મિત્ર, જે પતરાજીખોર કંઇ પણ ચેતવણી આપ્યા વગર નાસી જાય છે તેની સાથે કાંઇ કામ પાડો નહિ. રીંછે મને જે કાનમાં કહ્યું તે આ છે. હું તેની શિખામણ માનવા ઇરાદો રાખું છું. સાહેબજી!

૧૦ ચોખા.

દુનિયાના અડધા લોકોના કરતાં વધારેનો મુખ્ય ખોરાક ચોખા છે. સઘળા ગરમ દેશો જ્યાં ઘણો વરસાદ પડે છે ત્યાં તે સારી રીતે ઉગે છે. કારણ કે તેને બરાબર ઉગાડવાને પુષ્કળ પાણી જોઇએ છે. ડાંગરના છોડને ભાતના તરૂ કહે છે. જ્યારે દાણાને સાફ કરવામાં આવે છે અને ખાવાને લાયક થાય છે ત્યારે તે ચોખા કહેવાય છે. હવે વરસાદની ૠતુ શરૂ થઈ છે. તળાવો બધાં ભરાઇ જાય છે નદીઓ પણ પાણીથી ભરાય છે અને ગામડાના લગભગ બધા લોકો હવે ડાંગર વાવવાના કામમાં લાગ્યા છે. ખેડુત પોતાના બળદ અને પોતાનાં હળ ખેતરમાં લઇ જાય છે, અને જ્યાં સુધી મટોડી પોચી થાય નહિ ત્યાં સુધી તેને ઉપરાઉપરી ખેડે છે. ખેતરના એક ખુણામાં તે કેટલાંક ભાતનાં બીયાં વાવે છે. જ્યારે ડાંગરના નાના છોડ આસરે એકાદ ફુટ ઉંચા વધે છે ત્યારે તે પોચી માટીમાંથી તેને મૂળિયાં સહિત બહાર ખેંચી કાઢે છે, અને તેના ભારા બાંધે છે. પછી માણસો નાના છોડના ભારાઓ બૈરાંઓ કે જેઓ ખેતરને એક છેડેથી બીજે છેડે સુધી હારમાં ઉભા હોય છે તેમની પાસે લાવે છે. બૈરાંઓ તે છોડ લે છે ને તેને પોચા કાદવમાં હડસેલે છે-દાબે છે. થોડા દિવસ પછી નાના ડાંગરના છોડવાને મૂળ બાઝે છે અને તે ઉગવા માંડે છે. તે ઘણા તરસ્યા હોય છે. તેને પીવાને ઘણું પાણી જોઇએ છે. તેના મૂળિયાં જમીનમાંથી ખોરાક ચુસી લે છે. તે દિવસે દિવસે મોટા થતા જાય છે. આખરે બે માસ પછી ડાંગર પાકે છે. દરેક સાંઠાને છેડે પચાસ સાઠ ચોખાના દાણા ઉગશે. પહેલ વહેલાં ડાંગર લીલી, પછી બદામી રંગની અને પછી પીળા રંગની દેખાય છે. દાણા એટલા ભારે હોય છે કે છોડ એક બાજુએ નમી પડે છે. હવે વરસાદ બંધ થયો છે અને ચકચકિત સૂર્ય પ્રકાશે છે. ડાંગરની કાપણી કરવાનો હવે વખત થયો છે. માણસો દાતરડાં લઇને ખેતરમાં જાય છે, અને પાકેલા દાણાને કાપી લે છે અને બધાને એક જગ્યાએ મુકે છે. જ્યારે બધા ખેતરોની

કાપણી થઇ રહે ત્યારે દાણાને પરાળમાંથી છુટા પાડવા જોઇએ. ખેડુત ડાંગરના ભારા ઉપર પોતાના બળદો ગોળને ગોળ હાંકે છે. થોડા વખત પછી દાણા પરાળમાંથી છુટા પડી જાય છે. પરાળ લઇ લેવામાં આવે છે અને દાણાને ટોપલીમાં ભરવામાં આવે છે. ખેડુત લીસી સાફ કરેલી જગ્યા પસંદ કરે છે, અને જે ચારણીને પોતે ઉંચે પકડી રાખે છે તેમાંથી દાણાને જોસભેર બહાર પાડે છે, અને પવન પરાળનાં ઝીણાં તણખલાંને ઉરાડી મુકે છે. જમીન ઉપર ભારે ડાંગરનો ઢગલો (થઇ) પડે છે.

૧૧ કીડી અને તીડો.

તીડો સુકા ઘાસના ખેતરમાં આખો દિવસ આનંદથી ચીં ચીં કરતાં, ચળકતા તડકામાં પોતાની મેળે મઝા લેતાં સવારથી સાંજ સુધી ઠેકડા મારતા ને કુદતાં ફરતાં હતાં. તેઓ કદી થાકતાં નહિ અથવા ભુખ્યા થતાં નહિ કે દિલગીરીનો વિચાર કરતા નહિ. વાદળું કાલે અંધકાર કરે એ વિચાર કદી કર્યા વગર પ્રકાશિત ગરમ હવામાં તે નાનાં આનંદી પ્રાણીઓ કુદતાં, નાચતાં અને સાથે હસતાં.

એક કીડી તે સુકા ઘાસના ખેતરમાં થઇને ઘઉંનું કણુસલું લઇ ઉદ્યોગથી અટકયા વગર ફરતી મહા મહેનતે જતી હતી. તે વખતે તે પેલા કણુસલાને પોતાના દરમાં સંભાળથી ઘેર લઇ જવાનો બનતો પ્રયત્ન કરતી હતી. એક નાના તીડે બુમ પાડીને કહ્યું, અરે! ઉભી રહે! ઉભી રહે! ઉભી રહે! બોલ્યા ચાલ્યા વગર જતા રહેવું એ ઘણું અયોગ્ય છે! કીડીએ જવાબ આપ્યો, મહેરબાની કરી મને માફ કરો, મારે અવિવેકી થવું નથી, પણ આજે હું કામમાં છું. અરે મહેરબાની કરીને એક મિનિટ ઉભી રહે ને આપણે સારી વાતચીત કરીએ. કીડીએ કહ્યું, ના, ના, તે હું કરી શકતી નથી. હું આ દાણો મારા નાના ભંડારમાં ઉમેરીશ અને પછી પાછી જઇશ અને થોડા વધારે લઇ આવીશ. જ્યારે દિવસો લાંબા છે અને ચકચકિત ગરમ સુર્યનો પ્રકાશ

અને બળવાન રાખે છે ત્યારે હું સખત મહેનત ન કરૂં તો જ્યારે વરસાદ તુટી પડે ત્યારે હું ખોરાક વગર રહું. ડાહ્યો થા ! અને જ્યાં સુધી ચકચકિત દિવસો પહોંચે ત્યાં સુધી સખત મહેનત કર. તીડે કહ્યું, વરસાદ વિષે વિચાર કરવામાં હું કાંઇ લાભ જોતો નથી. અહિં પુષ્કળ ખોરાક છે. મને લાગે છે કે નિરંતરની મહેનતમાં તમારા દિવસ ગુમાવવાથી તમારી જીંદગી તમે બગાડો છો. તેથી કીડી પોતાનો બોજો ઉપાડીને પોતાને માર્ગે ચાલી ગઇ અને તીડો સુકા ઘાસમાં આમ તેમ રમ્યા. પણ કીડી પોતે જાણતી હતી તે વિષે કહેતી હતી અને તીડોને માલમ પડયું કે તેના શબ્દો સાચા હતા. વરસાદ પડયો; જ્યારે તેઓ મરવા પડયા ત્યારે તડકાવાળા દિવસની તે કીડી વિષે તેઓએ વિચાર કર્યો, અને બાકીનાને ધીમેથી કહ્યું, તેણે આપણને જે કહ્યું તે જો આપણે કર્યું હોત તો સૌથી સારૂં થાત. જ્યારે દિવસો લાંબા હોય અને સુર્યના તડકામાં તમે રમો ત્યારે વરસાદના દિવસ માટે ભરી રાખવાનું ભૂલતા નહિ.

૧૨ મોડો લતીફ.

લતીફ આઠ વર્ષની ઉમરનો છોકરો હતો. તેને માયાળુ બાપ, મા અને સુખી ઘર હતા. સામાન્ય રીતે તે એક સારો છોકરો હતો અને તેનાં માબાપ કહેતાં તેમ કરતો. પણ તેનામાં એક મોટી એબ હતી. તે કોઇ પણ ચીજ કદી વખતસર કરતો નહિ. તે હમેશાં મોડો થતો. જ્યારે તે છ વર્ષનો થયો ત્યારે તેને નિશાળે બેસાડવામાં આવ્યો. પહેલે દિવસે તેના બાપ તેની સાથે ગયા અને મહેતાજીએ તેને દરરોજ સાત વાગતે જ્યારે નિશાળ ઉઘડે ત્યારે આવવાનું કહ્યું. પણ પહેલેજ દિવસે તે પાંચ મિનિટ મોડો થયો. બીજે દિવસે તે પાછો મોડો થયો. અને જ્યારે તે એક અઠવાડિયાં સુધી દરરોજ મોડો થયો ત્યારે મહેતાજીએ કહ્યું, આમ કેમ ? તમે હમેશાં મોડા આવો છો. અમારે તમને "મોડા લતીફ" કહેવો જોઇએ. સઘળા છોક-

રાએ મહેતાજીને આ પ્રમાણે કહેતાં સાંભળ્યું. તે વખતથી તેઓ સઘળા તે નાના છોકરાને મોડા લતીફ કહેતા. તે બહુ શરમાયો પણ તેણે મોડા આવવાનું જારી રાખ્યું. ઘેર પણ તેજ પ્રમાણે હતું. છ વાગતે તેની માએ તેને ઊઠવાનું કહ્યું. પણ લતીફ બીજી દશ મિનિટ પથારીમાં પડી રહ્યો. તેના બાપે કહ્યું, નાસ્તો તૈયાર છે. પણ લતીફે વાડીમાં પા કલાક સુધી રમ્યા કર્યું. અને જ્યારે તે અંદર આવ્યો ત્યારે તેનો ખોરાક ટાઢો થઈ ગયો. તેના મોટા ભાઇએ કહ્યું, હમણા આ કાગળ ટપાલ ઓફીસ લઇ જા. હમણાં ત્રણ વાગ્યા છે અને સાડાત્રણ વાગતે ટપાલ જશે. લતીફે કાગળ લીધો પણ રસ્તે એક બીજો છોકરો તેને મળ્યો અને તેનો કનકવો ઉડાવવામાં તેને મદદ કરવાને ઉભો રહ્યો. તે ચાર વાગતે ટપાલ ઓફીસે પહોંચ્યો અને તે દિવસની ટપાલ ઉપડી ગઇ હતી. લતીફ રહેતો હતો તે શહેરથી આશરે વીસ માઇલ ઉપર વરસમાં એકવાર મોટો મેળો ભરાતો હતો. જેનાથી બને તે દરેક માણસ ત્યાં રમતગમત જોવાને અને ચીજો ખરીદવાને જતાં. ત્યાં મરતો, બાજીગરો, રમતગમતો, અને બજાર હતાં કે જ્યાંથી તમારે જોઇતી કોઇ પણ ચીજ તમે ખરીદ કરી શકો. ત્યાં કનકવા, દડા, ભમરડા. પુતળીઓ અને મીઠાઇ હતાં; અને માબાપો પોતાના છોકરા માટે તે ખરીદતા. લતીફના માબાપ રહેતા હતા તેમ જે લોકો દૂર રહેતા હતા તેઓ આગગાડીમાં બેસી મેળો જોવા જતા. લતીફ, તેના ભાઇઓ અને બહેનો ઘણા વખતથી મેળો જોવાની આતુરતાથી રાહ જોતાં હતાં તે દિવસે રજા પડવાની હતી, કારણ કે સઘળા છોકરાની મેળામાં જવાની ઇચ્છા હતી અને મહેતાજીની પણ ઇચ્છા હતી. તે મેળામાં ચોપડીઓ પણ વેચાતી હતી અને તે કેટલીક ચોપડીઓ અને પોતાને માટે નવું કપડું ખરીદવા ઇચ્છતા હતા. તેના (લતીફના) બાપે કહ્યું, આપણે સઘળા આવતી કાલે આઠ વાગતે રેલ્વે સ્ટેશને જઇશું ગાડી સાડા આઠે ઉપડે છે. તમે બધા આઠ વાગતે તૈયાર થજો—રહેજો. લતીફ તરફ જોઇને તેણે વધારામાં કહ્યું, અને ધ્યાન રાખ કે તું મોડો થાય.

નહિ. આગગાડી કોઇની રાહ જોતી નથી. જો આપણે ત્યાં વખતસર પહોંચીએ નહિ તો આપણે પાછળ પડીશું. આપણે મેળામાંથી ખાવાને ખોરાક ખરીદશું અને સાંજે પાછા આવાશું. બીજે દિવસે સહવારે દરેક જણ વહેલું ઉઠયું. લતીફે બાકીનાની સાથે પોતાનો નાસ્તો લીધો. પણ આઠ વાગતે જ્યારે તેના બાપે એક સાથે નીકળવાને છોકરાને બોલાવ્યા ત્યારે લતીફ ત્યાં નહતો. તેના બાપે બુમ પાડી, અરે લતીફ ! લતીફ ! અમે જઇએ છીએ. પણ લતીફ દેખાયો નહિ. તેની માએ કહ્યું, તે આગળ ગયો હશે. કદાચ મોડા થવાની એને બીક લાગી છે. તેના બાપે જવાબ દીધો, બહુ સારૂં. આપણે રાહ જોઇ શકતા નથી, નહિ તો આપણે ગાડી ચુકી જઇશું. તેથી તેઓ નીકળ્યા; પણ જ્યારે તેઓ સ્ટેશને પહોંચ્યા ત્યારે લતીફ ત્યાં નહોતો. તેના બાપે ટીકીટો ખરીદી અને થોડીવાર તેની રાહ જોઇ. આગગાડીના ગાર્ડે કહ્યું બેસી જાઓ; ઉતાવળ કરો, નહિ તો તમને જગ્યા નહિ મળે. ગાડી લગભગ ભરાઇ ગઇ છે. તેથી તેઓ સઘળા—લતીફનો બાપ, તેની મા, ભાઇઓ અને બહેનો ગાડીમાં બેસી ગયા. બરાબર સાડા આઠે સ્ટેશન માસ્તરે સિસોટી વગાડી અને ગાડી ઉપડી. બની શકે તેટલી ઝડપથી પ્લૅટ ફૉર્મ ઉપર એ કોણ દોડે છે ? તે મોડો લતીફ છે. તેની ટોપી જ્યારે પડી જાય છે ત્યારે તે બુમ પાડે છે, ઉભી રહે ! ઉભી રહે ! મારે અંદર જવું છે. પણ ગાડી કોઇને માટે ઉભી રહેતી નથી. સ્ટેશન માસ્તર બુમ પાડે છે, પાછો જા ! પાછો જા ! અને ગાડી ચાલી જાય છે. પોતાનાં મા બાપ અને બાકીનાને બારી બહાર જોતાં લતીફ જુએ છે પણ તે પાછળ રહી ગયો છે. હું વખતસર સ્ટેશને પહોંચીશ એવું ધારીને તે સવારે તેણે રમ્યા કર્યું હતું. પણ તે હદપાર મોડો થયો હતો.

૧૩ શિયાળ સાહેબ અને બગલા સાહેબ.

શિયાળે બગલાને કહ્યું, હે વહાલા મિત્ર, આજ રાત્રે નવ વાગતે તમે આવશો ને મારી સાથે જમશો ? જવાબમાં બગલાએ કહ્યું,

તેથી મને આનંદ થશે. હું ખુશી થાઉં છું કે આજ રાત્રે મને ફુરસદ છે. તમે ધારશો કે શિયાળ સાહેબ ઘણા માયાળુ હતા. તમને માલમ પડશે તેમ શિયાળ સાહેબને તમે ઓળખતા નથી. તમે જાણો છો તેમ બગલાને ઘણું લાંબુ ગળું હોય છે અને ચાંચ મારવા માટે એક ઘણી લાંબી ચાંચ હોય છે; અને પાણીમાં ચાલવાને ઘણાં લાંબા પગ હોય છે, કારણ કે બગલા સાહેબ માછલાં ખાઇને જીવે છે. અલબત શિયાળ ઘણી સારી રીતે જાણતું હતું કે બગલું છાછરા વાસણમાંથી કાંઇ ખાઇ શકતું નથી. તેથી તેણે તેના મોં આગળ છાછરી રકાબી મુકી અને જે ભોજન તેણે તેને આપ્યું તે શેરવો હતો, માછલી નહોતી. હે વહાલા મિત્ર, તમે જે સઘળું જુઓ છો તે તમે ખાઇ જાઓ. શિયાળ (બગલા સાથે) બહુ મિત્રાચારીથી વર્તતું (દેખાતું) હતું. તે શેરવાની એટલી સુંદર અને સ્વાદિષ્ટ વાસ આવતી હતી કે બગલા સાહેબ ઘણા ભૂખ્યા થઇ ગયા, તેણે પીવાને યત્ન કર્યો, તેણે ફરીથી યત્ન કર્યો, તેણે ચાંચ ફરી ફરીને મારી પણ તેણે ફોગટ ચાંચ મારી. પછી જ્યારે ભૂખ્યું પક્ષી પાસે ઉભું રહ્યું, ત્યારે શિયાળ તે શેરવો લપલપ ચાટી ગયો-તેણે રકાબી ચાટી તદન કોરી કરી, ને પછી પોતાના હોઠ, ને પછી પંજા છેક ટેરવા સુધી ચાટયા. પછી ઘુરકીને તેણે બુમ પાડીને કહ્યું, અરે વહાલા મને શક છે કે તમને મારો શેરવો પસંદ નથી પડતો. બગલા સાહેબે કહ્યું, હું તમારો ઉપકાર માનું છું. તમે કેવા ભલા ને કેવા માયાળુ છો! તમારૂં ભોજન કેવું સુંદર છે! આવતી કાલે આવીને મારી સાથે જમજો, તમે એક સ્વાદિષ્ટ ભોજન જોશો; હું મિજબાની આપનાર થઇશ અને તમે મારા પરોણા થજો. હું તમને કેટલીક સૌથી સુંદર માછલી આપીશ. શિયાળે જવાબ દીધો, અરે હા! હું આવીશ, કારણ કે હું કબુલ કરૂં છું કે માછલી મને પસંદ છે. શિયાળ સાહેબે વિચાર્યું કે મેં ઘણીવાર સાંભળ્યું છે કે આ બગલો ઘણું મૂર્ખ પક્ષી છે; તેને મારા જેટલી લુચ્ચાઇ આવડતી નથી. હું

જઇશ-તેનું ખાણું હું ખાઇ જઇશ આહા ! બીજે દિવસે લુચ્ચું શિયાળ અર્ધો માઇલ છેટે બગલાને ઘેર હસતું હસતું દગડ દગડ ચાલીને ગયું. સલામ કરીને બગલાએ કહ્યું, અંદર પધારો, મહેરબાની કરીને અંદર પધારો. અંદર આવો ને બેસો; ચાલો આપણે ખાવાનું શરૂ કરીએ. બગલાની પોતાની સાંકડા ગળાવાળી શિરોઇમાં ભોજન પીરસ્યું હતું-તળિએ માછલી હતી. પણ જ્યારે તેઓ સાથે મેજ આગળ બેઠા ત્યારે શિયાળ કંઇ હસ્યો નહિ, કારણ કે તેને શક પડયો કે આટલી ઉંચી શિરોઇમાં ખોરાક છેક નીચે છે તેથી મને જરાપણ ભોજન નહિ મળી શકે. થયું પણ એમજ; તે શિયાળ મેજ ઉપરની શિરોઇની બહારની બાજુ ચાટવાને માત્ર શકિતવાન થયું. બગલો પોતાની ચાંચથી બધું ખાઇ ગયો અને લુચ્ચાઇ વગરના પક્ષીનું મ્હોં હવે હસતું હતું.

૧૪. ચંદ્ર માટે રડતા રામ.

એક સાંજે જ્યારે કૌશલ્યા રાણી મહેલમાં રામને રમાડતી હતી, ત્યારે આકાશમાં પૂનેમનો ચંદ્ર પૂર્ણ ભપકાથી ઉગ્યો. રામે તે જોયો, અને રમકડાં તરીકે સુંદર ચંદ્ર સાથે રમવાને તે મેળવવાની તેને ઘણી ઇચ્છા થઇ. અને તેણે પોતાના બંને નાના હાથ ચંદ્ર તરફ તેને મેળવવાનો પ્રયત્ન કરવાને લાંબા કર્યા; પણ તેની મા તેને શું જોઇએ છે તેની અટકળ કરી શકી નહી, અને તેટલા માટે તેણે તેને મારવાનો પ્રયત્ન કર્યો કૌશલ્યાએ તેને શું જોઇતું હતું તે ઘણીવાર પૂછ્યું. અને હજી પણ તેણે ચંદ્રને આંગળીથી બતાવ્યો; તેથી તેને શું જોઇતું હતું એ તેણે છેવટે જાણ્યું. પછી તેણે ધીમેથી તેને કહ્યું, મારા વ્હાલા નાના છોકરા, ચંદ્ર મેળવવાને પ્રયત્ન કર નહિ. તે હજારો માઇલ દૂર છે અને છોકરાંને રમવાનું રમકડું નથી, અને કોઇ પણ છોકરાને કદી તે મળ્યો નથી, પણ મારા વ્હાલા રામ, હું તારે માટે થોડા જવાહીરો લાવીશ. તે ચંદ્ર કરતાં વધારે ચકચકિત છે, અને તું તેની સાથે રમજે. પછી તે પોતાના ઓરડામાં ગઇ અને કેટલાંક સુંદર જવાહીરો લાવી અને તે

નાના છોકરા પાસે તે મૂકયાં. તેણે કહ્યું, મારા મધુર બાળક, આની સાથે રમ. પણ રામે તે ફેંકી દીધાં, અને જ્યાં સુધી તેની આંખો રડવાથી સુજી ગઈ નહિ ત્યાં સુધી તે રડયો. અત્યાર સુધીમાં સંખ્યા બંધ સ્ત્રીઓ તેની આસપાસ આવી પણ કોઈ તેને સુખી કરી શકી નહિ. એકે કહ્યું, કદાચ તે ગુસ્સે હશે. બીજી સ્ત્રીએ કહ્યું, હું ધારૂં છું કે તે ઉંઘમાં છે. ત્યારે કૌશલ્યાએ તેને પોતાના ખોળામાં લીધો અને હાલાં ગાયાં, પણ તે તેને શાંત કરી શકી નહિ, પણ તેણે પોતાના નાના હાથથી તેની માને આંચકો માર્યો અને અગાઉ કરતાં હજી વધારે મોટેથી રડવા લાગ્યો. પછી સઘળી સ્ત્રીઓએ કહ્યું શાહજાદો માંદો છે. મહારાજાને બોલાવો. કૌશલ્યા રાણીને શું કરવું તેની સુઝ ન પડવાથી તેણે મહારાજાને બોલાવ્યા. જ્યારે મહારાજાએ સાંભળ્યું કે રામ માંદો થયો છે, ત્યારે તેણે પોતાની બાથમાં તેને લીધો અને તે બાળકના મનનું સમાધાન કરવાને પોતાથી બનતું કીધું. પણ તેની આગળ જેણે પ્રયત્ન કર્યા હતા તેના કરતાં વધારે તે કરી શકયા નહિ, અને રામે રડવાનું જારી રાખ્યું અને તેના મનનું સમાધાન થઇ શકયું નહિ. પછી મહારાજાએ પોતાના મુખ્ય પ્રધાનને બોલાવ્યો અને જે બન્યું હતું તે સઘળું કહ્યું પ્રધાન ઘણો ડાહ્યો માણસ હતો. તેને (પોતાનાં) ઘણાં છોકરાં હતાં. જ્યારે તેણે સાંભળ્યું કે રામ ચંદ્રને માટે રડે છે ત્યારે તેણે પોતાની પાસેના આદમીઓને એક આરસી લાવવાને કહ્યું. તેથી એક આરસી લાવવામાં આવી અને રામના હાથમાં તે મુકવામાં આવી. જ્યારે તેણે ચંદ્રની છબી આરસીમાં જોઇ ત્યારે તે હસ્યો, અને તરતજ અગાઉના જેવોજ આનંદી થયો અને આખું કુટુંબ સુખી થયું (આખા કુટુંબને કળ વળી).

૧૫ ભરવાડનો છોકરો અને વરૂ.

અરે વહાલા! હું ઘેટાની તપાસ રાખતાં ઘણો થાકી ગયો છું, હું બીજું શું કામ કરૂં? મેં મેંઢીઓ ગણી છે, મેં ઘેટાનાં બચ્ચાં ગણ્યાં

છે, એક રીતે એકવાર નહિ, પણ દિવસમાં દશવાર. જેવું મેં ગણવાનું પુરૂં કર્યું કે તરતજ ફરીથી ગણવાનું શરૂ કર્યું. મને ખાત્રી છે કે તે કદી ઓછાં થતાં નથી, આવી જીંદગી હું સહન કરી શકતો નથી. કાંઇ બીજા કામને માટે હું શું કરૂં ? કોઇ પ્રાણી સાથે મને વાત કર્યાને કલાકના કલાકો થઇ ગયા છે, કોઇ આને ખીણ કહે છે, હું તેને દર કહું છું. હું જાણું છું કે સુંદર પક્ષીઓ ગાય છે. વળી હું જાણું છું કે મચ્છરો ડંખ દે છે. કેટલાક લોક શાંત ને ધીમી જીંદગી પસંદ કરે છે. મારે પોતાને માટે તો હું જાણું છું તે બધું આ છે, હું કાંઇ બીજું કામ કરવા ઇચ્છું છું. હા હવે હું જાણું છું કે હું વરૂ! હો, હો, એમ કહીશ. સઘળા ગામડીઆ કેવા દોડી આવશે! જયારે હું તેમને કહીશ કે, હું તો મશ્કરી કરૂં છું, ત્યારે તેઓ આમ જોશે, તેઓ તેમ જોશે, અને તેઓ કેવા તાકીને જોશે! હું જે કરીશ તે એ છે–તેઓ કહેશે કે એ વાજબી નથી; પણ જો તેઓ ગુસ્સે થશે તો મને દરકાર નથી કારણ કે મને બીજું કાંઇ કામ મળશે. ગામડિયાઓએ વરૂ ! હો, હો, એવી બુમ સાંભળી ત્યારે તેઓએ કહ્યું, છોકરો ભયમાં છે; તેથી દરેકે એક ભાલો અથવા જે કાંઇ પાસે હતું તે લીધું, અને પર્વતની બાજુ તરફ ધસી આવ્યા. જયારે તે છોકરાએ ટોળું જોયું ત્યારે તે ખડખડ હસ્યો અને કહ્યું, કાંઇ બન્યું નથી. આવું ધાંધલ કરો નહિ. સઘળાં ઘેટાં વિખરાઇ જશે. મને આમ બીજા નવા કામની ઇચ્છા થઇ. ભરવાડના તે મૂર્ખ છોકરાએ એક બે કરતાં વધારે વાર એમ કર્યું. ગામડીઆઓએ કહ્યું તેણે આપણને ત્રણવાર ઠગ્યા છે. આ છોકરો આપણને ગાંડા કરી નાંખશે. જયારે વરૂ ! એમ બુમ પાડશે ત્યારે આપણે ફરીથી જઇશું નહિ, અને જયારે તેના બોલાવવાથી કોઇ આવ્યું નથી એવું તે જોશે ત્યારે પોતાની આંખ ઘણા આશ્ચર્યથી તે ઉઘાડશે, કારણ કે આપણને પણ કાંઇ બીજું કામ જોઇએ છે. આખરે એક ભયંકર દિવસે એવું બન્યું કે એક ઝનુની રાખોડી રંગનું વરૂ પાસે આવ્યું, અને ઘેટાં ને મેંઢા રમતાં હતાં તેના

પર કુદી પડયું અને કેટલાકને તેણે મારી નાંખ્યા અને કેટલાકને ઘસડી લઇ ગયું. તે વખતે ભરવાડના છોકરાએ ગભરાટમાં બુમ પાડી. તેણે મોટેથી બુમ પાડી, વરૂ ! હો, હો, પણ કોઇ આવ્યું નહિ–કારણ તમે જાણો છો. અને વરૂ જ્યારે તે છોકરાપર કુદી પડયું ત્યારે ખુશીથી હસી પડયું–જે છોકરાને બીજું કાંઇ કામ જોઇતું હતું તે.

૧૬. મૂર્ખ કબુતરો.

એક દિવસ કબુતરનો રાજા પોતાની પાછળ જનારાઓનાં એક ટોળા સહિત જંગલમાં ઉંચે હવામાં આમતેમ ઉડતો હતો. તે દિવસે છેક પરોઢિએ જ્યારે ચંદ્ર અસ્ત પામતો હતો ત્યારેજ એક પારધી જે પક્ષીઓને પકડી તેમને વેચીને ગુજરાન ચલાવતો હતો તેણે જમીન ઉપર કેટલાક ચોખાના દાણા વેર્યા હતા. તેના ઉપર તેણે એક મઝાની જાળ પાથરી હતી. પછી તે પાસેની ઘાડી ઝાડીમાં જઇને સંતાઇ ગયો. કબુતરનો રાજા ઉડતો હતો તેવામાં તેણે જમીન ઉપર ચોખા જોયા. તે એકદમ ઉભો રહ્યો, અને પોતાની પાછળ જનારા સાથે એક ઉંચા આંબા પર ઉતર્યો. તેણે બીજા કબુતરને કહ્યું, આપણે ઉડીને નીચે જઇશું અને પેલા ચોખા ખાઇશું ? એક ડાહ્યા કબુતરે જવાબ દીધો, ના. આ ચોખાનું ખેતર નથી. એ જંગલ છે. જંગલમાં ચોખા ઉગતા નથી. અહિં આ ચોખાના દાણા કયાંથી આવ્યા ? મને ધાસ્તી લાગે છે કે અહિં કાંઇ લુચ્ચાઇ છે અને આપણે મુસ્કેલીમાં આવી પડીશું. આપણે સાહસ કરવું ન જોઇએ. એક બહાદુર નાનું કબુતર જેને દુનિયાનું ઘણું ભાન નહોતું તેણે કહ્યું, એ બધી વાત સાચી છે પણ આપણે થોડાક ખોરાક જોઇએ છે. આપણને હરકત કરે એવા કોઇને હું પાસે જોતો નથી. અલબત તેમાં જોખમ છે, પણ જંગલમાં હમેશાં જોખમ હોય છે. હું ઘણો ભૂખ્યો થયો છું, અને તેમાંના થોડા ચોખા ખાવાનો મારો વિચાર છે. ત્યાં નીચે કેવું મઝાનું દેખાય છે ! તેણે કહ્યું કે તરતજ તે ઉડીને નીચે આવ્યું અને બીજાં કબુતરો તેની પાછળ

ગયા. દરેકે ચોખા પાસે વહેલા પહોંચવાનો પ્રયત્ન કર્યો. ઉતાવળથી તેઓ બધાં નીચે આવ્યાં અને જમીન ઉપર સાથે બેસી ગયાં. સઘળા એકદમ જાળમાં પકડાઇ ગયા. પછી જે કબુતરના શબ્દોથી તેઓ જાળમાં ફસાયા હતા તેને તેઓ ગાળો દેવા મંડયા. તેઓના રાજાએ કહ્યું, ના, ના, તેની ભૂલ કાઢો નહિ. આપણે બધા ઠપકાને પાત્ર છીએ. લોભે આપણને આ જાળમાં દોરવ્યા છે. પણ આપણે વાતચીતમાં વખત ગુમાવવો જોઇએ નહિ. આ રસ્તે કોઇને આવતાં હું જોઉં છું. જો આપણે એકદમ નાસી નહિ શકીએ તો આપણે મરીજ ગયા છીએ. આપણા સઘળા પગ જાળમાં પકડાઇ ગયા છે. અને તે જમીનમાં ખીંટીથી બાંધેલી છે. પણ આપણે ઘણા છીએ. એકજ પળે ચાલો આપણે સઘળા ઉડીએ અને આપણા સઘળા બળથી તેને ખેંચીએ એટલે પછી ખીંટી ઉખડી જશે. જ્યારે કબુતરોએ આ સલાહ સાંભળી, ત્યારે તેના રાજાએ તેમને કહ્યું તે પ્રમાણે તેઓએ કીધું. તેઓ બધાં જોડે ઉપર ચઢયાં અને જાળ લઇને ઉડી ગયાં. પારધી દોડતો આવ્યો પણ તે હદપાર મોડો હતો. તે તેમની પછવાડે જંગલની બહાર ખુલ્લાં ખેતરોમાં પણ ઘણે દૂર દોડયો, પણ ફોગટમાં. કબુતર ઘણી ઝડપથી ઉડે છે, અને પારધી તરતજ થાકી ગયો અને પાછો ફર્યો. કબુતરોએ પોતાના રાજાને કહ્યું, હવે આપણે શું કરવું છે? આપણે આ જાળમાંથી કેવી રીતે છૂટા થશું? આપણે તેમાંથી આપણા પગ બહાર ખેંચી કાઢી શકતા નથી. રાજાએ જવાબ દીધો, ગઈ રાત્રે જે મોટા ઝાડપર આપણે હતા ત્યાં દક્ષિણ તરફ ઉડો. ત્યાં એક મારો મિત્ર છે જે આપણને મદદ કરશે. તે ઉંદરનો રાજા છે. એક વાર તેણે એક મોટો સિંહ જેને શિકારીએ દોરડાંથી મજબુત બાંધ્યો હતો તે સિંહને દોરડાંના કકડા કરી નાંખીને છૂટો કર્યો હતો. તે સ્હેજવારમાં આ જાળના કરડીને કકડા કરી નાંખશે. તે ઝાડની નીચે એક દરમાં રહે છે. પછી કબુતરનું ટોળું તે મોટાં ઝાડ તરફ ઉડી ગયું. ઝાડની નીચે એક ઉંડા દરમાં ઉંદરનો રાજા રહેતો હતો. તેના

દરમાંથી બહાર નીકળવાનાં ઘણાં દ્વાર હતાં, જેથી કરીને જો કોઇ દુશ્મન બીજે રસ્તે અંદર આવે તો તેમાંના એક રસ્તે તે નાસી જઇ શકે, જ્યારે કબુતરો ઉડતાં નીચે આવ્યાં ત્યારે તે પોતાના દરમાંથી ડોકિયાં કરતો હતો. તેણે તેઓના રાજાને ઓળખ્યો ને તેને મળવાને બહાર ગયો. તેણે કહ્યું, મારા મિત્ર, શું થયું છે? તું તારા ઝાડ પર આટલો જલદી કેમ પાછો આવ્યો છે? તું ઘણી ઉતાવળમાં હોય એમ લાગે છે. હું તને કોઇ પણ રીતે મદદ કરી શકું? કબુતરના રાજાએ જવાબ આપ્યો, અફસોસ! મારા વહાલા ઉંદર, હમે આ જાળમાં પકડાયા છીએ. અને હમે જેમ તેમ કરીને જીવ લઇને નાઠા છીએ. એક ઘાતકી પારધી લાંબે સુધી અમારી પાછળ પડયો હતો. પણ આખરે અમે અહિં આવી પહોંચ્યા છીએ. તેં જેવી રીતે જંગલના મોટા રાજા સિંહને મદદ કરી તેવી રીતે તું જ હમને મદદ કરી શકશે. તે ઘણાં સારાં કૃત્ય વિષે હમે સઘળા જાણીએ છીએ. ઉંદરના રાજાએ કહ્યું, અલબત, હું તમને મદદ કરીશ. સંકટના વખતમાં તમને મદદ કરવાને જે મિત્ર તૈયાર ન હોય તે મિત્ર શા કામનો છે? પછી તે પોતાના તીણા નાના દાંતથી કામે લાગી ગયો, અને સ્હેજ વારમાં તે જાળના કરડીને કકડા કર્યા. કબુતરોને એક પછી એક છૂટા કરવામાં આવ્યાં, અને ઉંદર પોતાના દરમાં જાળના કકડા લઈ ગયો. તેણે ટીકા કીધી કે મારે ઉંઘવાને તેનો એક સુંદર માળો બનશે. ગુણ માનનારા કબુતરોએ તેના માયાળુપણા માટે તેનો આભાર માન્યો. તેઓ બોલી ઉડયાં, હવે હમે જોઇએ છીએ કે જેને મિત્ર હોય તે કેવો ભાગ્યશાળી! સંકટમાં ખપ લાગે તે ખરો મિત્ર. અને સલામ કરીને તેઓ ઉડી ગયા.

૧૭. મખ્ખીચુસ અને તેનું સોનું.

એક મખ્ખીચુસ પોતે જે બાકું બનાવ્યું હતું તેમાં પોતાનો ખજાનો રાખતો. તે દરરોજ તે જોવાને આવતો, આજ તેનો આનંદ હતો. હવે એક વખત એવું બન્યું કે જેવો તે બાકાં પાસે ઘુંટણીએ પડયો

હતો તેવામાં એક બહાદુર ચોરે તેને જોયો, અને ચોર તેજ રાત્રે પાછો આવ્યો, અને તેનું સોનું લઇ ગયો. જ્યારે તે ઘરડા માણસને માલમ પડ્યું કે મારો ખજાનો ચોરાઇ ગયો છે ત્યારે એણે એવી ભયંકર ધાંધલ કરી, કે શું થયું છે તે વિષે પુછવાને બધા પાડોશી દોડતા આવ્યા. તેણે કહ્યું, ગઇ રાત્રે એક ચોર મારૂં સોનું લઇ ગયો અને તે લઇને નાસી ગયો. તેના પાડોશીએ કહ્યું, સોનું જતું રહ્યું તે પહેલાં તું તે વડે શું કરતો હતો તે હમને મહેરબાની કરીને કહે. તેણે કહ્યું, દરરોજ તે જોવાને હું આવતો અને હવે શું કરૂં ? તેના મિત્રોએ જવાબ દીધો, તું દરરોજ અહિં આવી શકશે અને તેને (સોનાને) બદલે તે બાકું જોઇ શકશે.

૧૮. બાપાજી અને હાથીઓ.

એક મોટા શહેરમાં એક વખત એક વેપારી રહેતો હતો. તેને ત્રણ છોકરા હતા. જ્યારે તેનો મરવાનો સમય આવ્યો, ત્યારે પોતાના છોકરાઓની વચ્ચે પોતાની માલમિલ્કતના ભાગ પાડી આપવાને તેણે તેમને બોલાવ્યા. તેણે તેમને કહ્યું, મારા વ્હાલા દીકરા, બીજી દુનિયામાં મારે જવાનો વખત થયો છે, અને મારી સાથે હું કાંઇ પણ લઇ શકીશ નહિ. મારી પાસે જે છે તે સઘળું હું તમને આપીશ. મારી પાસે પુષ્કળ પૈસો, ઘણા દાગીનાં, ઘોડા, ગાય, ઘર અને બીજી ચીજો છે. આ તમે સરખી રીતે તમારી વચ્ચે વહેંચી લેજો. તમે જાણો છો તે પ્રમાણે વળી મારી પાસે બધા ઘણી સારી નીશાનીઓવાળાં સત્તર હાથી છે. તેને કદી વેચતા નહીં. તેની સારી રીતે સંભાળ રાખજો. આ હાથીઓમાંથી અડધા મારા સૌથી મોટા છોકરાને, એક તૃતિયાંશ મારા બીજા છોકરાને અને એક નવમાંશ મારા સૌથી નાના છોકરાને આપું છું. દરેક છોકરો પોતાના હાથી લે અને તેની સંભાળ રાખે. આ પછી થોડીવારમાં તે વેપારી મરી ગયો. છોકરાઓએ પોતાના બાપની મરણક્રિયા યોગ્ય રીતે કરી. ઘણા લોકોને જમાડયા, અને

ગરીબોને ઘણા પૈસા આપ્યા. જ્યારે સઘળું પુરૂં થયું ત્યારે તેમના બાપના કહ્યા પ્રમાણે પોતાની વચ્ચે મિલ્કત વહેંચી લીધી. દરેક છોકરાએ પોતાનો ભાગ લીધો. પણ જ્યારે તેઓએ હાથીની વહેંચણી કરવા માંડી ત્યારે શું કરવું તે તેમને સૂઝયું નહિ. બે, ત્રણ અને નવથી સત્તરને કેવી રીતે ભાગી શકાય? તેઓએ પોતાને મદદ કરવાને ઘણા માણસોને કહ્યું, પણ કોઇ તેમ કરી શક્યું નહિ. આખરે મોટા છોકરાએ કહ્યું, ચાલો આપણે આપાજી પ્રધાન પાસે જઇએ, તે ડાહ્યો પુરૂષ છે. જો તે મામલો નહિ પતાવી શકે તો કોઇ પતાવી શકશે નહિ. પછી તેઓ પોતાના હાથમાં કીમતી ભેટો લઇને પ્રધાન પાસે ગયા, અને તેને માનપૂર્વક સલામ કરીને તેઓએ પોતાનો મામલો કહ્યો. તેઓને જે કહેવાનું હતું તે પ્રધાને સાંભળ્યું અને જવાબ દીધો, ઘેર જાઓ. આવતી કાલે હું આવીસ અને તમારા બાપની ઇચ્છા પ્રમાણે તમારી વચ્ચે હાથીના ભાગ પાડી આપીશ. બીજે દિવસે આપાજી પોતાના હાથી ઉપર અંબાડીમાં બેસીને તે વેપારીને ઘેર ગયો. વેપારીના છોકરાએ ઘણા માનથી તેને આવકાર આપ્યો, અને તેને માનની બેઠકપર બેસાડયો. પ્રધાને કહ્યું, પેલા સત્તર હાથીને બહાર લાવો. હાથીને બહાર લાવવામાં આવ્યા અને એક હારમાં ગોઠવી દીધા. આપાજીએ કહ્યું, હવે મારા હાથીને બાકીના સાથે ગોઠવો અને દરેકને પોતાનો ભાગ લેવા દો. વેપારીના છોકરાઓ પોતાને એક બીજો હાથી મળશે એવું ધારીને ઘણા ખુશી થયા, અને તેઓએ પોતાના ભાગ પાડવા માંડયા. મોટા છોકરાએ નવ લીધા, બીજાએ છ લીધા, અને સૌથી નાનાએ બે લીધા. પછી આપાજીએ તેમને કહ્યું, દરેક જણને પોતાનો પૂરેપૂરો ભાગ મળ્યો છે? તેઓએ જવાબ આપ્યો, હા. પ્રધાને કહ્યું જો એમ હોય તો મારો હાથી મને પાછો મળે છે. જ્યારે તેણે આ પ્રમાણે કહ્યું ત્યારે તે પોતાના હાથીપર ચઢયો અને ઘેર ગયો. સઘળા લોકોએ આપાજીના ડહાપણના વખાણ કર્યાં, અને છોકરાઓ ખુશી થયા કારણ

કે તેમને માટે તેમનો મામલો પતી ગયો અને તેમના બાપની ઇચ્છાઓ અમલમાં મુકાઇ.

૧૯. હંસણી અને સોનાનું ઈંડું.

એક ઘરડી ધોળા રંગની હંસણી સોનાનું ઈંડું મૂકતી. અને આખો દિવસ ખુશ થઇને બડાઇથી મહાલતી; મેં મારા શેઠને એક ખજાનો આપ્યો છે એ વિચારથી તે બહુ આનંદ માનતી ને ખુશ થતી. ખેડુત જ્યારે આરામ લઇને સવારે ઉઠયો અને માળામાં આવી સુંદર રીતે મુકેલી પીળી ચળકતી ચીજ તેણે જોઇ, ત્યારે તે ભાગ્યેજ પોતાની આંખને માની શકયો. તેણે કહ્યું, શું તે સોનુ છે? નહિ તો તે શું હોઇ શકે? શું કોઇ મારી મશ્કરી કરે છે? પોતાના ઇનામનું તેણે શું કર્યું તે જોવાને અથવા 'મારાપર વિશ્વાસ રાખો, તે ઠગાઇ નથી, તમે સાચ્ચું સોનું જુઓ છો, તમારૂં દેવું વાળવાને તમારી પાસે પુષ્કળ પૈસા છે, અને અગર જો એ મજાક ભરેલું લાગે તોપણ હું ઘણા વધારે મૂકીશ' એવું બડાઇથી બોલતી હંસણી જે ખેડુત શું બોલે છે તે સાંભળવાની રાહ જોતી હતી તેની આંખોની જોડને તેણે જોઇ નહિ. અને એ રીતે દિવસોના દિવસ તેણે કર્યું, તેને એક સોનાનું ઇંડું માલમ પડયું; તેણે પોતાનુ દેવું વાળ્યું, કેટલીક ગાયો ખરીદ કરી, જમીનનો એક કકડો ખરીધો અને પાડોશીએ આશ્ચર્ય પામ્યા, અને માંહોમાંહે વાત કરી અને કહ્યું, ગમે તેવો પવન કે હવા હોય છે તોપણ જેને અડકે છે તેનું સોનું થઇ જાય છે તે તમે જુઓ! એમ કેમ બને છે? એમાં શો ભેદ હશે? અને ધોળા વાળવાળી હંસણી બોલી, એ બધું મારે લીધે છે. એક દુષ્ટ વિચાર તે માણસના મનમાં આવ્યો, અને અફસોસ! તેની સ્ત્રી એક મતની થઇ. તેઓએ કહ્યું, જ્યાંસુધી હંસણી ઈંડાં મૂકવાને ખુશી હોય ત્યાં સુધી દિન પ્રતિદિન લાંબો વખત રાહ જોવાની છે, આપણે આપણી હંસણીને ચાલો મારી નાંખીએ, અને સોનું મેળવીએ, તેની પાસે જેટલું સોનુ છે તે બધું એકદમ આપણે

મેળવીએ. તેઓએ તેજ દિવસે હંસણીને મારી નાંખી અને તેણે કદી બીજું ઇંડું મૂકયું નહિ. અહિં એક શિખામણ કહી છે-જે હંસણી સોનાનું ઈંડું મુકે છે તેને મારી નાંખતા નહિ-છોકરાઓ, તમારી પાસે જે હોય તેથી સંતોષ રાખો. જે શિખામણ લેવાની છે તે આ છે.

૨૦. લોભી મખ્ખીચુસ.

દક્ષિણમાં એક જંગલમાં એક ઘરડો વાઘ હતો; તે એટલો નિર્બળ થઇ ગયો હતો કે જંગલમાં તેને હરણની પાછળ દોડવાનું તેનામાં બળ રહ્યું નહોતું. તેણે માણસો કે જે હરણની માફક દોડી શકતા નથી તેને પકડવાની ટેવ પાડી હતી. આખરે તે એટલો બધો નબળો થઇ ગયો કે તે માણસ જેટલી ઝડપથી દોડી શકતો નહિ. શું કરવું તે તે જાણતો નહોતો. તે વખતે તેને એક સોનાની બંગડી જડી. તેણે પોતાના મનમાં વિચાર્યું, અરે! આ સોનાની બંગડી મને કાંઇ ઉપયોગની નથી, કારણ કે વાઘો બંગડી પહેરતા નથી. પણ કદાચ પુરૂષને પકડવામાં તે મને ઉપયોગી થઈ પડશે. પછી તે જંગલના મધ્ય ભાગમાં પોતાની પાસે બંગડી લઇને ખાબોચિયાને કીનારે બેઠો તે ખાબોચિયાનું તળિયું ગાઢ કાદવથી ભરેલું હતું, તેથી જો કોઇ તેમાં ફસાઇ પડે તો તે સહેલાઇથી બહાર નીકળી ન શકે. જ્યારે કોઇને ખાબોચિયાની બીજી બાજુએ થઇને ચાલી જતાં તે જોતો ત્યારે તે બુમ પાડીને કહેતો, અરે! અહિં એક મજાની સોનાની બંગડી છે. આવીને તે લઇ જાઓ. પણ દરેક માણસ જે તેને જોતો તે ઘણા ભયથી નાસી જતો. આખરે ત્યાંથી એક મખ્ખીચુસ જે જીંદગી કરતાં પણ સોનાને વધારે કિંમતી ગણતો હતો તે પસાર થયો. જ્યારે તેણે વાઘની બુમ સાંભળી, ત્યારે તે ઉભો રહ્યો. તેણે પોતાના મનમાં કહ્યું, આજ મારૂં નસીબ ખુલ્યું છે. તે બંગડી મેળવવાની મારી બહુ ઇચ્છા છે અને છતાં તેને માટે મારે મારી જીંદગી જોખમમાં નાંખવી જોઇએ નહિ. પણ જે કાંઇ લાભ થાય છે તે સાહસ કર્યાથીજ થાય છે. શું

કરવું તે મને જોવા (વિચારવા) દો. પછી તેણે વાઘને બુમ પાડીને કહ્યું, તારી બંગડી કયાં છે? વાઘે પોતાનો પંજો લાંબો કરીને કહ્યું, આ રહી, આવીને લઇ જા. કંજુસે કહ્યું. હં! તારા જેવા વિકાળ પશુનો વિશ્વાસ રાખી શકું? જો હું પાસે આવું તો તું મને મારી નાંખે. વાઘે કહ્યું, સાંભળ, હું કબુલ કરૂં છું કે જ્યારે હું જુવાન હતો ત્યારે હું ઘણો ઘાતકી હતો. હું જાણું છું કે મારો ખરેખરો ખોરાક હરણ હતો, અને જંગલમાં હરણને મારવા માટે કોઇ વાઘને ઠપકો દઇ શકે નહિ, પણ હું ગામડામાં જતો અને ગાય મારી નાંખતો. હું ઘણાં માણસો અને વળી બ્રાહ્મણને મારી નાંખતો. પણ મેં કર્યું તેને માટે મને હવે મારી વૃદ્ધાવસ્થામાં પસ્તાવો થાય છે. મારાં આગલાં દુષ્ટ કૃત્યો સમતોલ કરી નાખવાને હું ભલું કરવા ઇચ્છું છું. ગરીબોને ભિક્ષા આપવી એ કોઇ પણ માણસ કરી શકે એવી સૌથી સારામાંની એક બાબત છે એમ હું સાંભળું છું. તેથી કોઇ ગરીબ માણસને સોનાની બંગડી આપી દેવાને તે લઇને હું અહિં બેઠો છું. તું ઘણો ગરીબ દેખાય છે તેથી તે હું તને આપીશ. ધાસ્તી રાખતો નહિ. હું ઘણો ઘરડો થયો છું અને મારા દાંત ને નખો બધા ગયા છે. મારી તેમ કરવાની મરજી હોય તોપણ હું તને ઇજા કરી શકું નહિ. જ્યારે મખ્ખીચુસે આ સારી વાત સાંભળી ત્યારે સોનું મેળવવાની તેની ઇચ્છા એટલી પ્રબળ થઇ કે તે વધારે વાર રાહ જોઇ શકયો નહિ. તે આ ખાબોચિયામાં ધીમે ધીમે આવ્યો કે જ્યાં તેને તરતજ માલમ પડયું કે પોતે કાદવમાં ચોંટી બેઠો છે અને ખસી શકાય એમ નથી. વાઘે કહ્યું, ચાલ્યો આવ, આવીને બંગડી લે. આ રહી, તારે માટે તે તૈયાર છે. મખ્ખીચુસે કહ્યું, અફસોસ! હું કાદવમાં ચોંટી બેઠો છું અને ખસી શકતો નથી. વાઘે કહ્યું, અરે એમ છે કે? તારે માટે મને દિલગીરી થાય છે. જ્યાં છે ત્યાં તું રહે; હું નીચે આવીને તને બહાર કાઢીશ. એમ કહેતાંની સાથેજ તે તેના પર કુદી પડયો. વાઘ ભૂખ્યો

હતો અને બહુ થોડીવારમાં તે કંજુસનો ભક્ષ કરી ગયો. સોનાના લોભથી તેણે પોતાનો જાન ગુમાવ્યો.

૨૧. બ્રાહ્મણ અને ભીલ.

એક વખત માયાળુ અંતઃકરણનો એક મરાઠા બ્રાહ્મણ ડાકટર હતો તે પુનામાં રહેતો હતો. તેણે ભીલો વિષે ઘણીવાર સાંભળ્યું હતું. તે ઘણી જુની જાતો હજારો વર્ષ થયાં ટેકરીમાં રહે છે. તેઓ જંગલી માણસો છે અને વાંચી કે લખી શકતા નથી. તેઓ જંગલી પ્રાણીઓનો શિકાર કરીને ગુજરાન ચલાવે છે અને કામઠા ને તીરથી ઘણા સારા નિશાનબાજ હોય છે. તેમાંના ભાગ્યેજ કોઇએ કદી ચોપડી જોઇ હશે. તે બ્રાહ્મણને ભીલોનું કાંઇ કલ્યાણ કરવાની ઇચ્છા થઇ, તેથી જંગલ કે જ્યાં તેઓનું રહેઠાણ હતું ત્યાં તે ગયો, અને થોડા વખત સુધી પોતાની સ્ત્રી જે તેને માટે ભોજન રાંધતી તેની સાથે તે ઝુંપડીમાં રહ્યો. પહેલ વહેલાં ભીલો તેનાથી બ્હીતા, પણ જ્યારે તેઓને માલમ પડયું કે તે આપણા તરફ બહુ ભલો અને માયાળુ છે ત્યારે તેઓ વારંવાર તેને મળવાને અને તેની સાથે વાતચિત કરવાને આવતા. જો કોઇ ભીલ માંદો પડતો તો તે તેને દવા આપતો અને તેને સાજો કરવાનો પ્રયત્ન કરતો. એક દિવસ તે બ્રાહ્મણ જંગલમાં લાંબી મુસાફરીએ નીકળ્યો. ત્યાં એક ઝાડી ઉપર રમણીય ફુલો જોયાં. તેણે વિચાર કર્યો કે હું તે મારી સ્ત્રી પાસે લઇ જઇશ. પણ જ્યારે તેણે પોતાના ચપ્પુ માટે પોતાનું ગજવું તપાસ્યું, ત્યારે તેને માલમ પડયું કે હું તે ભૂલી ગયો છું. તે ઘરમાં રહી ગયો છે. મિત્રતા રાખનારો એક ભીલ પાસે ઉભો હતો. તે બ્રાહ્મણે પોતાના મનમાં કહ્યું, મારા ચપ્પુ માટે હું તેને મોકલીશ. જંગલના બધા ટુંકા રસ્તા તે જાણે છે, અને મારા કરતાં તે ઘણી જલદીથી મારી ઝુંપડીએ પહોંચશે. મારો ચપ્પુ ક્યાં છે તે મારી સ્ત્રી જાણે છે. પણ જો હું ભીલની જોડે સંદેશો મોકલું તો તે ભીલ કાંઇ ભૂલ કરે. મારે તેનાં પર લખવું જોઇએ.

એમ છતાં જ્યારે તેણે પોતાનો હાથ પોતાના ગજવામાં ઘાલ્યો ત્યારે તેને માલમ પડ્યું કે મારી પાસે પેન્સીલ કે કાગળ કંઇ નથી, પછી બ્રાહ્મણે કોયલાનો એક કકડો લીધો અને તે વડે "મારો ચપ્પુ મોકલો" એવા શબ્દ જે સફેદ પત્થર ત્યાં પડયો હતો તેના પર તેણે લખ્યા પછી તેણે ભીલને કહ્યું, મારે ઘેર મારી સ્ત્રી પાસે મારે માટે આ પત્થર લઇ જઇશ અને તે તને આપે તે તું મને લાવી આપશે? ભીલે પૂછ્યું, મારે તે બાઇને શું કહેવું? તે બ્રાહ્મણે જવાબ આપ્યો, કાંઇ પણ કહેતો નહિ. મારે જે જોઇએ છે તે તે પત્થર કહેશે, ભીલે કહ્યું, શું પત્થર વાત કરી શકે છે? બ્રાહ્મણે કહ્યું, હા, ભીલે કાંઇ વધારે કહ્યું નહિ, પણ પત્થર લીધો અને તે લઇને દોડી ગયો. તે થોડીવારમાં ઝુંપડીએ પહોંચ્યો, તે બ્રાહ્મણની સ્ત્રીને સલામ કરી અને તેને પત્થર આપ્યો. તેણે પોતાના ધણીના અક્ષર ઓળખ્યા, ચપ્પુ લીધો અને તેને આપ્યો. તેણે કહ્યું ડાકટર માગે છે તે આ વસ્તુ છે એ તમે કેમ જાણ્યું? તે સ્ત્રીએ જવાબ આપ્યો કે મને પત્થરે કહ્યું. તે ભીલ આશ્ચર્ય પામ્યો. તે ચપ્પુ તે બ્રાહ્મણ પાસે લઇ ગયો અને પછી પોતાના ગામમાં દોડતો ગયો અને પોતાના મિત્રોને કહ્યું. તેઓ બોલી ઉઠ્યા, જુઓ આપણો બ્રાહ્મણ કેવો ડાહ્યો છે! તે પત્થર પાસે વાત કરાવે છે.

૨૨. લાકડીનો ભારો.

એક ભલો, ઘરડો માણસ ઘણો દિલગીર હતો, કારણ કે અગરજો તેને ત્રણ જબરા છોકરા હતા, તોપણ અફસોસ! તેઓ એક બીજાને ધિક્કારતા હતા. દરેક પોતાના ભાઇ સાથે રોજ લડતો તેને લાગ્યું કે જ્યાં સુધી હું તેઓના કજીઆ બંધ પાડીશ નહિ ત્યાં સુધી હું શાંતિમાં રહી શકીશ નહિ, એક દિવસ તેણે ચાકર પાસે કેટલીક લાકડીઓ મંગાવી અને તેને એકઠી કરી દોરીથી જાડી ભારી બંધાવી. તે પથારીમાં સુતો, કારણ કે તે માંદો હતો. પછી પોતાના છોકરાને પોતાની પથારીની આસપાસ બોલાવ્યા અને પોતાના મોટા

છોકરાને કહ્યું, હે મારા દીકરા, આ લાકડીઓ ભાંગવાને પ્રયત્ન કર. તેણે પ્રયત્ન કર્યો પણ તેમ કરી શકાયું નહિ. બીજાએ પ્રયત્ન કર્યો અને પછી ત્રીજાએ. મારા સાંભળવા પ્રમાણે દરેકે પોતાથી બન્યું એટલું જોર કીધું. તેઓએ ઘણા જોરથી ખૂબ ખેંચતાણ કરી પણ ફોગટ. એ ખુલ્લું (સ્પષ્ટ) હતું કે તેઓ લાકડી ભાંગી શકયા નહિ. પછી બાપે કહ્યું, છોકરાઓ, ઉતાવળ કરો. તમારામાંનો દરેક અકેક લાકડી ભાંગો. શબ્દો બોલાયા કે તરતજ દરેક લાકડીના ભાંગીને ટુકડે ટુકડા થયા. બાપ બોલી ઉઠયા "સંપ ત્યાં જંપ." જ્યાંસુધી તમે એક બીજાની મદદે ઊભા રહેશો, એક બીજાનો ખભો અડકે એમ, હાથ સાથે હાથ મેળવીને ઉભા રહેશો ત્યાંસુધી કોઇ તમને ઇજા કરી શકશે નહિ, તમને નુકસાન કરી શકશે નહિ. એકઠાં હશો તો તમે સહીસલામત છો, તમે સહીસલામત અને મજબુત રહેશો, પણ જો એકવાર છુટા પડશો તો તમે જમીન પર પડશો (નિર્બળ થશો).

૨૩. ગીધ અને બિલાડી.

ગંગાના કિનારાપર એક વખત એક મોટું વડનું ઝાડ હતું કે જે ઘણા પક્ષીઓનું રહેઠાણ હતું. થડ પોલું હતું, અને તેમાં એક ઘરડો ગીધ કે જેણે એક વખત સારો કાળ જોયો હતો તે રહેતો હતો. હવે તે ઘરડો ને નબળો થયો હતો, તેના નખ ગળી ગયા હતા અને તે આંધળા જેવો હતો, તે હવે ઉડી શકતો નહિ અને વળી પોતાના દરની બહાર ડાળી પર બેસવાનું તેને અઘરૂં લાગતું. તેનું નામ ગ્રેહેડ (સફેદ માથું) હતું. જે પક્ષીઓ ઝાડમાં રહેતા હતા તે તેને જાણતા હતા; કારણકે તેમાંના કોઇ પણ કરતાં તે વધારે મોટી ઉમરનો હતો. તેઓને તેની દયા આવતી અને દરરોજ તેને ખાવા માટે તેઓ ખોરાક લાવતા, અને આ રીતે તે ગુજરાન ચલાવતો. તેના બદલામાં ગીધ તે પક્ષીઓના માળાની તપાસ રાખતો. અગર જો તે ઘરડો અને અશક્ત હતો તોપણ તે એટલા મોટા કદનો અને એવો વિકળ અને ભયંકર

હતો કે જ્યાં સુધી તે ત્યાં હોય ત્યાં સુધી કોઇ બાજ કે સમડી કે બીજું શિકારી પક્ષી તે માળામાંથી કોઇ નાના પક્ષીને લઇ જવાની હિમ્મત કરતું નહિ. ઘરડાં પક્ષીઓ ખોરાક શોધવાને ઉડી જતાં, અને પોતાના માળા બેધડક ગ્રેહેડના હવાલામાં સોંપી જતાં. એક દિવસ જ્યારે સઘળાં પક્ષીઓ બહાર ગયાં હતાં, ત્યારે (લૉંગ ઇઅર્સ) લંબકર્ણ નામની એક બિલાડી ઝાડની આસપાસ શિકારને માટે ભમતી આવી. તેણે ગીધ પક્ષી કે જેને વિષે તેણે કદી સાંભળ્યું નહોતું તેને જોયું નહિ, અને તેથી તે પક્ષી શોધવાને ઝાડ પર ચઢી, કારણ કે બિલાડીઓ નાના પક્ષી તેમજ ઉંદર ખાઇને રહે છે. જ્યારે નાના પક્ષીઓએ બિલાડીને જોઇ ત્યારે તેઓ બીધા, અને એટલે મોટેથી ચીં ચીં કરી કે ઘરડો ગ્રેહેડ જે પક્ષીઓને બેસવાના વાંસ ઉપર ઝોકાં ખાતો હતો તે તેના અવાજથી જાગી ઉઠયો. ગીધ બોલ્યો, એ કોણ આવ્યું રે? જ્યારે લંબકર્ણ (નામની) બિલાડીએ તેને સાંભળ્યો, ત્યારે તે ચમકી ઉઠી. તેણે ઉંચે જોયું અને જ્યારે તે મોટા વિક્રાળ દેખાવના પક્ષીને જોયું ત્યારે તે ધ્રુજી, અને વિચાર્યું કે મારૂં મોત આવી ચુકયું. તે ઉડી શકી નહિ તેથી તેણે વિચાર્યું કે નરમાશ ભરેલા શબ્દ અને ખુશામત શું કરે છે તે હું જોઉં. તેણે નમ્રતાથી કહ્યું, મારા મહેરબાન, સલામ. ગીધે કરડાકીથી કહ્યું, તું કોણ છે? લંબકર્ણ બિલાડીએ નરમાશથી કહ્યું, હું એક બિલાડી છું. ગભરાવતો હોય એવા અવાજે ગ્રેહેડે કહ્યું, બિલાડી, રસ્તો પકડ, નહિ તો હું તને મારી નાંખીશ. બિલાડીએ આંખો નીચી રાખીને જવાબ દીધો. મારા મહેરબાન હું મરવાને તૈયાર છું, પણ પહેલ વહેલાં મહેરબાની કરીને મારે જે કહેવું છે તે તમે સાંભળો. ગીધે પૂછ્યું, તારે અહિં શું જોઇએ છે? તું મારા ઝાડમાં અહિં સુધી કેમ આવી? બિલાડીએ કહ્યું. મારા શબ્દો લક્ષપૂર્વક સાંભળવાની મહેરબાની કરો. હું આ પવિત્ર નદીના કિનારા પર રહું છું અને પવિત્ર બ્રાહ્મણની માફક અપવાસ કરૂં છું. જેમ બીજી બિલાડીઓ ખાય છે તેમ હું માંસ ખાતી નથી. જ્યારે મને મળી શકે ત્યારે મારો

ખોરાક મુઠીભર ચોખા અને થોડું દુધ છે. હું આખો દિવસ શાસ્ત્રનાં પુસ્તકો વાંચું છું. જે ઝાડ નીચે હું રહું છું તે ઝાડમાં જે પક્ષીઓ આવે છે તે મને કહે છે કે તું ભલી છે ને ડાહી છે અને દરેક બાબત જાણે છે. તેઓ કહે છે કે તું તારી ડાળી ઉપર બેસીને તારો વખત ધ્યાનમાં ગાળે છે. તેથી સાહેબ, મને ધર્મશાસ્ત્ર શિખવવા તમારી આગળ વિનંતી કરવાને હું અહીં આવી છું. શાસ્ત્રમાં એવું નથી કહ્યું કે, અતિથીઓ તરફ માયાળુ થવું એ વ્યાજબી છે? પરોણાને મારી નાંખવો એ પરોણાચાકરી કરનારને માટે વાજબી છે? એક ગરીબ અતિથીને આવકાર આપવો એ શું વાજબી નથી? ગ્રેહેડે જવાબ દીધો, આ બધું સાચે સાચું છે, પણ આ ઝાડ નાનાં પક્ષીઓથી ભરેલું છે અને બિલાડી પક્ષીઓને મારી નાંખે છે. એ કારણથી મેં તને જવાનું કહ્યું. લંબકર્ણે બિલાડીએ કહ્યું, મારા મહેરબાન, મને માફ કરો. હું એક ભલી અને પવિત્ર બિલાડી છું. હું કોઇને ઇજા કરતી નથી. હું ધર્મશાસ્ત્રનાં પુસ્તકોના નિયમો પ્રમાણે વર્તું છું. જો મને શિખવવાનો તમને વખત ન હોય તો આ ઝાડ ઉપર તમારી પાસે તમારા દરના એક ખુણામાં મહેરબાની કરીને મને રહેવા દો. આપણે બંનેને માટે પુષ્કળ જગ્યા છે. હું કાંઇ નહી તો ઘડી ઘડી તમારા મ્હોં તરફ જોઇશ અને તમારાં કૃત્યો પરથી ડહાપણ શિખીશ (લઇશ). જેઓ જ્ઞાનીઓની સોબતમાં પોતાનો વખત ગાળે છે, તેઓ જાતે જ્ઞાની બની જાય છે. જ્યારે ઘરડા ગીધે તેને આ બધું કહેતાં સાંભળ્યું ત્યારે ત્યારે તે ખુશી થયો. તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિ, પણ ફરીથી એક વાર ઝોકું ખાઇ ગયો. પછી બિલાડીએ ઝાડમાં દરના એક ખુણામાં પોતાનું રહેઠાણ કર્યું. દરરોજ જ્યારે ઘરડાં પક્ષી જતાં અને ગીધ ઉંઘતો ત્યારે તે કેટલાંક નાના પક્ષી ચોરી લેતી. તે એક પક્ષી અહીંથી અને એક ત્યાંથી લેતી કે જેથી તેઓ બધાં સામટાં ગુમ ન થઇ જાય. પણ થોડા દિવસમાં માળા ખાલી થવા લાગ્યા. ઘરડાં પક્ષીઓએ પોતાનાં બચ્ચાં ખોયાં. એક રાત્રે જ્યારે તેઓ પાછાં આવ્યાં ત્યારે તેઓએ એક સભા ભરી,

અને એવો ઠરાવ કરવામાં આવ્યો કે બીજે દહાડે સવારે બારીકીથી તપાસ ચલાવવી. જે કહેવામાં આવ્યું તે બિલાડીએ સાંભળ્યું અને રાતને વખતે તે ગીધના દરમાંથી ચુપકીથી સટકી ગઇ અને નાસી ગઇ. બીજે દિવસ સવારે અજવાળું થયું કે તરતજ પક્ષીઓએ આખા ઝાડ ઉપર તપાસ કરી. આખરે તેઓ ગીધના દર પાસે આવી પહોંચ્યા અને ત્યાં એક ખુણામાં પોતાનાં બચ્ચાનાં હાડકાં તેઓને માલમ પડયાં. તેઓએ કહ્યું, ગીધે આપણને દગો દીધો છે! તેણે આપણાં બચ્ચાં ખાધાં છે. તેઓ એક સામટા તેની પર તુટી પડયાં ને ચાંચ ઘોંચી ઘોંચીને તેઓએ તેને મારી નાખ્યું. તેણે મરતી વખતે કહ્યું, એક અજાણ્યાના ખુશામત ભરેલા અને દગા ભરેલા શબ્દો સાંભળવાથી આવું પરિણામ નીપજે છે.

૨૪. "ચાલો" અને "જાઓ" વચ્ચે તફાવત.

અમુક ગામમાં એક વખત શંકરરાવ કરીને એક વતનદાર—જાગીરદાર રહેતો હતો. તેના બાપે રાજાની સારી નોકરી બજાવી હતી તેથી રાજાએ તેને વગર ગણોતે જમીનનો એક મોટો કકડો આપ્યો હતો. શંકરરાવ બેવકુફ અને બેફિકરો જુવાન માણસ હતો. તેણે પોતાની જમીન ખેડવાને ચાકરો ભાડે રાખ્યા અને કદી તેમના પર ધ્યાન આપ્યું નહિ. તે ઘરમાં સુસ્ત રીતે પડી રહેતો અને તેનો બાપ જે પૈસા મુકી ગયો હતો તે સઘળા તેણે થોડીવારમાં ખરચી નાખ્યાં, કારણ કે તેને જાતે મોજમઝા કરવાનુંજ ભાન હતું. ચાર વરસમાં તે ભારે કરજમાં આવી પડયો. જે શાહુકારે તેને પૈસા ધીર્યા હતા તેણે તેને એટલો બધો હેરાન કર્યો, કે આખરે પોતાનું દેવું પતાવી દેવાને તેણે પોતાની અડધી જમીન વેચી નાંખી. બીજી અડધી જમીન શીવાપ્પા નામના ખેડુતને તેણે ગણોતે આપી, કારણ કે પોતે જાતે તે ખેડીને કાંઈ નફો મેળવી શકયો નહિ. શીવાપ્પા ઉદ્યોગી અને ડાહ્યો માણસ હતો. તે દરરોજ જાતે ખેતરમાં જતો અને એક ચાકરની મદદથી જમીન ખેડતો. તે

તેમાં સારી રીતે ખાતર પૂરતો અને સારાં બી વાવતો. જે પાક તે લણતો હતો તેની કીંમત પોતે ગણોત ભરતો તે કરતાં ચોગણી ઉપજતી હતી. તેણે આ પૈસામાંથી ઘણો ભાગ બચાવ્યો, કારણ કે પોતાને માટે તે ઘણું થોડું ખરચતો. તેની જરૂરીઆતો ઘણી થોડી હતી અને તે સાદી જીંદગી ગુજારતો. પાંચ વરસમાં તેણે પૈસાની મોટી રકમ બચાવી હતી. એક સવારે શંકરરાવ પોતાના ટટ્ટુપર બેઠો, કારણ કે તેને કાંઇ કામ હતું, અને જે ખેતરો તેણે ગણોતે આપ્યાં હતાં ત્યાં થઇને ચાલ્યો. શીવાપ્પાએ તેને પાસે થઇને જતો જોયો, અને તેની સાથે વાત કરવાને ખેતરની વાડ આગળ ગયો. તેણે કહ્યું, સાહેબ, મેં સાંભળ્યું છે કે આ ખેતરો તમે વેચી નાંખવા ઇચ્છો છો, જો એમ હોય તો તે હું ખુશીથી વેચાતા લઇશ. બીજો કોઇ જેટલા પૈસા આપશે તેટલા હું તમને આપીશ. તે મને લેવા દો.

વતનદાર આશ્ચર્ય પામ્યો અને કહ્યું, તેં મારી પાસેથી જેટલી જમીન ગણોતે લીધી તેનાથી બમણી જમીનનો હું માલીક હતો. મારે કાંઇ ગણોત ભરવું પડતું નહિ, તો પણ હું દેવામાં ડુબી ગયો - અને મારી અડધી મિલકત મેં ગુમાવી. મારી પાસે જે હતી તેમાંની અડધી માત્ર તમારી પાસે છે. તમે મને ગણોત ભરો છો અને છતાં તે ખરીદવાને પાંચ વરસમાં તમે પુરતું બચાવ્યું છે એ કેમ બન્યું? શીવાપ્પાએ જવાબ આપ્યો, સાહેબ, તેનું કારણ માત્ર બે શબ્દોમાંજ રહ્યું છે. તમે કહ્યું, જાઓ, મેં કહ્યું, આવો. શંકરરાવે કહ્યું, તું શું કહેવા માગે છે? મેં કોને જવાનું કહ્યું, અને તમે કોને આવવાનું કહ્યું? શીવાપ્પાએ કહ્યું, તમે તમારા ચાકરને જઇને ખેતર ખેડવાનું કહ્યું. તમે જાતે ત્યાં કદી ગયા નહિ. જ્યારે તેઓએ જોયું કે આપણી પછવાડે કોઇ ખબર રાખતું નથી ત્યારે તે ફક્ત અડધુંજ કામ કરતા. તમે ઘરમાં કાંઇ કામ કર્યા વગર બેસી રહેતા અને પાછલે પહોરે સુઇ જતા. મારે માટે પુછો તો હું સવારમાં વહેલો ઉઠું છું. હું મારા ચાકરોને 'મારી સાથે ચાલો' એમ કહું છું. હું પહેલો જાઉં છું અને તે

મારી પાછળ આવે છે. તમે તેને હમણાં ખેડતાં જુઓ છો. સૂર્ય ઉગ્યો ત્યારથી હમે સખત મજુરી કરીએ છીએ. હું તેની સાથે સાથે કામ કરૂં છું અને 'આ કર, ને પેલું કર' એમ કહું છું. જ્યાં સુધી હું ખેતર છોડીને જાઉં નહિ ત્યાં સુધી તે કદી છોડતો નથી. હમે આખો દિવસ સખત મહેનત કરીએ છીએ, અને રાત્રે પાછા આવીએ છીએ. હું શાથી નફો મેળવું છું અને તમે મેળવતા નથી તેનું કારણ આ છે.

૨૫. ઍન્ડ્રોકિલસ અને સિંહ.-ભાગ ૧ લો.

ઘણા પ્રાચીનકાળમાં જ્યારે બળિયાના બે ભાગ હતા ત્યારે મનુષ્યો એક બીજા તરફ ઘણા ઘાતકી હતા; અને ઘણા પૈસાદાર માણસો પોતાના (વધારે) ગરીબ ભાઇઓને ગુલામ બનાવતા. ગુલામની જીંદગી ઘણીવાર દુઃખથી ભરેલી હતી. તેને ઘર કે મિત્ર કોઇ નહોતું. અને ઘણાં ગુલામ જ્યારે તેમની જીંદગી અને તેમનાં દુઃખનો અંત આવતો અને તેમની આંખો હમેશને માટે બંધ થતી (તે મરી જતા) ત્યારે હદપાર ખુશી થતા. ઍન્ડ્રોકિલસ નામના એક ભાગ્યહીન ગુલામને એક ઘણો ઘાતકી શેઠ હતો. તેનું કરેલું કંઇપણ તેને ગમતું નહિ. કામ વધારે જલદી કરવાને તેને માર મારવામાં આવતો. તેણે કામ કર્યા કર્યું અને આખરે એક દિવસ પોતાની જીંદગીથી છેક કંટાળી જઇને તે નાસી ગયો, અને જંગલના ઝાડોમાં સંતાઇ ગયો. ઘણી ઝાડીમાં અને ખીણોમાં થઇને અને જંગલી પશુઓની ઘણી ગુફાઓ પસાર કરીને પોતાના જાતિભાઇઓ પાસેથી એકાંત ઘટાવાળા વધારે ને વધારે ઉંડાણમાં તે નાસી ગયો. સુજેલા પગવાળા અને બેભાન થયલા તેને એક ગુફા માલમ પડી, જેમાં થાકીને લોથ થયેલો તે જમીનપર પડી ગયો અને એમ ઇચ્છયું કે હમેશને માટે હું અહિં ઉંઘી જાઉં (હું અહીં મરણ પામું.) સાંભળો, તે શું સાંભળે છે? એક દુઃખની બુમ! તે બેસે છે ને સાંભળે છે. તે ફરીથી સાંભળે છે. તે ક્યાંથી આવે છે? તે ગરીબ ગુલામે વિચાર કર્યો કે ગુફામાં કોઇ દુઃખ પામે છે. તે ગમે તે હશે

તો પણ જો મારાથી બનશે તો હું મદદ કરીશ. કદાચ દરદ અને દુઃખથી મરવા પડેલો મારા જેવો કોઇ ગરીબ ગુલામ હશે. ગુફા ઉંડી હતી, અજવાળું ઝાંખું હતું, જે બુમ મારી પાસે આવી તે શું હશે? દરદથી વારે વારે બુમ પાડતો, કુતરાની માફક બરાડતો, વિલાપ કરતો અવાજ જમીનમાંથી બહાર નીકળતો જણાયો. તે બહાદુર માયાળુ અંતઃકરણવાળો ગુલામ તે ગુફામાંથી સીધો ને સીધો આગળ ગયો પણ બેબાકળો ગભરાટમાં તે પાછો વળ્યો. અંધારામાંથી બે આંખો પ્રકાશી! તે ઉભો રહ્યો કે તરતજ ચંદ્રમાંના અજવાળાનું કીરણ અંદર પ્રકાશ્યું; તેણે જોયું કે રસ્તામાં એક સિંહ પડેલો છે. તે નાસી જવાને ફર્યો, ઠોકર ખાધી અને પડયો, અને મોત પાસે દેખાયું, પોતે જાગ્રત થયો–અને ફરીથી દુઃખની ધીમી અને દયામણી દરદની બુમ તેણે સાંભળી. તેણે સ્પષ્ટ રીતે જોયું કે જંગલનો રાજા એક ઘાયલ થયલો પંજો ઉંચે ધરી રહ્યો છે; તેમાં તીણો અને ઘાતકી કાંટો પેસી ગયો છે, તે સુજી ગયો છે ને ચીરાઇ ગયો છે. તેણે પોતાના ઘુંટણપર તેનો પંજો લીધો અને જોવાને તેને અજવાળામાં ધર્યો. સંભાળપૂર્વક તપાસ કરીને તેણે કાંટો શોધી કાઢયો, તેણે તેને બહાર ખેંચી કાઢયો, જ્યારે તેના પગને ધોઇને તેણે સાફ કર્યો ત્યારે તેણે તેના પગે પાંદડાં બાંધ્યા. તે આભારી સિંહ બોલી શકયો નહિ! તેણે તેનો હાથ ચાટયો, અને તેના ગાલ ઘસ્યા. એ પ્રમાણે વરસાદ પવન અને હવાથી રક્ષણ કરાયલા તેઓ સાથે ગુફામાં રહેતા. દરરોજ સિંહ કેટલુંક માંસ લાવતો અને તે માણસને તે આપતો.

ભાગ બીજો.

આખરે તેઓનું સારૂં નસીબ તેમને છોડી ગયું. (તેઓ દુઃખી થયા). ગુલામોને શોધી કાઢનારા આવ્યા અને તેમને પકડયા. નાસી ગયલા ગુલામને તેઓ બેડી પહેરાવીને લાવ્યા. સઘળા ન્યાયાધીશે કહ્યું, એણે મરવું જોઇએ. તે પોતાના શેઠ પાસેથી નાસી ગયો–એ મોટું દુષ્ટ

પાપ ! પણ શા માટે તે નાસી ગયો હતો એ કોઇએ પુછ્યું નાં
તેમાંના એકે કહ્યું, ઉમદા પ્રાણીને ખોરાક વગર થોડા દિવસ રાં
પછી મિજબાની માટે ગુલામને તેની આગળ ફેંકો. બીજા સઘળા
બુમ પાડીને કહ્યું, એ સારી વાત છે ! એ પ્રમાણે એક દિવસ મુક
કરવામાં આવ્યો અને રાજાને ખબર આપવામાં આવી. તે પોતા
દરબારીઓ સાથે બહાદુર સિંહથી તે માણસને મરાયલો જોવાને આવ
તેઓએ વિચાર્યું કે તે જોવા લાયક ખેલ થશે. રેતીવાળી જમીન
મોતની શિક્ષા પામેલો તે માણસ એકલો ઉભો રહ્યો, પછી સૌ
બહાદુર માણસના (પણ) હોંસકોસ ઉડાવી નાખે એવી ભયંકર ગર્જ
બંધ કરેલા બારણાની પાછળ સંભળાઇ. રહેજવાર બારે દરવાજા ઉઘડ
જમીન ઉપર એકલા ઉભા રહેલા માણસની બાજુએ ભૂખ્યો સિ
ફાળ મારીને ધસારો કરતો અને ઉઘાડું મ્હોં રાખીને કુદકો મારે
પણ જુઓ ! અરે જુઓ ! બધાં આશ્ચર્યથી જુએ છે. મેઘ ગર્જ
જેવી બુમ વધારે સંભળાતી નથી; સિંહ એક મેંઢા જેવો થયો
તે માણસના પગ આગળ નીચે પડે છે, અને અડધી મીંચેલી આંખ
ધીમેથી બિલાડીના જેવો ખુશીનો અવાજ કરે છે, અને તે માણ
સિંહના માથા પર એક હાથ રાખીને બીજે હથે રાજાને સલામ :
અને કહ્યું, આ મારો પહેલો અને એકનો એક મિત્ર છે, અમ
મિત્રાચારી જીંદગી પુરી થતાંજ પુરી થશે. જ્યારે રાજાએ વાર્તા સાંભ
ત્યારે તેણે એકદમ કહ્યું, ઍન્ડ્રોક્લિસ અને તેનો સિંહ હમેશને માટે છુટા

૨૬. વાંદરો અને ફાચર.

બિહાર દેશમાં જમીનનો એક ખાલી કકડો હતો. તે બે ગામડ
વચ્ચે આવ્યો હતો, અને એક ભક્તિમાન વેપારીએ ત્યાં દહેરૂં બાંધવ
વિચાર કર્યો. તેણે પોતાના મનમાં કહ્યું, મારા પૈસા ખર્ચવાનો અ
કરતાં કોઇ વધારે સારો માર્ગ હોઇ શકે નહિ. મારે છોકરાં નથી ર
મારી સ્ત્રી ઘણા વખત ઉપર મરણ પામી. મારી દોલતનું શું કં

તે હું જાણુતો નથી. હું એક દહેરૂં બાંધીશ. તેથી વેપારીએ પોતે કહ્યું તેમ કર્યું. ત્યાં આખો દિવસ ઘણા કડીઆ, સલાટો અને સુતારો કામ કરતા હતા. બપોરે તેઓ કામ બંધ કરતા અને પોતાનો ખોરાક ખાવાને જતા. કેટલાક એક ગામ જતા ને કેટલાક બીજે ગામ જતા. એક દિવસ હમેશની માફક સઘળા કારીગરો પોતાનું ખાવાનું ખાવાને ગયા. તેઓએ પોતાના ઓજારો આમતેમ પડેલાં રહેવા દીધાં. સુતારોએ જમીનપર લાકડાંની મોટી ગંડેરી રહેવા દીધી હતી. તેઓ તેને વહેરીને ભારોટિયાં ને પાટિયાં બનાવતા હતા. લાકડાંની ગંડેરી અડધી વહેરાયલી હતી અને તેને ખુલ્લી રાખવાને ફાટમાં એક ફાચર ઠોકી હતી, કારીગરો તે જગા છોડીને ગયા પછી થોડા વખત પછી પાસેના ઝાડોમાં જે વાંદરા રહેતા હતા તેનું એક ટોળું શું થાય છે તે જોવાને નીચે આવ્યું. એક વાંદરાએ કુવાડો ઉંચક્યો અને તે તપાસીને જોયો. બીજાએ કરવત લીધી અને તેનાપર હાથ ફેરવ્યો. ત્રીજા વાંદરાએ ઘણી સાવચેતીથી એક વિંધણું તપાસ્યું. ચોથાએ એક હથોડો તે ખાવા માટે સારો છે કે નહિ તે જોવાને સુંઘ્યો. ટોળામાંનો સૌથી મોટો વાંદરો લાકડાની પેલી ગંડેરી ઉપર કુદી પડ્યો અને ફાચર જોઇ. તે શું છે અને શા માટે તે ત્યાં મુકેલી છે, એ તે સમજી શક્યો નહી. તે તેને અડક્યો અને આંગળી ફેરવી અને બીજા વાંદરાને પોતાની બોલીમાં કહ્યું. પોતાની વાંદર ભાષામાં પોતે જે ધારતો હતો તે તેણે તેમને કહ્યું. તે બોલી ઉઠ્યો, બેશક આ કાંઇ બહુ મજાનું છે. બીજી ચીજો જમીનપર આમતેમ પડેલી રાખી મુકવામાં આવી છે. પણ આ અહિં ઘણી સંભાળથી મુકેલું છે કે જેથી કરીને આપણે તે મેળવી શકીએ નહિ. બીજા વાંદરાઓએ કહ્યું, ખેંચી કાઢો, ખેંચી કાઢો, અને આપણે સઘળા તે જોઇએ. પછી મોટો વાંદરો જે ટોળાંનો આગેવાન હતો તેણે ફરી ફરીને પ્રયત્ન કર્યો, ખેંચી પણ ફાચર નીકળી શકી નહિ. પછી તે ફાચર ઉપર ફાટમાં પોતાના પાછલા પગપર ઉભો રહ્યો અને પોતાના સઘળા જોરથી તેને આંચકા માર્યા. ફાચર નીકળી

ગઇ પણ ફાટ બંધ થઇ ગઇ ને વાંદરાને જોરથી ચગદી નાંખ્યો. તેના પગ અને તેની પુંછડી ચગદાઇ ગયાં અને ગરીબ વાંદરો તરતજ મરી ગયો. સુતારોએ મુએલા વાંદરાને જોયો ત્યારે તેઓએ કહ્યું, અતિશય આતુરતાને લીધે આવું પરિણામ આવ્યું. વાંદરાએ પોતાનાં ઝાડ અને ફળની સાથેજ લેવા દેવા રાખવી જોઇતી હતી, અને જે કામની સાથે તેને કાંઈ સંબંધ નહોતો, તેમાં માથું ઘાલવાનો પ્રયત્ન કરવો જોઇતો નહોતો.

૨૭ છોકરો વૉશિંગ્ટન.

એક વખત છ વર્ષની ઉમરનો એક નાનો છોકરો હતો જેનું નામ જ્યોર્જ વૉશિંગ્ટન હતું. તેના બાપે તેને તેના જન્મ દિવસે એક નાની કુવાડી આપી. જ્યૅાર્જ પાસે પહેલાં કુવાડી નહોતી અને તેથી તે ઘણો ખુશી થયો. જ્યારે તે દિવસે તે નિશાળે ગયો, ત્યારે તેની નવી કુવાડી શિવાય બીજો કાંઇ વિચાર તેને આવ્યો નહિ. નિશાળનો વખત પુરો થયો કે તરતજ તે ઘણી ઝડપથી ઘેર દોડતો આવ્યો અને પોતાની કુવાડી જોવાને લીધી. તે કેવી ચળકતી છે! તેની ધાર કેવી તીણી દેખાય છે! અને કેવો સુંદર લાકડાનો હાથો છે! તેણે પોતાના મનમાં કહ્યું, આ કુવાડીથી કોઇ પણ વસ્તુ કપાશે. તે કોઇ ચીજપર મારે અજમાવવી જોઇએ. પછી તે નાનો છોકરો વાડીમાં દોડતો ગયો. ત્યાં તેણે નાનું ઝાડ જોયું અને પોતાની કુવાડી વડે તેને કાપવા મંડયો. તરત એણે આસપાસની બધી છાલ પોતે પહોંચી શકયો એટલે ઉંચે સુધી, પોતે ઝાડને મારી નાંખે છે એવું જાણ્યા વગર, કાપી નાંખી. પછી તે પાછો ઘરમાં ગયો ને (પોતાનું ભોજન) જમ્યો. જમ્યા પછી તેના બાપ વાડીમાં ગયા; ત્યાં તેણે બધી છાલ કાપી નાંખેલી અને જમીન પર પડેલી એવું ઝાડ જોયું. તે ઘણો ગુસ્સે થયો. તેણે મોટેથી બુમ પાડીને કહ્યું, આ કોણે કર્યું છે? તેનો નાનો છોકરો જે તેની પછવાડે વાડીમાં ગયો હતો તે પાસે

ધ્રુજતો ઉભો રહ્યો. તેના બાપે તેને જોયો અને કહ્યું, આ કોણે કર્યું છે તે તું જાણે છે? તે છોકરાએ એકદમ કહ્યું, :પિતાજી, હું જુઠું કહી શકતો નથી, મેં મારી નવી કુવાડીથી છાલ કાપી નાંખી છે. તેના બાપે શું કર્યું તે વિશે તમે શું ધારો છો? શું તેણે તે નાના છોકરાને માર્યો? ના, તેણે તેને પોતાની બાથમાં લીધો ને તેને બચી કરી તેણે કહ્યું, મારા દીકરા, તેં સાચું કહ્યું તેથી હું ખુશી થયો છું. મારા છોકરાને જુઠું બોલતાં સાંભળું તે કરતાં મારી વાડીના બધાં ઝાડો ગુમાવવાનું હું પસંદ કરૂં છું. જર્યોર્જ મોટો થયો ત્યારે તે બહાદુર અને ઉમદા માણસ થયો. સઘળા માણસો તેનો વિશ્વાસ કરતા. તે લશ્કરનો સરદાર થયો અને પોતાના દેશ અમેરિકામાં તે સૌથી મોટો માણસ થયો. તેને વિશે એવું કહેવાતું હતું કે તે લડાઈમાં પહેલે નંબરે સલાહમાં પહેલે નંબરે અને દેશી ભાઇઓનાં અંતઃકરણમાં પહેલે નંબરે હતો.

૨૮. દરેકને ખુશ કરવાની કોશિશ કરવી.

એક બાપ અને છોકરો એકવાર પોતાની સાથે એક ગધેડો લઇને મેળામાં તે વેચવાની આશાથી જતા હતા. તેઓ નીકળ્યા પછી તરતજ તેઓ હસતી અને વાત કરતી છોકરીઓનાં એક ટોળાં પાસે આવી પહોંચ્યા. તે છોકરીઓએ મોટેથી બુમ પાડીને કહ્યું, તે છોકરો મૂર્ખ છે (કારણ) કે તે ગધેડાની બાજુએ ચાલે છે; તે બહુ સહેલાઇથી સ્વાર થઇ શકે. બાપે કહ્યું, મારા દીકરા, કદાચ તેઓ ખરા છે, તેની પીઠપર કુદીને હમણાં ચઢી બેસ અને ખાત્રીથી તેને મજબુત પકડી રાખજે! ઘરડા માણસનું ટોળું જ્યારે તેમની પાસેથી ગયું ત્યારે તે બોલી ઉઠયું, ત્યાં જુઓ! અરે ત્યાં જુઓ! આ જમાનામાં શુ બને છે તે જુઓ! છોકરાંઓ પોતાના મનમાં આવે તેજ કર્યાં જાય છે. હમણાં ઘરડાં ચાલે છે કે જેથી જુવાન માણસો સ્વારી કરે. બાપે કહ્યું, મારા દીકરા, ઉતરી પડ ને ચાલ, હું ખરેખર તેમને વાત કરત

સાંભળવાનું સહન કરી શકતો નથી. તેથી બાપ અને દીકરાને બદલી નાંખેલી જગ્યાએ આપણે જોઇએ છીએ, અને છોકરો તદન આનંદથી ચાલે છે. જ્યારે તેઓ શહેર પાસે આવી પહોંચે છે ત્યારે એક મા (ઘરડી સ્ત્રી) આવે છે, તે તેમને જુએ છે ને દયા ખાઇને પોતાનું ઘરડું માથું હલાવે છે, અરે ઘરડા આળસુ માણસ, તારો બિચારો નાનો છોકરો તારી બાજુએ રગસ રગસ ચાલે ને તું સ્વારી કરે એ શું યોગ્ય છે? મારા દીકરા પાછળ ચઢી બેસ, જો આથી જનારા લોકો ખુશી થતા હોય તો આપણે તેવો પ્રયત્ન કરીએ. તે છોકરો ચઢયો અને પાછળ બેઠો અને હવે બંનેએ શાંતિની આશા રાખી. શહેર પાસે તેઓ ગયા ત્યારે તેઓને એક જુવાન માણસ મળ્યો, જેણે બુરકીને કહ્યું. તમે જે પ્રાણી ઉપર સ્વારી કરો છો તે તમારૂં પોતાનું છે? માણસે કહ્યું. હા સાહેબ, ખચિત, અમે મેળામાં જઇએ છીએ. મારે કહેવું જોઇએ અને જે સાચું છે તે હું કહું છું કે તે તમને ઉંચકી લઇ જાય તે કરતાં તમે એને ઉંચકી લઇ જાઓ તે વધારે સારૂં છે. તે માણસે કહ્યું. વારૂ, વારૂ, આપણે માત્ર કોશિશ કરી શકીએ; ચાલો હું ને તું તેને ઉંચકી લઇ જઇએ. એક લાંબો વાંસ જે વળી નહિ જાય એવો હતો તે તેમને જડયો અને તેઓ ગધેડાના પગ મજબુત બાંધે છે. તેઓની વચ્ચે તેઓ તેને લે છે, દરેક જણ છેડો ઉપાડે છે. અને ખરેખર તે એક હાસ્યજનક દેખાવ હતો. પૂલ ઉપર એક સાંકડે રસ્તે તેઓ આવ્યા. ટાળું મોટું હતું તેથી તેઓ ભાગ્યેજ ચાલી શકયા. તે દિવસે એક ગાડું અને બે બળદ પસાર થતાં હતાં. તેઓએ ગરીબ ગધેડાને દિવાલની સામે ધકકો માર્યો અને જે દોરડું તેને બાંધ્યું હતું તે ઓચિંતી લાતથી તુટી ગયું અને તે પાણીમાં ડુબી ગયો. તે ઘાતકી નદીએ તેને લીધો અને તે કિનારે પહોંચી શકે તે પહેલાં તેને ડુબાડી દીધો, અને પેલા ઘરડા માણસે દીલગીરીથી પોતાના છોકરાને કહ્યું. જેઓ બધાને ખુશ રાખવાને પ્રયત્ન કરે છે તેઓ કોઇને પણ ખુશી કરી શકે નહિ એ નકકી છે.

૨૯. ધોબીનો ગધેડો.

બનારસમાં એક ધોબી રહેતો હતો જે નદીમાં લુગડાં ધોઇને પોતાનું ગુજરાન ચલાવતો હતો. તે આખો દિવસ કામ કરતો અને રાત્રે ઘેર આવતો. તે સવારમાં મેલાં કપડાંનો ગાંસડો બાંધતો અને ગાંસડો પોતાના ગધેડા પર મૂકતો. તે ગધેડો તે ગાંસડાને નદીએ લઇ જતો. અને જ્યારે તેનો શેઠ પોતાનું કામ કરતો ત્યારે તે આખો દિવસ ખેતરમાં આમતેમ ચરતો. સાંજે સ્વચ્છ લુગડાંનો ગાંસડો ધોબીને ઘેર પાછો લાવતો, અને રખેને તે રાતમાં નાસી જાય તેથી ઘરની પછવાડે વાડામાં એક ઝાડ સાથે તેને બાંધવામાં આવતો. વાડામાં એક કુતરો પણ હતો જે છૂટો હતો. ઘરની તપાસ રાખવાની અને ચોરોને દૂર રાખવાની તેની ફરજ હતી. એક રાત્રે જ્યારે ધોબી પોતાના દિવસનાં કામથી થાકી જઇને ઘસઘસાટ ઉંઘતો હતો ત્યારે એક ચોર વાડાની દિવાલ ઉપર ચઢ્યો. કુતરો કે જે એક ખૂણામાં શાંત પડી રહ્યો હતો તેને તેણે જોયો નહિ. તેણે ગધેડાને ઝાડ સાથે બાંધેલો જોયો, પણ તેની દરકાર કરી નહિ, કારણ કે તે સારી રીતે જાણતો હતો કે ગધેડા ભસી કે કરડી શકતા નથી. તે ઘરમાં દાખલ થયો, અને કેટલોક સામાન લઇ જવા માંડ્યો. તે ચોર જે કરતો હતો તે તે ગધેડાએ જોયું અને કુતરાને બુમ પાડી કહ્યું, શા માટે તું આ ચોરને પકડતો નથી અથવા કંઇ નહિ તો ભસીને આપણા શેઠને જગાડતો નથી ? કુતરાએ જવાબ દીધો, મારા મિત્ર, એ કાંઇ તારૂં કામ નથી, મને એકલાને મારૂં કામ કરવા દે. ગાંસડો ઉંચકી જવાની તારી ફરજ છે. હું જાણું છું કે ઘરની ચોકી કરવી ને શેઠને જગાડવો એ મારી ફરજ છે. પણ કોઇ ચોર આગાઉ ઘરમાં કદી દાખલ થયો નથી તેથી આપણા શેઠ ધારે છે કે હું તદ્દન નકામો છું. તે ધારે છે કે હું કાંઇ ઉપયોગનો નથી. તે મને ઘણું થોડું ખાવાનું આપે છે. ખરેખર આજે તેણે મને બિલકુલ ખાવાનું આપ્યું નહિ. જ્યારે તે કાંઇ ખોશે ત્યારે મારી ચાકરીની બરાબર કદર કરતાં શીખશે, અને કદાચ ત્યારથી તે મને નિયમિત રીતે ખવડાવશે.

ગધેડાએ કહ્યું, અરે ઘાતકી નીચ કુતરા, તારા શેઠ સાથે વર્તવાની આ રીત છે? કુતરાએ જવાબ દીધો, અરે મૂર્ખ ગધેડા. મારા શેઠે મારી સાથે શું આ રીતે વર્તવું જોઇએ? પછી તે ગધેડો ખામોશ રાખી શકયો નહિ. તેણે મોટેથી કહ્યું, કંઇ નહિ તો મારા શેઠને જગાડવાની કોશિશ કરીશ, હું સુસ્તીથી અહિં ઉભો રહી શકતો નથી, અને મારી નજર આગળ તે લૂંટાય તે હું જોઇ શકતો નથી. તેણે કહ્યું કે તરતજ તે બને તેટલા જોરથી ભુંકયો જ્યારે ચોરે અવાજ સાંભળ્યો ત્યારે તે નાસી ગયો અને દિવાલ ઉપર ચઢી ગયો. ધોબી ચોંકી ઉઠયો, અને બહાર દોડયો પણ કોઇને દીઠો નહિ. તે ગધેડા તરફ ગુસ્સાથી ફર્યો અને પોતાને અડચણ કરવા માટે તે ગધેડો મરણતોલ થઇ ગયો ત્યાં સુધી જે લાકડી તેના હાથમાં હતી તે વડે તેને માર્યો, જ્યારે તે પાછો ગયો ત્યારે કુતરાએ કહ્યું, જે બાબતમાં તારે લેવા દેવા નથી તેમાં વચ્ચે પડવાથી તને આવું ફળ મળે છે. ગધેડાએ દિલગીરીથી કહ્યું, હા, મારી મતલબ (ઇચ્છા) સારી હતી, પણ ભવિષ્યમાં હું મારા પોતાનાં કામ પર ધ્યાન આપીશ.

૩૦. સિંહનો હિસ્સો.

એક દિવસ એક સિંહ, એક શિયાળ અને લોંકડી શિકાર કરવાને ગયા, અને તેઓ નીકળ્યા તે અગાઉ સિંહે બીજાને આમ કહ્યું, મારા મિત્રો, આપણે પાછા આવીએ કે તરતજ જેને આપણે પકડીશું તેને ત્રણ સરખા ભાગમાં વહેંચી લઇશું. શું તમે તે વાજબી ધારતા નથી? લોંકડી અને શિયાળ બંનેએ કબુલ કીધું અને કહ્યું, તમે કેવા માયાળુ ને ભલા છો? તેઓથી જે પકડવાનું બની શકે તે પકડવાને પછી તેઓ ચાલ્યા ગયા. લીલા જંગલમાં તમે હરણનો શિકાર કરો, તમે તેની પાછળ આખો દિવસ જાઓ. પણ જો તમે લુચ્ચા, ઝડપી ને જોરાવર નહિ હો તો તમે તેને કદી પકડી શકશો નહિ. શિયાળ જોઇએ તેવું લુચ્ચું હતું, અને સિંહ ઘણો જોરાવર હતો, નાની લોંકડી દોડવામાં

ઝડપી હતી, અને તેથી તેઓએ બહુ વખત વીત્યા પહેલાં (થોડીવારમાં) એક હરણ પકડીને મારી નાંખ્યું. અને તે જાડું સુંદર સાબર હતું! અને બીજા બેએ વિચાર્યું કે સિંહ તેને કાપીને ત્રણ ભાગ પાડશે. સિંહે ઉભા થઇને કહ્યું, બેશક, તમારી મહેનત પછી તમે ભૂખ્યા થયા છો, તેથી મારા મિત્રો, મને તમે એમ કરવા દો તો હું હવે તે લૂંટના ભાગ પાડીશ. તેણે કહ્યું, પહેલો હિસ્સો મારો છે, કારણ કે હું પશુઓનો રાજા છું અલબત તમે જાણો છો કે જ્યારે રાજા સાહેબ મિજબાની આપે છે ત્યારે તે નિયમ પળાય છે. તેની આંખમાં ઝેર ભરાયું અને તેની પૂંછડી એક બાજુએથી બીજી બાજુએ હાલવા લાગી. બીજો હિસ્સો મારો છે, કારણ કે સાબર મેંજ મારી નાંખ્યું છે. એક હિસ્સો રહ્યો છે અને હું જાણું છું કે જો હું તે તમને આપી દઉં તો તમે કજીઓ કરો, તમે કજીઓ કરો તે જોવાનું મને ગમતું નથી, તેથી ત્રીજો હિસ્સો પણ હું લઇશ. થાકી ગયલા, ભૂખ્યા અને દિલગીર થયેલા શિયાળ લોકડી ચાલ્યાં ગયાં; અને સિંહે ઘણુંજ ખાધું અને તેથી તે બીજેજ દિવસે મરી ગયો. હોશિયાર થવું એ સારૂં છે, ઝડપી થવું એ સારૂં છે, જોરાવર થવું એ સારૂં છે-પણ હું વિશ્વાસ રાખું છું કે, તમે મારી સાથે કબુલ થશો કે, તમે ગમે તે હો તોપણ ન્યાયી થવું એ સૌથી સારૂં છે.

૩૧ અર્ધો નફો.

એક ઉમરાવ દરિયા કિનારાથી ઘણે દૂર એક મહેલમાં રહેતો હતો. તે પોતાની દીકરીના લગ્નનું જમણ આપવાનો હતો, તેણે પોતાનાં ઘણા મિત્રો ને સગાં વહાલાંને આમંત્રણ મોકલ્યાં હતાં અને ઘણી ધામધુમ કરી હતી. માંસ પુષ્કળ હતું, મિજબાની માટે દરેક જાતનાં શાકભાજી ને મેવો હતો; પણ માછલી મળી નહોતી, કારણ કે દરિયો ઘણો તોફાની હતો. પરંતુ મિજબાનીની તેજ સવારે એક ગરીબ માછી એક ઘણી સુંદર મોટી માછલી લઇને મહેલમાં આવ્યો. ઘરમાં

બહુ આનંદ થયો અને તે માછીને એક મોટો ઓરડો જ્યાં તે ઉમરાવ બેઠો હતો ત્યાં તેની માછલી સાથે લાવવામાં આવ્યો. તે ઉમરાવે કહ્યું, ખરેખર આ એક સુંદર માછલી છે, તારી નક્કી કીંમત કહે, તને તરતજ તે આપવામાં આવશે. આ મારી દીકરીના લગ્નનો દિવસ છે, તેથી હું તને એવી ભેટ આપીશ કે જે તને તારી જીંદગીમાં અગાઉ કદી મળી નહિ હોય હમે બધા જેને માટે તલપાપડ થઇ રહ્યા હતા તે તું અમારે માટે લાવ્યો છે. આ માછલીનું તું શું લઇશ.? માછીએ જવાબ દીધો, મારા મહેરબાન, એક આનો પણ નહિ. હું પૈસો લઇશ નહિ. મારી ખુલ્લી પીઠ પર એકસો ફટકાનો માર એ મારી માછલીની કીંમત છે. હું એક ફટકો ઓછો લઇશ નહિ. ઉમરાવ અને તેના ચાકરોએ જ્યારે આ વિચિત્ર માગણી સાંભળી, ત્યારે તેઓ ઘણા અજાયબ થયા. તેઓએ તે માછીને તેના નિશ્ચયમાંથી ફેરવવાનો પ્રયત્ન કર્યો પણ ફોગટ. આખરે તે ઉમરાવે કહ્યું, આ માણસને અજાયબ જેવો તરંગ છે, પણ આપણે તો માછલી જોઇએ છે. તેથી આસ્તેથી ફટકા મારજો અને હમારી રૂબરૂમાં કીંમત આપો. પચાસ ફટકા મળ્યા પછી તે માછીએ કહ્યું, અટકો, અટકો, આ કામમાં મારે એક ભાગીદાર છે, અને એ ખરૂં જ છે કે તેને તેનો ભાગ મળવો જોઇએ. ઉમરાવે કહ્યું અરે દુનિઆમાં આવા બે મૂર્ખ છે? તે ક્યાં મળશે? તેનું નામ દો અને તેને એકદમ બોલાવવામાં આવશે. માછીએ કહ્યું, તમારે તેને માટે દૂર જવું નહિ પડે તમે તેને તમારા પોતાના દરવાજા આગળ જોશો. તે તમારો દરવાન છે. મારી માછલીને માટે મને જે મળે તેનો અર્ધો ભાગ મારે તેને આપવો એવું વચન મેં તેને આપ્યું નહિ ત્યાંસુધી તેણે મને આવવા દીધો નહિ. ઉમરાવે કહ્યું, અરે, અરે! તેને એકદમ લાવો, તેને ઉચિત તેના પંચાસ ફટકા મળવા જોઇએ. પછી દરવાનને લાવવામાં આવ્યો અને સાટાનો તેનો ભાગ લેવાની તેને ફરજ પડી. પછી તેને ઉમરાવની નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો અને માછીને એક મોટી બક્ષિસ આપવામાં આવી.

૩૨. શિયાળ અને કાગડી.

એક લુચ્ચા ઘરડા શિયાળે કહ્યું, હું ભૂખ્યું છું. હું ભૂખ્યું છું. હું શાંત બેસી શકતું નથી, પણ આજે હું કેવી રીતે ખાઇશ, અને મારૂં પેટ ભરીને જમીશ? હમણાં હું કાંઇ ખાવાનું જોતું નથી. જાડી મરઘી પકડવાનું હું બહુ પસંદ કરૂં? પછી તે ચત્તોપાટ થઇને પડયું, અને પોતાની ગુફામાંથી બહાર આવ્યું, અને તે દૂર ગયું. હવાને સુંઘી, અને તેણે આમ તેમ જોયું, કારણ કે શિયાળ લુચ્ચું હોય છે અને પોતે શું ખાય છે તેની દરકાર કરતું નથી તેથી તે જાડું બને છે. અને હવામાંના પક્ષીઓ અને ખાબોચિયાંની માછલીઓને છેતરવાનું અને તેમની મજાક કરવાનું તે પસંદ કરે છે. હવે જ્યારે તે સુંઘતો ને ચારે પગે કુદતો જતો હતો ત્યારે તેણે એક ઝાડમાં એક નાની કાગડી જોઇ. કાગડી કા, કા, કરી શકે છે પણ તે ગીત ગાઇ શકતી નથી, તે તમે જાણો છો, તેમ હું જાણું છું અને તે જાણે છે. અને તેણે પોતાની ચાંચમાં પનીરનો એક સુંદર કકડો પકડયો હતો. શિયાળે પોતાના મનને કહ્યું, જો તારી મરજી હોય તો હું લઇશ. પછી તે ઉભો રહે છે, અને ઉંચે જુએ છે, અને પોતાની છાતી ઉપર પોતાનો પંજો મૂકીને નીચે વળીને સલામ કરે છે. અને તે પ્રમાણિક, સાદું અને નમ્ર જણાવાને યત્ન કરે છે, અને જેવું તે પોતાની નજર ઉંચે કરે છે તેવું પોતે કેટલું ખુશી થયું છે તે બતાવવાનો યત્ન કરે છે. શિયાળ ઘણું યુક્તિબાજ હોય છે! તે ઘણું લુચ્ચું હોય છે! અને તેણે બિચારી કાગડીને છેતરી કેમકે તે મૂર્ખ હતી! તેણે કહ્યું, મેં કદી તે રાણીને જોઇ નથી, અને જુઓ! મને કહેવામાં આવ્યું તે કરતાં તે વધારે સુંદર છે. તેની આંખ કેવી ચળકે છે! તેની પાંખ કેવી તેજદાર છે! તેનાં પીંછા કેવાં લીસાં છે! મને ખાત્રી છે કે તે ગાઇ શકે. સઘળા પશુ અને પક્ષીઓ એક ગીત–તેના હોઠમાંના એક મધુર ગીતની માગણી કરે છે–ભલે તે લાંબું ન હોય. જ્યારે તેણે જે કહ્યું તે તે મૂર્ખ કાગડીએ સાંભળ્યું, ત્યારે તેના અગાઉ કદી વખાણ

થયા નહોતા એવી તે મગરૂરીથી ઉભી અને પોતાનું માથું પાછું ફેંક્યું. પોતે ઘણી મગરૂર બની અને બહુ મોટેથી કા કા કર્યું. શિયાળના પગ આગળ પનીર નીચે પડી ગયું, તેણે કહ્યું, કાંઇ ખાવાનું આપવા માટે હું તમારો આભાર માનું છું. મારી રાણીનો ઘણો મધુર અવાજ છે અને તેની આંખો ઘણી તેજસ્વી છે! એ કેવી દિલગીરીની વાત છે કે તેનામાં ડહાપણ નથી! અને તમે જે આ નાની વાત વાંચો તે પરથી ધડો લેવાને ચુકતા નહિ. જ્યારે કોઇ તમારી ખુશામત કરે, ત્યારે, જો તમારી મરજી હોય તો, શિયાળ, કાગડી અને તેના પનીરના કકડા વિષે વિચાર કરજો.

૩૩. સિંહ અને ઘરડું સસલું.

વિંધ્યાચળ પર્વતના એક જંગલમાં એક વખત ફીયર્સ-હાર્ટ (ક્રુર અંતઃકરણ) નામનો એક સિંહ રહેતો હતો; ને તે દેશમાં બધા પશુઓનો રાજા હતો, તે વખતે તે રાજ્ય કરતો હતો કારણકે તે સઘળાં પ્રાણી કરતાં જોરાવર હતો. જ્યારે તે રાજા થયો ત્યારે કોઇએ તેનો રાજ્યાભિષેક કર્યો નહોતો, તેની પોતાની મોટી ગર્જનાએ તેને રાજા તરીકે જાહેર કર્યો હતો, કારણ કે તેના પડઘા તેના રાજ્ય-જંગલમાં બધે ગાજી રહેતા. જ્યારે ફીયર્સ હાર્ટ ગર્જના કરતો, ત્યારે હાથી સિવાય દરેક પ્રાણી જે તે સાંભળતું તેને તેની ધાસ્તી લાગતી, કેમકે તે એટલો મોટો હતો કે તે કોઇની દરકાર રાખતો નહી. પછી ફીયર્સ હાર્ટ તેમાંના એકની પાછળ જતો, તેને મારી નાંખતો, ને પોતાના ભોજન તરીકે ખાઇ જતો. એક દિવસ તે હરણને મારતો. બીજે દિવસે જંગલી ભુંડને મારતો અને એ પ્રમાણે કરતો. દરરોજ કોઇ પ્રાણી મારતો ને ખાઇ જતો. એક મોટું પ્રાણી એક વખતના ભોજન માટે બસ થતું, પણ તે સિંહ ઘણીવાર કેટલાંક નાનાં પ્રાણીને મારતો, કારણ કે એક તેની ભૂખ શાંત કરવા પૂરતું નહોતું. આખરે પ્રાણીઓ એટલાં ગભરાયાં કે તેમાંનું કોઇ જંગલમાં કોઈ ઠેકાણે ચરી શકતું નહીં. દરેક જણ સિંહની ગર્જના માટે ધ્યાન આપતું.

અથવા તે આવે છે કે નહિ તે જોવાને ઝાડોની આસપાસ જોતું. એક ક્ષણ માટે પોતે સહીસલામત છે એવું કોઇને લાગતું નહિ. આખરે એક દિવસ જે સઘળાં પ્રાણીઓ જીવતાં રહ્યાં હતા તેઓએ સભા ભરી. સિંહ ત્યાં આવ્યો તે પહેલાં જેવી રીતે તેઓ સહીસલામતીમાં ચરતાં હતાં તેવી રીતે ચરી શકે એવી કાઇ યુકિત શોધી કાઢવાનો તેઓએ પ્રયત્ન કર્યો. એકે આમ કહ્યું, બીજાએ તેમ કહ્યું. આખરે શિયાળની સલાહથી નીચેના શબ્દોવાળો એક કાગળ તેઓએ સિંહને લખ્યો:- મારા મહેરબાન,-જો તમે દરરોજ અમારામાંના આટલા બધાને મારશો તો હમારામાંથી કોઇ બાકી રહેશે નહિ અને તમે ભૂખે મરશો. જો આપની મરજી હોય તો અમારી સંખ્યામાંથી એકને હમે પોતે દરરોજ મોકલીશું અથી તમને શિકારની સઘળી મહેનત બચી જશે અને હમે પણ હમારી જીંદગી શાન્તિમાં અને સહીસલામતીમાં ગુજારીશું, અને તમારૂં રાજ્ય શરૂ થયું તે પહેલાં જેવી રીતે હમે હમારો હંમેશનો ખોરાક ખાતાં હતાં તેમ ખાવને શકિતવાન થઇશું. આનો સિંહે જવાબ દીધો, બહુ સારૂં, એમ થવા દો, પણ જે પશુ તમે મોકલો તેણે સૂર્ય અસ્ત પામે તે વખતેજ આવવું જોઇએ અને મોડું નહિ. જ્યારે આ ગોઠવણ થઇ ત્યારે પશુઓ દરરોજ ચિઠ્ઠિ નાખતા અને જે પ્રાણીના નામની ચિઠ્ઠિ આવે તે પોતાની ખુશીથી સિંહ પાસે જતું અને તે સિંહ આ પ્રમાણે નિયમિત રીતે જમતો. એક દિવસ સિંહનો ખોરાક થવાનો વારો એક ઘરડાં સસલાનો આવ્યો. તેને જવું પડયું, પણ જેવો તે જતો હતો તેવામાં પોતાના મનમાં તેણે વિચાર કર્યો, કોઇપણ રીતે મારે મરવું જોઇએ, પણ મારે ઉતાવળ કરવાની જરૂર નથી. મારાથી બને તટલું ધીમે હું મારા મરણ (કાળ) પાસે જઇશ. તેથી તે ઘણું ધીમે ગયું અને જે વખતે તે સિંહની ગુફા પાસે પહોંચ્યું તે વખતે સૂર્ય અસ્ત પામ્યો હતો. સિંહ ઘણો ભૂખ્યો થયો હતો, કારણ કે છેલ્લા એક બે દિવસ થયાં તેને ઘણાં નાનાં પ્રાણીઓ મોકલવામાં આવ્યાં હતાં. તે આમતેમ પોતાની પુંછડી બાજુએ અફાળતો

અને ગુસ્સાથી બરાડનો ફરતો હતો. જ્યારે તેણે સસલાને આવતું જોયું ત્યારે તેણે ગર્જના કરીને કહ્યું, મને રાહ જોવડાવવાની તને કેમ હિંમત આવી ? તું મોડો કેમ આવ્યો ? સસલાએ જવાબ દીધો, સાહેબ, એમાં મારો વાંક નથી, રસ્તામાં મને એક બીજો સિંહ મળ્યો જે મને ખાવાની ઇચ્છા રાખતો હતો. પણ પહેલાં તમને કહેવા દેવાને વાસ્તે તમારી પાસે આવવાને મેં તેને વિનંતિ કરી, નહિ તો તમે એવું ધારો કે બીજાં પશુઓ જેણે મને મોકલ્યો તે પોતાનું વચન તોડે છે. તેણે મારી પાસે એવું વચન લીધું કે જ્યારે હું તમને કહી રહું ત્યારે મારે પાછા જવું. જ્યારે સિંહે આ સાંભળ્યું ત્યારે તે ઘણોજ ગુસ્સે થયો. તેણે કહ્યું, આગળ ચાલ, આ બહાદુર સિંહ કયાં રહે છે તે જગા મને બતાવ. શું તે મારા પોતાના રાજ્યમાં મારૂં અપમાન કરવાની હિંમત કરે છે ? સસલું એકદમ ચાલ્યું. જ્યાંસુધી એક ઉંડા કુવા પાસે તે આવ્યું ત્યાંસુધી તે તેને લઇ ગયું ને અટક્યું. અહિંઆ મેં તેને મૂકયો હતો. તેણે ધીમેથી કાનમાં કહ્યું, પોતાનું ખાણું લીધા પહેલાં ત્યાં તે પાણી પીએ છે. સિંહે દાંત કચકચાવીને કહ્યું, તે મને બતાવ. સસલાએ કહ્યું, અહિં અંદર જુઓ. સિંહે જોયું અને પાણીમાં ભયંકર જણાય તેવા ઝનુની અને ગુસ્સે થયેલા બીજા સિંહનું માથું જોયું. જેને પોતે જોયો તે પોતેજ છે એમ તેણે જાણ્યું નહિ. ગુસ્સામાં તે કુવામાં નીચે કુદી પડયો, પાણી ઉંડું હતું અને તે ડુબી ગયો. આ રીતે ચાલાક નાના સસલાએ પોતાની જીંદગી બચાવી, અને જંગલના બીજાં પશુઓને તેમના દુશ્મન ફીયર્સ હાર્ટથી બચાવ્યાં.

૩૪. જે શિયાળે પોતાની પુંછડી ગુમાવી હતી તે.

અફસોસ ! અફસોસ ! મેં મારી પુંછડી ગુમાવી છે. તે વગર હું શું કરીશ ? હું ડુસકાં ખાઉં છું અને હાયવોય કરૂં છું અને મારા ગાલ ફિક્કા પડી જાય છે ! એમાં કાંઇ શક નથી ! હું જ્યારે લડવાનું બતાવવા ઇચ્છતો ત્યારે તે મારી પીઠપર વાંકી વળતી, જ્યારે ટાઢ

પડતી ત્યારે તે મારા નાકને ઢાંકતી, જ્યારે મને ગભરામણ થતી અથવા હું મૂર્ખ જણાતું ત્યારે મારા પગ વચ્ચે તે મજબુત રીતે ઘાલી દેતું. હુ જાણું છું કે દરેક નાનું શિયાળ કેવી રીતે મોટેથી હસશે, અને મારી મજાક કરશે! કારણ કે હંમેશાં હું ટોળાંને છોડી દઇ શકતું નથી; મારે કોઇ વખત મારૂં મોઢું બતાવવું જોઇએ! પણ શું કરવું એ ગુપ્ત વાત છે! પુંછડી વગરના શિઆળ તરીકે ઇતિહાસમાં હંમેશાં ઓળખાવાથી સૌથી બહાદુર ફિક્કા પડી જાય છે. તેથી પોતાની પીઠ ઝાડ તરફ રાખીને તે નીચે બેઠું. જે યુક્તિથી ટોળાંના બાકીના પણ પોતાની પુંછડી કપાવી નાંખે એવી કોઇ યુક્તિ શોધી કાઢવા તે યત્ન કરે છે. તે શિયાળને એકઠા બોલાવે છે, તેઓ સઘળા હારબંધ બેસે છે. જ્યારે તે પોતે જાણે છે એવો ડોળ કરીને મોટેથી બોલે છે ત્યારે શાંતિ જળવાય છે. વહાલા મિત્રો, જ્યારે હું કહેવાને હિંમત કરૂં છું કે દુનિયા અસલ હતી તેવી હાલ નથી, દરરોજ ફેરફાર થાય છે. ત્યારે હું ધારૂં છું તમે સઘળા મારી સાથે મળતા થશો. ચાલો આપણે બદલાઇએ! જ્યારે બીજા આટલી ઝડપથી આગળ વધે છે ત્યારે આપણે આજે બેઠાજ રહીશું? હું કહું છું કે એજ જુની રીતે ચાલવું એમ બતાવશે કે આપણે ઘરડાં અથવા માંદા છીએ! હવે–તમે જાણો છો કે આપણી પુંછડી આપણને આડી આવે છે, હું વિનંતી કરીને કહેવાની રજા લઉં છું કે જ્યારે વાઘ ને દીપડા બહાર હોય છે ત્યારે આમતેમ લઇ જવાને તે ભારે ને અગવડ ભરેલી છે. ટુંકામાં–પણ અહિંઆ તે ઉધરસ ખાવા મંડયો, તેનો ઘાંટો ઘોઘરો (જાડો) હતો ને તે ઘણો જાડો હતો–મારા મિત્રો, હું દરખાસ્ત કરૂં છું કે આપણે તેને કાપી નાંખીએ, તમારે બધાને કબુલ છે? એક ઘરડું શિઆળ પોતે જાણતો હોય તેમ આંખનો પલકારો કરીને ઉઠયું, અને શાંત અને દઢ અવાજથી કહ્યું, તમે જો તમારી પુંછડી કયારની ગુમાવી ન હોત, તો હું ધારતું નથી કે તમે અમારી પુંછડી કાપી નાખવાનું કહેત.

તમે સલાહ લો તે પહેલાં આપનારે તે શા માટે આપી છે

તેનું કારણ પ્રથમ શોધી કાઢવાનો પ્રયત્ન કરો. વળી (તમારી જાતને) આ પણ પુછો કે તે (સલાહ) તેને લાભકારક થશે કે તમને ?

૩૫. સેનાપતિ વૉશિંગ્ટન.

તમે જ્યૉર્જ વૉશિંગ્ટન વિષે એક વાર્તા સાંભળી છે, અને જ્યારે તે ૭ વર્ષનો નાનો છોકરો હતો ત્યારે તેણે પોતાના બાપને કેવી રીતે સાચું કહ્યું તે વિષે સાંભળ્યું છે. તે સત્યવાદી હતો એટલુંજ નહિ પણ ઘણો માયાળુ અને હંમેશાં બીજાને મદદ કરવાને ખુશી હતો. એક વખત તે મોટો સેનાપતિ થયો ત્યારપછી એક દિવસ તે સેનાપતિના પોષાકમાં નહિ પણ એક સાધારણ ગૃહસ્થ માણસ તરીકે ઘોડે બેસીને જતો હતો. કિનારા સુધી એક ભારે પાટડો ઉંચકવાનો પ્રયત્ન કરતાં કેટલાક સિપાઇને તેણે જોયા. તેમને હુકમ આપતો નાયક કે ઉતરતી પદવીનો અમલદાર તેમની સાથે હતો. વોશિંગ્ટન કોણ છે તે તેઓ જાણતા નહોતા. પાટડો ઘણો ભારે હતો અને જો કે બધા સિપાઈઓએ ઘણી મહેનત કરી તોપણ તેઓ તેને ઉંચકી શકયા નહિ. તેઓને મદદ કરવા એક વધારે બીજા માણસની જરૂર હતી. એમ છતાં નાયકે બિલકુલ મદદ કરી નહિ. તેણે ધાર્યું કે હું એવો મોટો માણસ છું કે તેમ કરી શકું નહિ. ઉંચકો ! ઉંચકો ! તેને ધકકો મારો ! તેને ખેંચો ! તેને ઉંચકો ! એમ બોલવાનું તેણે જારી રાખ્યું. પછી વોશિંગ્ટને તેને કહ્યું તમે શા માટે પાટડો પકડતા નથી, અને માણસોને મદદ કરતા નથી ? નાયક સામો થયો ને જાણે પોતે બાદશાહ હોય તેમ કહ્યું, સાહેબ ! હું કોણ છું તે તમે જાણો છો ? હું નાયક છું ! વોશિંગટને જવાબ દીધો, કૉરપોરલ સાહેબ, હું તમારી માફ માગું છું, મેં જાણ્યું નહિ કે આપ આવા મોટા માણસ હશો. પછી તે પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતર્યો, પોતાનો ડગલો કાઢી નાંખ્યો, ને પોતાના બધા જોરથી પાટડાને ખેંચ્યો. તેની મદદથી સિપાઇઓ તેને કિનારા સુધી ઉંચકી ગયા. નાયકે ચુપકીથી જોયા કર્યું પણ મદદ આપી નહિ. પછી તેણે

પોતાનો ડગલો પહેર્યો, ફરીથી ઘોડા ઉપર બેઠો, અને કહ્યું, કૉરપોરલ સાહેબ, બીજી વખત તમારે સખત કામ કરવાનું હોય અને જોઇએ તેટલા માણસ ન હોય તો મને બોલાવજો. હું તમારો સેનાપતિ છું. કૉરપોરલને લાગ્યું કે જાણે હું શરમથી જમીનમાં સમાઇ જાઉં. તેનાથી એક શબ્દ પણ બોલાયો નહિં.

૩૬. બે બકરાં-ભાગ ૧લો. મૂર્ખ ઘરડાં બકરા.

પહાડને રસ્તે એક સવારે પ્રકાશમાં બે બકરા ફરવા ગયા, એકની પુંછડી ટુંકી ને સફેદ હતી, બીજાની પુંછડી કાળી હતી. રસ્તાઓ ઘણા હતા; કયો રસ્તો સૌથી વધારે ફાવશે તે બંનેમાંનો એક જરા પણ જાણતો નહોતો; તેથી ધોળી પુંછડીવાળો બકરો પૂર્વમાં અને કાળી પૂંછડીવાળો બકરો પશ્ચિમમાં ગયો. જંગલમાં એક ઝરાના કિનારા ઉપર તે મળ્યા અને તે ઉભા રહ્યા ને એક બીજા તરફ જોયું, કાળી પુંછડીવાળો બકરો એક કિનારા પર ઉભો, અને ધોળી પુંછડીવાળો બીજા કિનારા ઊપર ઉભો. પૂલ ફકત એક લાકડાનું પાટિયું હતું ને વળી તે ઘણું સાંકડું હતું, જો પોતાનાથી બની શકે તો દરેકને પહેલાં ઓળંગી જવા ઇચ્છા હતી, અને તેમ કરવાને દરેકે પ્રયત્ન કર્યો. સફેદ પુંછડીવાળા બકરાએ કહ્યું, જો તમારી મરજી હોય તો ત્યાં ઉભા રહો, પણ બીજાએ જવાબમાં કહ્યું શું! એના જેવી પુંછડીવાળા બકરા માટે રાહ જોવી? ના! ના! મારા મિત્ર, હું રાહ નહિ જોઉં. તે બોલ્યો કે તરતજ તેણે પોતાનો એક પગ પાટિયાં ઉપર મૂકયો, બીજાએ પણ તેમજ કીધું. તેણે કહ્યું, જો હું કાળી પુંછડીવાળા બકરા માટે પાછો ફરૂં તો હું શરમથી માર્યો જાઉં! કાળી પુંછડીવાળા બકરાએ કહ્યું, પુલ તારો નથી. બીજાએ કહ્યું, તે ખરૂં હોય, પણ તે એટલુંજ ખરૂં છે-અહિં તે બંને આગળ વધ્યા કે તે તારી માલિકીનો નથી. તેથી પાટિયાંની વચ્ચેનાં ભાગમાં આ બેવકુફ બકરાઓ લડવા મંડયા; અને તેઓ બંને સરી પડયા અને નદીમાં પડયાં ને ડુબી ગયાં.

ભાગ ૨જો. ડાહ્યાં નાનાં બચ્ચાં.

તમે વાંચ્યું છે તે પ્રમાણે હવે જ્યારે આ મૂર્ખ પ્રાણીઓ લડતા હતા ત્યારે એવું બન્યું કે એક ઘરડા બકરાએ દરેક શબ્દ જે તેઓ બોલ્યા તે સાંભળ્યા. અને ઘણાં બચ્ચાંનો બાપ હોવાથી તેણે સવારમાં તે સઘળાંને બોલાવ્યાં, અને મેં તમને હમણાંજ કહી છે તે વાત તેમને ચેતવણી તરીકે ખપ લાગે તે માટે કહી. તેથી બીજાની મૂર્ખાઈ ઉપરથી કેવું સારૂં પરિણામ આવે છે તે જોવાને જો તમારી મરજી હોય તો આ નાના ભાઈઓમાંથી બેને થોડા વખત પર જે બન્યું તે હું તમને કહીશ. બે વખારે સુંદર નાનાં બચ્ચાંને શોધવાં મુશ્કેલ પડશે. તેઓની પુંછડી પાછળ લટકતી તે સિવાય તેઓની પુંછડી વિષે મને કાંઈ યાદ નથી. પેલા મૂર્ખ બકરાની માફક તેઓ ફરવા ગયા. કયે રસ્તે જવું તે બેમાંથી એકે જરા પણ જાણતો નહોતો, તેથી એક પશ્ચિમમાં ગયો ને બીજો પુર્વમાં ગયો. જેમ બીજા બે મળ્યા હતા તેમજ તેઓ પર્વતના ઝરાના કિનારા ઉપર મળ્યા, અને દરેક સલામ કરીને થોભ્યું કારણ કે દરેક ઘણું વિવેકી નાનું બચ્ચું હતું, એકે કહ્યું, તારી પાછળ. બીજાએ કહ્યું, હું વિનંતી કરૂં છું કે તમે મને છેલ્લો જવા દેશો. પછી તેમાંથી દરેકે પણ લીધું કે બીજો બાજુએથી ચાલ્યો જાય ત્યાં સુધી હું બાજુએ ઉભો રહીશ. એકે કહ્યું, વહાલા ભાઈ, કેમકે કોર ઉપર આખો દિવસ ઉભા રહેવાની તેની મરજી નહોતી, પાટીયું એટલું બધું નાનું નથી, હું ધારૂં છું, કે આપણે સાથે ઓળંગી જઈએ. બીજાએ જવાબ દીધો, હું પણ એમ ધારૂં છું. એ ઉપરાંત એ ઘણું સ્પષ્ટ છે કે જો આપણને એમ માલમ પડે કે જવાની જગ્યા નથી તો આપણે બંને ફરીથી પાછા જઈશું. તેથી પાટીયાં પર બંને આગળ વધ્યા, અને તેઓ વચમાં પહોંચ્યા અને માલમ પડ્યું કે જવાની જગ્યા નથી—અને અરે! વહાલા, ફરીને જવાની જગ્યા નહોતી. હવે જો કે તેઓના ચહેરા ધાસ્તીથી ફિક્કા પડી ગયા, તોપણ તેમની રીતભાત હજી સભ્યતા ભરેલી હતી, કારણકે જે બકરાઓએ કજીયો

કરવાનું ને લડવાનું શરૂ કર્યું હતું તે બકરાનાં હાલને તેઓ ભૂલી ગયા નહોતા. આખરે એક બચ્ચાંએ કહ્યું, મેં એક યુક્તિ શોધી કાઢી છે! આપણે સુખચેનમાં અને સહેલાઇથી ઓળંગી જઇએ, કારણ કે જો તારી મરજી હોય તો હું સુઇ જઇશ અને તું મારી પીઠ ઉપર થઇને સહેલાઇથી ચાલી શકીશ. એ પ્રમાણે તેઓએ સ્હેજ વારમાં કર્યું. હવે કાંઇ પણ ધાસ્તી વગર સલામતીથી તેઓ કિનારા ઉપર ઉભા છે, દરેક બીજાને સલામ કરે છે ને કહે છે, વહાલા ભાઇ, મારો અંતઃકરણનો ઉપકાર કબુલ રાખજો.

૩૭ વણકર પક્ષીઓ અને વાંદરાઓ.

એક નાળું જે નર્મદા નદીમાં પડે છે ત્યાં એક વખત શેતુરનું ઝાડ હતું. તેની પાંદડાવાળી ડાળીઓ પાણી ઉપર લટકતી હતી. આ ડાળીઓમાં વણકર પક્ષીના એક ટોળાએ પોતાના માળા બાંધ્યા હતા. તે લટકતા માળા હતા જે ઉંધા વાળેલા (મોઢાં નીચે રાખેલાં) સીસા જેવા દેખાતા હતા. આની અંદરની બાજુએ પાંદડાં અને પીંછા હતાં કે જે નાનાં ઘરોને સુંદર ને ગરમ બનાવતાં, અને તેમાં વણકર પક્ષીઓ સુખે રહેતા. સૂર્યનાં કિરણો તેમને ગરમીથી હેરાન કરવાને અંદર પ્રવેશ કરી શકતા નહિ, અથવા તેમને ભીંજવવાને વરસાદ અંદર પ્રવેશ કરી શકતો નહિ. જુલાઇ મહિનામાં ચોમાસું બેઠું. આકાશ ઘાડાં વાદળાંથી કાળું થયું હતું, અને આખો દિવસ વરસાદ વરસ્યો નાનાં વણકર પક્ષીઓ પોતાના સગવડવાળાં હુંફાળા માળામાં સલામત હતા. વરસાદ તેમને અડકી શકતો નહિ. પાસેના બીજા ઝાડમાં વાંદરાંનું એક ટોળું હતું. તેઓ ભીંજાઇ ગયલા, ઠંડા ને દુઃખી હતા. તેઓ ધ્રુજતા હતા, કાંપતા હતા ને ગરમી પ્રાપ્ત કરવાને એક બીજા સાથે ચંપાઇને બેસતા હતા, તેમને રહેવાને ઘર નહોતાં. ઠંડા વરસાદને દૂર રાખવા (વરસાદથી બચવા) તેઓને માળા નહોતા. પક્ષીઓએ પોતાના માળામાંથી બહાર જોયું અને ધ્રુજતા વાંદરાને જોયા. તેઓ ટી ટી અવાજ કરવા

તથા તેમની તરફ ચીં ચીં કરવા મંડયા. તેઓએ પોતાની પક્ષી ભાષામાં વાંદરાને કહ્યું, જુઓ હમે કેવા ગરમ ને સગવડવાળા છીએ! હમે આ માળા અમારી ચાંચ અને પંજાથી બાંધ્યા. તમને વાંદરાઓને હાથ ને પગ છે. તમે પણ કેમ માળા બાંધતા નથી? જો તમને ઠંડી લાગે છે ને વરસાદમાં ભીંજાઓ છો તો તેમાં તમારી ભૂલ છે. જેઓ આળસુ અને સુસ્ત હોય છે તેઓ સગવડ ભોગવવાની આશા રાખી શકતા નથી. જ્યારે વાંદરાઓએ આ સાંભળ્યું ત્યારે તેઓ જરા પણ ખુશી થયા નહિ. વાંદરાઓ કરે છે તેમ તેઓએ દાંતીયા કર્યા ને ચાચીઆરી કરી તેઓએ કહ્યું, અરે! અરે! તમે અમારી મજાક કરો છો કેમ? તમે હમને સુસ્ત કહો છો! વરસાદ બંધ થાય ત્યાં સુધી સ્હેજ રાહ જુઓ અને હમે તમને ધડો આપીશું. વરસાદ ઉઘડી ગયો કે તરતજ વાંદરાઓ શેતુરના ઝાડપર દોડી ગયા. તેઓએ પોતાના લાંબા હાથ માળામાં ખોસ્યા અને જે ઇંડાં ને પીંછા અંદર હતાં તે ખેંચી કાઢયાં. પછી તેઓએ માળા ખેંચી તોડી કકડે કકડા કરી નાંખ્યાં. પક્ષીઓએ તેમને આવતા જોયા ને નાસી ગયા કારણકે તેઓ ઉડી શકતા હતા. પોતાનાં નાશ પામેલાં ઘર છોડયાં ત્યારે તેઓએ એક બીજાને દિલગીરીથી કહ્યું, આપણે કેવા બેવકુફ કે આપણે વાંદરાની મશ્કરી કરી! જો આપણે વાંદરાની મજાક ન કરી હોત તો તેઓ આપણને છેડત નહિ.

૩૮. ગળીના રંગમાં રંગાઈ ગયેલો શિયાળ.

એક વખત એક ભૂખ્યો શિયાળ કાંઇ ખાવાનું ઉચકી લેવા એક ગામના મહોલ્લામાં છુપાતો ભટકતો હતો. તે કલાકો સુધી ખેતરોમાં ભટકયો હતો અને કાંઇ મળ્યું નહોતું તેણે કહ્યું, હું શહેરમાં જઇશ, કદાચ મને કાંઇ મળશે. સઘળા લોકો ઉંઘે છે. જો હું કુતરાથી બચી જાઉં તો હું સહીસલામત રહીશ. તેથી તે દરેક ખુણામાં નાક ઘાલીને સુંઘતો ગયો. આખરે તે એક રંગરેજ કે જે લુગડાં ભુરાં રંગીને

ગુજરાન ચલાવતો હતો તેના ઘર આગળ આવ્યો. તેના ઘરના પાછલા વાડામાં તેણે ભુરો રંગ ભરેલું લાકડાનું એક મોટું વાસણ મુકયું હતું. વાસણમાં શું છે તે જોવાનો શિયાળે પ્રયત્ન કર્યો. તેનો પગ લપસી ગયો અને તે અંદર પડયો ને ફરીથી બહાર નીકળી શકયો નહિ. ત્યાં તેને આખી રાત થોભવું પડયું. પણ શિયાળ એક લુચ્ચું પ્રાણી છે. જ્યારે તેણે સવારે રંગરેજને આવતો સાંભળ્યો ત્યારે પોતે મરણ પામેલો હોય એવો ઢોંગ કર્યો. રંગરેજને માલમ પડયું કે તે મરી ગયેલા શિયાળ જેવું દેખાય છે. તે તેને જંગલમાં લઇ ગયો અને તેને ફેંકી દીધો. જ્યારે તે ગયો ત્યારે શિયાળ કુદીને ઉભો થયો. તેને માલમ પડયું કે હું માથાથી તે પગ સુધી ભુરો છું. તેણે કહ્યું, રાજાઓ ગળીના રંગના કપડાં પહેરે છે. ખચિત હું રાજા થયો છું. પછી તેણે બીજા શિયાળને ભેગા કીધા અને તેમની આગળ ભાષણ કર્યું. તેણે કહ્યું ગઇ રાત્રે વનદેવે મને વનનો રાજા બનાવ્યો છે. તેણે મારો રંગ બદલીને ગળીના રંગનો કર્યો છે. તે બાદશાહી રંગ છે. હવે પછી મને રાજા ગણીને તમારે મારા હુકમ પાળવા અને મને નજરાણાંને ખાવાને ખોરાક આણી આપવો. બીજા શિયાળો અચંબો પામ્યા. તેઓએ વિચાર્યું કે તે જે કહે છે તે સાચું છે. તે હવે રાજા તરીકે રાજ્ય કરવા લાગ્યો. એ ખબર જંગલમાં ફેલાઇ, અને તેના જેવા કોઇ પણ પ્રાણીને કદી અગાડી જોયો નહોતો તેથી હરણ અને વાઘ પણ તેનો હુકમ માનવા લાગ્યા. આથી તે એટલો અભિમાની થયો કે તે બીજા શિયાળોને બહુ થોડા વખતમાં ધિક્કારવા લાગ્યો, અને પોતાના જુના મિત્રો અને સગાંથી જાણે શરમાતો હોય તેમ તેમની સોબતમાં રહેતો નહિ. ત્યારે શિયાળો ઘણા ગુસ્સે થયા. નાઇટ હાઉલર (નિશાચર) નામના તેઓમાં સૌથી ઘરડા એક ઘણા ડાહ્યા શિયાળે કહ્યું, આ બેશરમ પ્રાણીને મને સોંપી દો. એની વેતરણ કેમ કરવી તે હું જોઇશ. વાઘ અને બીજા પશુઓ ધારે છે કે તે એક રાજા છે, કારણ કે તે ગળીના રંગમાં રંગાયો છે. છતાં પણ આખરે તે માત્ર શિયાળ છે એમ આપણે તેમને

બતાવવું જોઇએ. આપણે જે કરવાનું છે તે આ છે. તે કહે છે કે આજ રાત્રે હું મોટા અંજીરના ઝાડ નીચે દરબાર ભરીશ અને વાઘ આવશે. જેવો તે આવે કે તરતજ આપણે સઘળાએ મોટેથી બુમ પાડવી. રાજા પણ બુમ પાડશે, કારણ કે તેમ કર્યા વગર એને ચાલશે નહિ. ત્યારે વાઘ જોશે–જાણશે–એ પણ એક શિયાળ છે. અને એમજ બન્યું. રાત પડતાં અંજીરના ઝાડ નીચે દરબાર ભરવામાં આવ્યો. જેવો વાઘે દેખાવ દીધો કે તરતજ શિયાળના ટોળાએ જેમ શિયાળો બુમ પાડે છે તેમ બુમ પાડી. જુની ટેવના બળથી રાજાએ પોતાનું મોં ઉઘાડયું, ને તેમાંના કોઇ પણ કરતાં વધારે મોટેથી બુમ પાડી. વાઘે ગર્જના કરી, અરે ! અરે ! એમ તમે માત્ર એક શિયાળજ છો કેમ ? અને તમે આ જંગલના રાજા થવાનો અને જે જગ્યા મારી છે તે લેવાનો ઢોંગ કર્યો ! તારા જેવા ધુતારાને શિક્ષા થવી જોઇએ. પછી તેણે પોતાના પંજાના એક ઝપાટાથી તે ભુરા રાજાને મારી નાખ્યો. જ્યારે તેઓ નાસી ગયા ત્યારે નાઇટ હાકિલરે ટોળાંના બાકીનાને કહ્યું, કેમ થશે તે મેં તમને કહ્યું હતું; જે પોતાના જુના મિત્રોને છોડી દેશે અને જે પદવી વાજબી રીતે પોતાની નહોય તેને પહોંચવાનો પ્રયત્ન કરશે, તે થોડીવારમાં શોકમાં આવી પડશે.

સમાપ્ત.

નોટીસ

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે છપેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે મી. કરસનદાસ નારણદાસ બુકસેલરની દુકાનેથી મળશે.

મેકમીલન ન્યુ રીડર્સ પ્રાઈમર ભાગ બીજાના મીનીંગ (તરજુમા સહીત)	૦–૬–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના ,,	....૦–૮–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના ,,	....૦-૧૧-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના ,,	....૦-૧૩-૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના ,,	....૧–૦–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના ,,	....૧–૪–૦
સંસ્કૃત પ્રીમરની ગાઈડ	....૦-૧૨-૦
નળાખ્યાન સટીક મોદીકૃત	....૧–૨–૦
ધી મીડલ સ્કુલ એરિથમેટીક....	...૧–૦–૦
નેલસન રીડર્સ પ્રાઈમરના મીનીંગ (તરજુમા સહીત)	..૦–૬–૦
નેલસન રીડર્સ નં. ૧ના	....૦-૧૦-૦
,, ,, ૨ના	....૦-૧૩-૦
,, ,, ૩ના	....૧–૪–૦
,, ,, ૪થા	....૧–૪–૦
,, ,, ૫મા	....૧–૪–૦

એ શિવાય બીજી બધી શાળાપયોગી ચોપડીઓ મળશે. જથાબંધ લેનારને સારૂં કમીશન આપવામાં આવશે.

Published by–Balubhai Karsandas Narandas
Book-seller, Nanavat—SURAT.
Printed by–Narayanrao Laxmanrao Nikum at the
SHANKER P. PRESS, Chawta Bridge–SURAT.